بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)


તા. ૦૧-જુલાઈ-૨૦૦૯
રજ્જબુલ મુરજ્જબ-શાબાનુલ મુઅઝ્ઝમ
હિજરી સન : ૧૪૩૦
વર્ષ : ૦૬, અંક : ૦૭, સળંગ અંક : ૬૭



સ્થાપક અને પ્રકાશક
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

પત્ર વ્યવહારનુ સરનામું
બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૫૦૦/- |
| આજીવન | રૂા. | ૩૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ● અનુક્રમણિકા ●


૦૧ અસ્ત પામેલ તમિલ ટાઈગરનું એક અધિક કાળુ પાનું ! ૦૨
૦૨ **ઈસ્લામી લિબાસ અને આજની યુવા પેઢી** ૦૩
૦૩ તફસીરે ઝિયાઉલ કુર્આન ૦૯
૦૪ (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત ૧૧
૦૫ શિફા શરીફ ૧૩
૦૬ કાનૂને શરીઅત ૧૬
૦૭ ઈસ્લામના પ્રચારનો કામયાબ તરીકો કયો ?! ૧૭
૦૮ દા'વત તથા તબ્લીગ઼ હદીષોની રોશનીમાં ૨૦
૦૯ બારગાહે ખ્વાજા ગરીબ નવાઝમાં ઈમામ અહમદ રઝાની હાજરી ૨૪
૧૦ ઈન્સાનની જિંદગીનો હેતુ શું છે ? ૨૯
૧૧ મદ્રસાઓ પર જ ટીકાઓનો નિશાનો કેમ ? ૩૨
૧૨ વાળોને કાળા કરનારાઓ ! સાવધાન ! ૩૫
૧૩ આત્મહત્યાની હકીકત ઈસ્લામી રોશનીમાં ૪૦
૧૪ હુઝૂર તાજુશ્શરીઅહ્નો દૌરાએ શામ ૪૩
૧૫ એક ખૂબસૂરત સ્ત્રી અને હઝરત જુનૈદ બગદાદી ૪૫
૧૬ યુ.કે.માં ૧૪મો વાર્ષિક સુન્ની ઈજતેમા યોજાયો ૪૬
૧૭ બરકાતે ખ્વાજાની ટપાલ ૪૭


### મનકબત : દર શાને ખ્વાજા ગરીબ નવાઝ

અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)

બિગળી મેરી બના દો યા શાહે સંજરી
રંજો અલમ મિટા દો યા શાહે સંજરી

કિત્ના કરમ હૈ મુઝ પર અપના બના લિયે હૈ
કિસ્મત મેરી જગા દો યા શાહે સંજરી

પર હૈ ન પાસ ઝર હૈ બસ આપકી નઝર હૈ
તયબહ્ મુઝે દિખા દો યા શાહે સંજરી

ષાબિત કદમ રહેં હમ આશિક બને રહેં હમ
બિલખૈર ખાતિમા હો યા શાહે સંજરી

ફિર હિંદકી ઝમીં પર ઝાલિમ ઉભર રહે હૈં
તીરે નઝર ચલા દો યા શાહે સંજરી

અર્ઝે ફિલિસ્તીં પર મઝલૂમ હૈં મુસલમાં
ફૌઝે મુબીં અતા હો યા શાહે સંજરી

તહરીકે **સુન્ની દા'વતે ઈસ્લામી**કો હુઝૂર
આલમમેં અબ ચલા દો યા શાહે સંજરી

હુસ્ને અમલસે કાસિર દર પર ખળા હૈ **'શાકિર'**
અપના ઉસે બના લો યા શાહે સંજરી

## અસ્ત પામેલ તમિલ ટાઈગરનું એક અધિક કાળુ પાનું !

★ કાર્યાલય ★

શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ મહિન્દ્રા રાજપાકસેએ L.T.T.E. (લિબરેશન ટાઈગર્સ ઓફ તમિલ ઈલમ) વિરુદ્ધ વિજય મેળવવાની ઘોષણા કરી આપી છે અને તમિલ વ્યાઘ્રોના વડા વેલુપિલ્લાઈ પ્રભાકરનનો તથા તેના પુત્રનો તા. ૧૭–૫–૨૦૦૯ના રોજ ખાત્મો બોલી ગયો છે. L.T.T.E.ની રચના શ્રીલંકામાં તમિલોની સાથે ગવર્નમેન્ટ થકી કરાતા પક્ષપાતપૂર્ણ તથા ઉપેક્ષાજનક વ્યવહારને લીધે થઈ હતી. પ્રભાકરન દુનિયાની નજરે આતંકવાદી હતો પણ શ્રીલંકા તેમજ જગતભરના તમિલ સમુદાય માટે તે તેમના હિત માટે લડનાર સેનાની હતો. તેણે અહિંસક ચળવળને બદલે બંદૂકનો સહારો લીધો. તેણે સ્વતંત્ર તમિલ રાજ્યની રચના માટે આતંકવાદ તથા શસ્ત્રોનો સહારો લીધો અને પોતાની અંગત ફોજ ઉભી કરીને અમુક પ્રદેશો પર કબ્જો જમાવ્યો હતો. આત્મઘાતી બોમ્બરોનો ઉપયોગ જગતમાં સૌ પ્રથમ એણે જ કર્યો છે. પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યા એ જ રીતે તેઓ થકી કરવામાં આવી હતી. શ્રીલંકામાં તમિલ વિદ્રોહીઓએ આત્મઘાતી હુમ્લાથી, સુરંગોથી, બોમ્બથી ધડાકાઓ કરીને છેલ્લા લગભગ ૨૫ વરસોમાં પુષ્કળ નિર્દોષોનું લોહી વહાવ્યું છે.

ખૈર, આ બધી વાતો તો મીડિયા ચમકાવતુ રહ્યું છે પણ શ્રીલંકાના મુસ્લિમો પર L.T.T.E. ના શું જુલ્મો હતા તેનો સંક્ષિપ્ત ચિતાર અત્રે રજૂ કરીએ છીએ.

શ્રી લંકામાં L.T.T.E.ના મુખ્ય લીડર પ્રભાકરન તથા તેના પુત્રના મૃત્યુ બાદ L.T.T.E.નો મૃત્યુ ઘંટ વાગી ચૂક્યો, એક કાળો ઈતિહાસ વધુ ચિતરાતો બંધ થયો. L.T.T.E.ના વિદ્રોહીઓએ અત્યાર સુધીમાં અસંખ્ય નાગરીકો પોલીસોનાં પ્રાણ હણી લીધા. પણ એ સર્વ ખબરો વચ્ચે જે જુલ્મ L.T.T.E.થકી મુસ્લિમો પર થયો છે અને તેમના પર શું ગુજરી તે યહૂદિયતના તાબે મીડિયાવાળાએ પ્રકાશમાં લાવવાનું મહત્વનું ન જાણ્યું બલ્કે તેઓ આવી ખબરોને ખબર જ માનતા નથી ! ગયા વરસે ઈદે મીલાદુન્નબી ﷺના જુલૂસ પર હુમ્લો થયો તેમાં શ્રીલંકન મુસ્લિમો શહીદ થયા એ મીડિયા માટે કોઈ મોટી ખબર ન કહેવાયી ! જ્યારે બ્રિટનની આંજહાની લેડી ડાયનાને મરવાને જમાનો વહી ગયો પરંતુ તેણીના અર્ધનગ્ન ફોટાવાળુ કોઈ આલ્બમ નીકળે છે તો એ આલમી ખબર બની જાય છે !

શ્રીલંકન મુસ્લિમો અત્યાર સુધી એક તરફ શ્રીલંકન ગવર્નમેન્ટના સૈનિકો તો બીજી બાજુ તમિલ વિદ્રોહીઓના ખતરનાક ગુંડાઓ એમ બે પડો વચ્ચે પીસાતા રહ્યા. શ્રીલંકામાં ઈ.સ. ૨૦૦૧ની ગણત્રી પ્રમાણે ત્યાંની કુલ વસ્તીના ૧૦% એટલે કે ૨૦ લાખ મુસ્લિમો રહે છે. પૂર્વના પ્રદેશમાં મુસ્લિમોની સંખ્યા વધારે છે. અહીં મુસ્લિમો અધિક્તર ખેતીનું કામ કરે છે અને માછીમારીનો તેમનો ધંધો છે. આ પ્રદેશ જાફનાની નજીક છે એટલા માટે તમિલ વિદ્રોહીઓનું ગૃપ ચાહતું હતું કે મુસલમાનો એ ઈલાકાથી ચાલ્યા જાય અને તેઓ તેમની જમીનો પર કબજો કરી લે. અમુક ઈલાકાઓમાં એમણે એવું કર્યુ પણ છે. ત્રાસવાદ ફેલાવવા માટે તમિલ ત્રાસવાદીઓએ નિર્દોષ મુસલમાનોને કતલ કરવાથી પણ ખચકાટ નથી અનુભવ્યો. શ્રીલંકન ફોજની જેમ તમિલ વિદ્રોહીઓની પોતાની દરિયાઈ ફોજ હતી તે ફોજે મોટાભાગના મુસ્લિમ નિર્દોષ માછીમારોને પોતાનું નિશાન બનાવ્યા હતા.

૨૨ ઓકટોબર ૧૯૯૦ને પ્રદેશ રાજ્યના મુસલમાનોએ કયામતે સુગરાના રૂપમાં જોઈ. આટલી મોટી કક્ષામાં બેઘર કરવાના બનાવો દુનિયાના ઈતિહાસમાં ખૂબ ઓછા જોવા મળે છે. એ દિવસે અચાનક ત્યાંના મુસ્લિમ મહોલ્લાઓમાં L.T.T.E.ના માણસોએ લાઉડ સ્પીકરથી એલાન શરૂ કરી આપ્યું કે "સર્વ મુસલમાનો પોતાનું ઘર છોડીને નીકળી જાય !" એલાન કરનારો તમિલ ભાષામાં કહી રહ્યો હતો કે, "ક્યાં તો તમારો માલસામાન છોડીને બહાર નીકળી જાવ અથવા તો મરવા માટે તૈયાર થઈ જાવ ! ઘરેથી પણ સામાન લઈને નીકળ્યા તો માર્યા જશો !" શહેરથી બહાર નીકળવા માટે કુલ ૪૮ કલાકનો સમય આપવામાં આવ્યો હતો, જાફના શહેર ખાલી કરવા માટે તો કેવળ બે જ કલાકનો સમય આપવામાં આવ્યો, કેવળ બે કલાકમાં જાફના શહેર મુસલમાનોથી ખાલી થઈ ગયું. લગભગ એક લાખ દસ હજાર મુસલમાન પોતાનાં ઘરોએથી હટાવી દેવામાં આવ્યા અને પછી તમિલ વિદ્રોહીઓએ તેમનાં ઘરો પર કબ્જો કરી લીધો. અત્યાર સુધી એ સર્વ મુસ્લિમો પોતાના જ દેશમાં નિર્વાસિત જેવું જીવન જીવી રહ્યા છે. અને આ સર્વ કારસ્તાન પાછળ ઈઝરાઈલી યહૂદીઓ કાર્યરત છે.

એ વાતથી કોણ ઈન્કાર કરી શકે છે કે આજે દુનિયાભરના મીડિયા પર યહૂદી બળોનો કબ્જો છે. મીડિયાએ દુનિયાભરમાં તમિલ વિદ્રોહીઓ પર થનારા જુલ્મો સિતમને બતાવ્યો, પરંતુ એ જ ઈલાકામાં જ્યારે મોટા પાયા પર મુસલમાનોને શિકાર બનાવવામાં આવ્યા તો મીડિયા ખામોશ છે ! આજે દુનિયા એ વાતથી અજાણ છે કે વધુ પેજ નં. ૧૫.....પર

તંત્રી લેખ....

# ઈસ્લામી લિબાસ અને આજની યુવા પેઢી

પોશાક પહેરવો એ માનવ પ્રકૃતિ છે અને નગ્ન રહેવું તથા નગ્નતા પ્રદર્શિત કરવી એ જાનવરની પ્રકૃતિ છે. અથવા જંગલી માનવને પોશાકનું ભાન નથી હોતું તો ક્યાંક પાગલ બની ગયેલાને પોશાક પહેરવાનું ભાન નથી હોતું, એને મઅઝૂર ગણવામાં આવશે કે બીચારાને હોશ જ નથી, પણ જેઓ હોશવાળા છે હોશિયાર છે તેવાં નરનારીઓ પોતાના પોશાક પ્રત્યે હમેશાં સભાન હોય છે. દરેક ક઼ૌમની મૂળ સંસ્કૃતિમાં પોશાક વડે શરીરને યથાયોગ્ય ઢાંકવાનો રીવાજ ચાલ્યો આવ્યો છે, જો એમાં કમી થતી તો તેઓ લજાય મરતા, શરમથી પાણી પાણી થઈ જતા, ખાસ કરીને સ્ત્રીઓમાં ખૂબ શરમની ભાવના હતી. જ્યારે હઝરત આદમ علیہ السلامનો જન્નતી લિબાસ ઉતરી ગયો તો આપે જન્નતનાં પાંદડાં વડે પોતાના શરીરને છુપાવ્યું. જેમ કે કુર્આને પાકમાં છે : "એમને બેહકાવ્યા એટલે સુધી કે જન્નતી લિબાસ ઉતરી ગયો, શર્મગાહો ખુલી ગઈ અને પોતાના શરીરને જન્નતનાં પાંદડાં ઢાંકયાં." (સૂ. અઅ્રાફ, ૨૦–૨૧) જાણવા મળ્યું કે, અસલમાં લિબાસ પહેરવો એ "જન્નતીઓની સુન્નત" છે.

### ★ ઈસ્લામમાં કેટલું શરીર છુપાવવું ફર્ઝ છે ? ★

દરેક ક઼ૌમમાં લિબાસ તો પહેરાતો હોય છે પણ પોશાક પહેરવા છતાં પુરૂષ તથા સ્ત્રીઓનાં ઘણા છુપાવવાના અંગો ઉઘાડાં રહે છે. કેટલાક લોકો ચડ્ડી ચડ્ડા તથા લંગોટ પહેરે છે તો ક્યાંક ધોતી પહેરાય છે જેમાં ગુથણો, સાથળો ઉઘાડા રહે છે જે એક શરમજનક બાબત છે તથા સ્ત્રીઓમાં પણ ઉઘાડા હાથો, મસલ્સ, પીઠ, પેટ, સીનો, ગળુ વગેરે ઉઘાડુ રહી જાય છે જે પણ યોગ્ય નથી. ઈસ્લામમાં એટલો લિબાસ કે સતરે ઔરત થઈ જાય (ઢાંકવાની ચીજો છુપાઈ જાય) એ **ફર્ઝ** છે. પુરૂષે ડૂંટીથી ગુથણો નીચે સુધી પોશાકથી છુપાવવું **ફર્ઝ** છે અને **સ્ત્રીઓ**એ બંને હથેળીઓ તથા બંનેવ પગના પંજાઓ તથા ચહેરા સિવાય સર્વ શરીરને લિબાસથી છુપાવવું **ફર્ઝ** છે. અને એનાથી વધુ ઠંડી ગરમીથી બચવા છુપાવવું જાઈઝ છે. અને આ **ઈસ્લામનું સંસ્કારિક નિશાન** છે. મુસલમાને આ વાત ખૂબ સારી પેઠે સમજવી જોઈએ અને કાફિરો તથા મુશ્રિકોની જેમ ગુથણો, જાંગો ખુલ્લી રહે એવો લિબાસ ન પહેરવો કે એ **હરામ** છે.

### ★ ઈસ્લામી લિબાસ શું શું છે ?! ★

કેટલાક બે ચોપડી ભણેલા ટાઈ કોટ પેન્ટના શોખિનો પોતે દરેક ક્ષેત્રે જાણે ખૂબ જ જાણકાર હોવાનો ડોળ કરનારા દંભી તથા ઘમંડી માણસો ક્યારેક દાવો કરે છે કે, "કોણે કહ્યું કે ઈસ્લામી લિબાસ કુર્તો, ઝભ્ભો તથા લેંગો છે ? એવું કાંઈ ઈસ્લામમાં દર્શાવાયું નથી ! આ બધી મુલ્લાઓની ઉપજ છે, ગમે તેવો લિબાસ પહેરી શકાય છે....વગેરે." એવા લોકો માટે કુર્આન હદીષની રૂએ અમે દર્શાવીશું કે ઈસ્લામી લિબાસ શું શું છે ?

સાંભળો ! કુર્તો ઈસ્લામી લિબાસ છે અને અંબિયાએ કિરામ علیہم السلامનો પોશાક છે. કુર્આને પાકમાં રબ્બે કરીમનો ઈર્શાદ છે કે જ્યારે કિન્આનથી મિસર આવીને હઝરત યૂસુફ علیہ السلامના ભાઈઓએ એ ખબર આપી કે તેમના પિતા હઝરત યાકૂબ علیہ السلام નાબીના થઈ ગયા છે, તો હઝરત યૂસુફ علیہ السلامએ

પોતાના ભાઈઓને ફર્માવ્યું કે, "મારો આ કુર્તો લઈ જાવ, તેને મારા પિતાના મોઢા પર નાખો તો તેમની આંખો ખુલી જશે." *(પારા–૧૩, સૂ. યૂસુફ, આ. ૯૨)*

આ પરથી જાણવા મળ્યું કે અલ્લાહના નબી યૂસુફ કુર્તો પહેરતા હતા અન્ય અંબિયાએ કિરામ ખાસ કરીને આપણા નબી કરીમ ﷺએ કુર્તો પહેર્યો છે.

ઉમ્મુલ મો'મિનીન હઝરત સલ્મા رضی اللہ عنہا ફર્માવે છે : "કપડાંમાં કમીસ હુઝૂરને પસંદ હતું." એટલે ખિસ્સાવાળો કુર્તો જે સીરવાની નીચે પહેરવામાં આવે છે. *(કાઝી અબ્દુસ્સલામ, લિબાસે રસૂલ ﷺ, પેજ–૪૮)*

હુઝૂરે અન્વર ﷺએ બે લીલી ચાદરો પણ ઉપયોગમાં લીધી. પ્રતિનિધિમંડળોના આગમનના સમયે લીલા રંગની એ ચાદરો, તેહબંદ (લુંગી) ઉપયોગમાં લેતા હતા જે એક અરસા સુધી ખલીફાઓ પાસે મેહફૂઝ રહી. જ્યારે એ ચાદર જર્જરીત થઈ ગઈ તો ચારેવ તરફ લેસ (ધારી) લગાડવામાં આવી. *(અલવફા, પેજ–૨૭, સબલુલ્ હુદા વર્રશાદ, ભાગ–૭, પેજ–૩૧૨)* ઉપરાંત યમની ચાદર, ગાઢ લાલ રંગની ધારીદાર ચાદર, જોડી, ગાઢ લાલ રંગની કાળી છપાઈવાળી ચાદરો, લાઈટ જાફરી રંગની, કાળી ચાદરો ઉપયોગમાં લેતા હતા. *(હવાલો : લિબાસે રસૂલ, પ્રો. મસ્ઊદ અહમદ)*

હુઝૂરે અન્વર ﷺને લીલો લિબાસ પસંદ હતો પણ સફેદ લિબાસ સૌથી અધિક પસંદ હતો. જેમ કે ઈર્શાદ છે : "જોઈએ કે તમે સફેદ લિબાસ પહેરો, તમારા જીવતા લોકો સફેદ કપડાં પહેરે અને તમારાં મુડદાંને પણ સફેદ કફન આપો, કારણ કે એ તમારાં કપડાંમાં સૌથી બેહતર છે." *(શમાઈલે તિર્મિઝી, પેજ–૧૦૧, લિબાસે રસૂલ)*

પાયજામો અને સલ્વાર (લેંગો) જો કે આપે નથી પહેર્યો પણ તેને પસંદ કરેલ છે અને ખરીદેલ પણ છે. (ઈબ્ને માજહ, પેજ–૨૬૪) હુઝૂરે અન્વર ﷺએ અમામાનો ઉપયોગ કર્યો. ફતહે મક્કાના પ્રસંગે કાળો અમામો પણ શૈખ અબ્દુલ હક્ક્ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہના કથનાનુસાર મોટાભાગે સફેદ અમામો ઉપયોગમાં લેતા હતા. (મદારિજુન્નબુવ્વત, ૨/૧૦૪૮) હુઝૂરે અન્વર ﷺએ સાદો, સુથરો (સ્વચ્છ) લિબાસ પસંદ કર્યો, ખૂબ ઉમદા લિબાસ પહેર્યો અને થીંગડાવાળાં કપડાં પણ ઉપયોગમાં લીધાં. હુઝૂરે વિવિધ જભ્ભા પણ ઉપયોગમાં લીધા. *(લિબાસે રસૂલ, પ્રો. મસ્ઊદ અહમદ)*

વિસાલ મુબારકના સમયે આપ ﷺના શરીર મુબારક પર એક થીંગડાવાળી ચાદર અને લુંગી હતી. હઝરત આઈશા رضی اللہ عنہاએ કસમ ખાઈને ફર્માવ્યું કે આપના શરીર મુબારક પર આ બે કપડાં મુબારક સિવાય કાંઈ ન હતું. *(મિશ્કાત શરીફ–૩૭૩, શરહે મુસ્લિમ, ૨/૬, અબૂ દાઊદ, ૨/૨૦૩)*

આ પરથી જણાય છે કે "ઈસ્લામી લિબાસ" રસૂલે પાક ﷺની પયરવીમાં તથા આપની પસંદ મુજબનો એ છે કે જેમાં કુર્તો, સલ્વાર, ખમીસ, લેંગો, જભ્ભો, તેહબંદ, અમામો, ચાદરો... વગેરે હોય.

## ★ સ્ત્રીઓનો લિબાસ ઈસ્લામી દષ્ટિએ ★

કુર્આને પાકમાં છે : "અને પોતાનો શણગાર ન દેખાડો પણ જેટલો (ચહેરો અને હથેળીઓ) ખૂદ જ જાહેર છે અને દુપટ્ટા (ઓઢણીઓ) પોતાની ગરદનો પર નાખેલ રહો." *(સૂરએ અહઝાબ, ૨૨/૩)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ દર્શાવ્યું છે કે, "જાડાં (શરીર ઝલકે નહીં તેવાં) અને ઘેરવાળાં (ફીટ નહીં) કપડાં પહેરે, માથાથી પગ સુધી શરીર ઢાંકીને નીકળે કે મોં અને હથેળીઓ સિવાય વાળ, ગળુ, ભૂજાઓ (હાથો), કોંણીઓ, પેટ, પિંડલી કોઈ જાહેર ન થાય. જો એમનામાંથી કોઈપણ ભાગ જાહેર કરીને નીકળે છે તો તે સ્ત્રીઓ ફાસિકા (મહાપાપી) અને એમના

પુરૂષો "દય્યૂષ" છે. એવા લોકોથી બચવું જોઈએ. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૦, નિસ્ફ આખિર, ૨૨૪)*

સ્ત્રીનો ચહેરો સતરે અવરતમાં દાખલ નથી પણ જ્યારે જરૂરતના સમયે બહાર નીકળવાનું થાય તો ચહેરા પર પર્દો નાખી લેવો જરૂરી છે. જેમ કે કુર્આને પાકમાં અલ્લાહનો આદેશ છે : "હે નબી ! તમારી પત્નીઓ, પુત્રીઓ અને મુસલમાન સ્ત્રીઓને ફર્માવી આપો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે, એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ આપવામાં નહીં આવે. અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂ. અહઝાબ, રુકૂઅ–૫)*

## ★ સ્ત્રી કોનાથી પર્દો કરે, કોનાથી નહીં ?! ★

કુર્આનમાં આ પણ આદેશ છે : "અને પોતાનો શણગાર જાહેર ન કરે, પણ (સિવાય) પોતાના પતિ કે પોતાના પિતા, દાદા કે પતિના બાપદાદા કે પોતાના પુત્રો કે પતિના પુત્રો (બીજી પત્નીના) કે પોતાના ભાઈઓ કે ભત્રીજાઓ (ભાઈના પુત્રો) કે બહેનના પુત્રો કે પોતાના મઝહબની સ્ત્રીઓ કે પોતાની નોકરાનીઓ જે માલિકીપણામાં હોય અથવા તે બાળકો સમક્ષ જેમને સ્ત્રીની શરમની ચીજોની ખબર ન હોય." *(સૂ. નૂર, ૧૮/૧૦)*

એ જ પ્રમાણે દૂધના સંબંધો જેમ કે દૂધ બાપ, ભાઈ વગેરે સિવાય સર્વ નામેહરમો એટલે કે જેમનાથી સ્ત્રીનો નિકાહ જાઈઝ છે, જેમ કે દીયર, જેઠ બનેવી, માસા, ફૂવા, માસીનો છોકરો, મામનો છોકરો, કાકાનો છોકરો, ફોઈનો છોકરો, દૂરના સંબંધના કાકા, દાદા (સગા કાકા, દાદા નહીં) વગેરે સર્વ નામહરમ છે. એમનાથી પર્દો કરવો **ફર્ઝ** અને **સખ્ત ફર્ઝ** છે. નામેહરમ પીરથી પણ પર્દો ફર્ઝ છે. ખાસ કરીને એ લોકોથી જેમનાથી ફિત્નાનો વધારે ભય હોય જેમ કે બનેવી, દીયર, જેઠ વગેરેથી ખાસ પર્દો કરે કે હદીષમાં આવ્યું કે, "દીયર–જેઠ મૌત છે." *(હવાલો : પર્દો શા માટે ?)*

ઈસ્લામી પવિત્ર માહોલ માટે ઉપરોક્ત લખાણોમાં આપણા ખાલિક઼ તથા માલિક અલ્લાહ તઆલાના આદેશો ધ્યાનથી વાંચો, મનન કરો અને પ્રેમપૂર્વક ઘરવાળાંઓને સમજાવી ફર્માંબરદાર મુસલમાન બનો.

## ★ વર્તમાન યુવા પેઢીનો આ છે દીદાર ! ★

પોશાક, પહેરવેશ, લિબાસ તથા ડ્રેસ જે કહો તેને પહેરવાનો મતલબ છે કે શરમના ભાગોને છુપાવવામાં આવે પણ આજના મોટાભાગના યુવાનો તથા યુવતીઓ ઈસ્લામી લિબાસ ત્યજીને એવા પોશાકો પહેરે છે કે સર્વ છુપાવવાનાં અંગો ઉપસી આવે છે ! આજની યુવાની પશ્ચિમી કૌમો, યૂરોપ તથા અમેરિકાની અય્યાશ પ્રજા કે જેમના જીવનનો હેતુ કેવળ બેલગામ મોજ, મજા, મનોરંજન, આંનદ માણવું છે, એ શરાબને પાણીની જેમ પીનારી કૌમ જેમને ત્યાં પાકી નાપાકી, હલાલ હરામમાં કોઈ ભેદ નથી એવી ભટકેલી કૌમનું અનુસરણ કરી રહી છે ! અત્યાર સુધી તો પેન્ટ શર્ટ કે જે ખુલતાં પણ સીવડાવીને પહેરવામાં આવતા હતાં, એ તો એવાં થઈ ગયાં કે જાણે મુસ્લિમોનો જ લિબાસ છે ! અંગ્રેજોની દૈન નથી ! અને તેને ઘણા અંશે શર્ટ પેન્ટમાં ખોસીને સીટના સાંધા દેખાડવાની ફેશન હતી, પણ હવે તો જિન્સ અને ટી શર્ટ અથવા ટૂંકા પાલવવાળા શર્ટ પહેરવાનું આમ થઈ ગયું છે જે ફીટો ફીટ સીલાઈવાળાં હોય છે, તેના પર જોકર જેવાં અનેક ખિસ્સાં તથા વિવિધ એમ્બ્રોઈડરી તથા જરીકામની ડિઝાઈનો, ક્યાંક LOVE ME, KISS ME જેવાં બિભત્સ લખાણો પણ તેના પર હોય છે, વળી તેમાંય હવે થીંગડાંવાળાં જિન્સ તથા રફૂ કરેલાં ફાટેલું હોય તેમ ફાટવાના ચીરા કે ઘસાઈને ફાટી ગયાં હોય તેવાં જિન્સના પેન્ટ પહેરી **"મુફલિસ દેખાવાની ફેશન"** નીકળી છે ! અને એવાં જિન્સ ખૂબ મોંઘા ભાવે ખરીદીને પહેરવામાં આવે છે.

અફસોસ ! હે મુસલમાન યુવાનો ! કોઈ આવારા હીરો કોઈ ચીજ પહેરી લે, તે તમને પહેરવાનું પણ નથી કહેતો ! છતાં તેની અદા અપનાવવામાં તમે ગર્વ સમજો છો ! અને કુર્આનમાં રબ તઆલા ફર્માવે કે, "અલ્લાહની ફર્માંબરદારી કરો અને રસૂલની ફર્માંબરદારી કરો." તેનું જાણે તમારી પાસે કોઈ મહત્વ જ નથી ! વળી ખૂદ રસૂલેપાક ﷺ ફર્માવે કે, "જેણે મારી સુન્નતથી મહોબ્બત કરી તેણે મારાથી મહોબ્બત કરી, અને જેણે મારાથી મહોબ્બત કરી તે જન્નતમાં મારી સાથે હશે." આ ફર્માન પ્રતિ કોઈ આકર્ષણ નથી ! તો તમે કેવા આશિકે રસૂલ છો ?!

જો કોઈ ખરેખર કપડાં ફાટી જતાં થીંગડાં મારીને એવી નિય્યતે પહેરે કે રસૂલેપાક ﷺની સુન્નત છે તો તેને કેટલો મહાન સવાબ મળે ! તેને બદલે અહીં ટી શર્ટ, ચુસ્ત જિન્સનાં પેન્ટ પહેરવાં એ એક તો સુન્નત વિરુદ્ધ છે, ઉપરથી ફાસિકો ફાજિર હીરોના તરીકા અપનાવવા ફાટેલું પહેરવાને ફેશન સમજવું, થીંગડાવાળુ ફેશન ખાતર પહેરવું એ મેહરૂમી નથી તો શું છે ?! આ કેવી મુસલમાની છે ?! જો અલ્લાહે દૌલત આપી છે તો ઉમદા પોશાક શરીઅતના વર્તુળમાં રહી પહેરવો અને એ રીતે તેની નેઅમતને જાહેર કરવામાં વાંધો નથી પણ રબની આપેલી દૌલત વડે મુફલિસ જેવો દેખાવ કરવો એ ક્યાંની બુદ્ધિ છે ?! અને શું ખુદા નારાજ થઈ જાય તો તમને ખરેખર મુફલિસ બનાવી આપે એનો ડર નથી તમને ?!

## ★ આ ફોરવર્ડપણુ નથી પણ પછાતપણુ છે ! ★

વળી ઘણા જિન્સ એટલુ નીચુ પહેરે છે કે તેની મોરી વાળવામાં આવે તો અડધા પેન્ટ સુધી ઉપર આવે ! તો આવું પેન્ટ રસ્તે ઘસડતા ઘસડતા ચાલે છે જેમાં ધૂળ નાપાકી બધું જ લાગે છે★, અને આવું પહેરવાને "એડવાન્સપણુ" (**Advanceness**) તથા "ફોરવર્ડપણુ" (**Forwardness**) ગણવામાં આવે છે.

હુઝૂરે અન્વર ﷺએ તેહબંદ (લુંગી) બાંધવા તથા સલ્વાર (લેંગો) પહેરવાના નિયમ શીખવાડયા કે તે ઘૂંટીઓથી ઊંચે રહે. હુઝૈફા ઈબ્ને યમાન رضی اللہ عنہ રિવાયત કરે છે :–

"હુઝૂરે અન્વર ﷺએ મારી અથવા પોતાની પીંડલીનો હિસ્સો પકડીને ફર્માવ્યું, આ તેહબંદ (લુંગી–લેંગા)ની જગા છે (એટલે આ તેની હદ છે) જો તને એના પર સબ્ર નથી તો એનાથી નીચે કરી લે, અને જો એનાથી પણ સબ્ર નથી તો (જાણી લે) તેહબંદનો ઘૂંટીઓ પર કોઈ હક્ક નથી." *(ઈબ્ને માજહ, પેજ–૨૬૪, લિબાસે રસૂલ)*

ઉપર જોયું તેમ પેન્ટની અતિશય લાંબી મોરી રાખવી એ ફુઝૂલખર્ચી છે અને ઉપરની હદીષ પણ ફુઝૂલખર્ચીથી રોકે છે, કેમ કે કુર્આને પાકમાં રબનું ફર્માન : "બેશક ! ઉડાઉ લોકો (ફુઝૂલખર્ચી કરનારા) **શૈતાનના ભાઈ** છે."

એટલા માટે શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہના કથનાનુસાર **ફકીહોની દૃષ્ટિએ** ઈજાર (પેન્ટ વગેરે)નું ઘૂંટીની નીચે સુધી લટકાવવું **હરામ** તથા તદ્દન **બિદઅત** છે. સામાન્યતઃ એ જ લોકો સલ્વાર (પેન્ટ) વગેરે ઘૂંટીની નીચે રાખે છે જેમને ભપકો (વટ) પાડવાનો હોય છે અથવા પોતાની સુન્નત વિરુદ્ધની આદતની સુધારણા કરવા નથી ચાહતા. જો એવું ન હોય તો ઘૂંટીથી ઊંચે રાખવામાં શું ખરાબી છે ?! અને ઘૂંટીથી નીચે જ શા માટે રાખે છે ?

ઈસ્લામના આગમન પહેલાં જાહિલિયતના જમાનામાં અરબોમાં એ ઘસેડવાવાળો રિવાજ હતો. એવા

---

★ *વળી એવું પેન્ટ, ટી શર્ટ પહેરી કેટલાક નમાઝના સિજદામાં જાય છે તો પાછળ સીટ તરફનો ભાગ તથા પીઠ ઉઘાડી થઈ જાય છે જે જોતાં જોનારને ચીતરી ચઢે છે અને એવું પહેરનારની નમાઝ પણ મકરૂહ તથા ક્યારેક ફાસિદ થઈ જાય છે.*

લોકોના બારામાં હુઝૂરે અન્વર ﷺ ફર્માવે છે : "જે કોઈ પોતાની ઈજાર (લેંગો, પેન્ટ) **ઘમંડ તથા ગર્વના કારણે** (મજબૂરી વિના) ઘસડીને ચાલશે, **અલ્લાહ તઆલા કયામતના દિવસે તેના પર (રહમતની) નજર કરશે નહીં."** *(લિબાસે રસૂલ)*

મુસલમાનો ! ક્યા ભરમમાં જીવો છો ?! જો કયામતમાં રબની રહમતથી મેહરૂમ રહ્યા તો કયામતનો તથા જહન્નમનો અઝાબ કઈ રીતે ભોગવશો ?!

## ★ અલ્લાહે કોના પર લઅનત કરી છે ?★

વળી યુવાનોમાં હાથમાં કડુ, લોકેટ તથા કાંડા પર કાળી, લાલ પીળી દોરીઓ✪ પહેરવાની તેમજ ગળામાં ચેઈનો કોઈપણ ધાતુની હોય તેને પહેરવાની ફેશન, વળી ક્યાંક કાનમાં હેરીંગ પહેરવાની ફેશન, સોનાની વિંટીઓના શોખ તથા ચાંદીની એકને બદલે અનેક વિવિધ ધાતુઓની વિંટીઓ પહેરવાના, સ્ત્રીઓ જેમ હાથે મેંદી લગાડવાના અભરખા.... વગેરે આ બધું **હરામ** તથા **નાજાઈઝ** તથા **મના** છે, કેમ કે શણગાર ફક્ત સ્ત્રીઓ માટે છે તે પણ પોતાના મેહરમો સુધી જ ખુલ્લો રાખી શકે. જ્યારે યુવાનોમાં આ બધી ચીજો સ્ત્રીઓ જેમ આમ થતી જઈ રહી છે. તથા યુવતીઓમાં પણ મર્દો જેમ જિન્સ ચુસ્ત પેન્ટ તથા ટી શર્ટ, બુશશર્ટ, ચુસ્ત કપડાં પહેરવાની ફેશન, વાળો ઉઘાડા રાખવાની તથા વાળો કટરાવી મર્દ જેવી સ્ટાઈલમાં જીવવાની ફેશન ચાલી નીકળી છે. તો એના વિશે રસૂલે પાક ﷺનું ફર્માન સાંભળી લો :–

સહીહ હદીષમાં હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ તઆલાએ તે મર્દો પર લઅનત કરી છે જે સ્ત્રીઓ જેવું રૂપ ધારણ કરે છે અને તે સ્ત્રીઓ પર લઅનત કરી છે જે પુરૂષોની જેમ વેશ ધારણ કરે છે."

## ★ સલ્વાર (ઈજાર) પહેરનારીઓ માટે હુઝૂરની બખ્શિશની દુઆ ! ★

હે લોકો ! સ્ત્રીનું શરીર માથાથી પગ સુધી આકર્ષણનું પૂતળુ છે, એટલા માટે શૈતાની નજરો તેને ન અભડાવી જાય જેથી તેને છુપાવવાની ખૂબ તાકીદ થઈ છે. આજે પર્દાનો માહોલ ન હોવાથી અસંખ્ય બુરાઈઓ, ઝિનાકારીના, અપહરણના, બળાત્કારના બનાવો દિન પ્રતિ દિન વધી રહ્યા છે.

અફસોસ કે ગૈર કૌમની સ્ત્રીઓ કુર્તા સલ્વાર પહેરવા લાગી છે ત્યારે મુસલમાન સ્ત્રીઓ શાદી વગેરે પ્રસંગે હિંદુ જેમ સાડીઓ પહેરવાનો શોખ કરવા માંડી છે, તો ટી શર્ટ જિન્સનાં પેન્ટો પહેરવાને ફખ્ર સમજવા લાગી છે. મારી બહેનો ! સાંભળો ! એકવાર આપ ﷺ ક્યાંક તશરીફ લઈ જઈ રહ્યા હતા. રસ્તામાં એક સ્ત્રીનો પગ લપસ્યો અને તેણી ગબડી પડી. આપે પોતાનો મુબાક ચહેરો એ દિશા તરફથી ફેરવી લીધો. સહાબાએ અર્ઝ કરી, હુઝૂર ! તેણીએ સલ્વાર (ઈજાર) પહેરેલ છે. આપે ફર્માવ્યું, **"હે અલ્લાહ ! મારી ઉમ્મતની સલ્વાર (ઈજાર) પહેરનારી સ્ત્રીઓને બખ્શી દે.** હે લોકો ! ઈજાર પહેરો કે તમારાં અન્ય કપડાંની સરખામણીમાં એ શરીર વધુ છુપાવે છે, ખાસ કરીને સ્ત્રીઓના માટે."

એનું કારણ છે કે ગબડી પડવાથી તથા હરવા ફરવામાં ઈજારમાં બેપર્દાપણુ નથી થતું જ્યારે કે સાડીમાં બેપદર્ગીનો પૂરો ભય રહે છે. આલમગીરીમાં છે : "ઈજાર પહેરવી સુન્નત છે અને એમાં સ્ત્રીઓ

---

✪ *વળી કેટલાકને કહીએ કે આ કડુ પહેરવું જાઈઝ નથી, તો ફટ દઈને કહે છે કે આ તો અજમેરશરીફનું કે મીરાંદાતારનું છે ! ભાઈઓ ! અલ્લાહ તમારી અમારી સૌની બુઝુર્ગોથી મહોબ્બત સલામત રાખે, પણ શરીઅતમાં જે જાઈઝ નથી તેને ગમે તે મુજાવર કે કોઈપણ આપે તે પહેરવાથી અલ્લાહ વ રસૂલ નારાજ થશે. બુઝુર્ગોના મઝારો પાસે તેમના નામે રૂપિયા રળવાવાળા આવું બધું વેચે છે એ કાંઈ તે બુઝુર્ગનો હુકમ નથી કે તેને પહેરો. અને* ***શરીઅત વિરુદ્ધ વર્તવાનું કોઈ બુઝુર્ગ કહેશે નહીં*** *તે યાદ રાખશો. દરગાહોના ઓવારેલા દોરા પણ કાંડે ન બાંધો કેમ કે એ હિંદુઓનો રિવાજ છે, તમારે પહેરવા હોય તો ગળામાં પહેરો, હાથો પર કોણી ઉપરના ભાગે બાંધો તો વાંધો નથી.*

તથા પુરૂષોના માટે સર્વ કપડાં કરતાં અધિક પર્દો છે." *(હવાલો : પર્દો શા માટે ?)*

હે મારી બહેનો ! એક તરફ અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે, **"જે જે કૌમની જેવું રૂપ ધારણ કરશે તે તેઓમાંથી છે. તેનો હશ્ર કયામતમાં તેમની સાથે થશે."** તથા **"મર્દ જેવું રૂપ ધારણ કરનાર સ્ત્રી પર અલ્લાહની લઅનત છે."** એવું દર્શાવ્યું. તો વિચારો કે કેટલી સખત ચેતવણીઓ છે આ કે જેઓ કાફિર તથા ફાસિક઼ કૌમો જેવો વેશ બનાવશે તેમનો હશ્ર તેમની સાથે થશે, એટલે તેઓ જહન્નમમાં જશે તેમની સાથે આ પણ જહન્નમમાં ફેંકાશે. અને અલ્લાહની "લઅનત" એટલે "અલ્લાહની રહમતથી બાકાત થવું" તો જે અલ્લાહની રહમતથી વંચિત થઈ જશે તે જહન્નમમાં નહીં જાય તો શું થશે ?! જેથી બહેનોએ ઈસ્લામી ઢબનો લિબાસ, ખુલતો, અપારદર્શક લિબાસ પહેરવો જોઈએ, પર્દો અપનાવવો જોઈએ. હવે એ બહેનોના નસીબની વાત છે કે તેણીઓ આટલું વાંચ્યા પછી ઈસ્લામી ઢબનો લિબાસ પહેરી નબી કરીમ ﷺની ઉપર દર્શાવ્યું તેમ બખ્શિશની દુઆની હક્કદાર બને છે કે નાચનારીઓ જેવો પોશાક પહેરી અલ્લાહની લઅનતનો ભોગ બનવા તૈયાર થાય છે.

## ★ મા બાપ, ભાઈ, પતિ વગેરે જિમ્મેદારોની પકડ થશે ! ★

આજકાલ માં બાપો તથા અન્ય જિમ્મેદારો પતિ વગેરે જેમના હાથ નીચે પત્ની, પુત્રી, બહેનો હોય છે તેઓ હવે વિચારતા થયા છે કે **હવે ક્યાં બધું પાળીએ ! હવે તો જમાનો જ એવો છે ! બધે છૂટછાટ ચાલી રહી છે તો ભલે પત્ની, પુત્રીઓ.... વગેરે છૂટથી ફરતી !** બલ્કે પોતાની સામે નગ્નતાભર્યા પોશાકો તથા છૂટ્ટા વાળો તથા ચહેરા પર લટો લહેરાવવાની તથા લટકા ઝટકાવાળી નાઝ નખરાવાળી ચાલે હરતી ફરતી, બોયફ્રેન્ડો સાથે ફરવા જતી જુએ છતાં તેને રોકવા કે નસીહત કરવાની તસ્દી નથી લેતા, ન ઈસ્લામી તા'લીમથી તેમને પહેલેથી શણગારે છે કે પોતે કોણ છે તે સમજી શકે, ઈસ્લામનું મહત્વ તથા અલ્લાહ વ રસૂલના હુકમોની ગંભીરતાને સમજે. તો એવા લોકો સમજી લે કે તમારું કોઈ બહાનું ચાલશે નહીં. કુર્આનમાં છે : "હે ઈમાનવાળાઓ ! પોતાને તથા પોતાના બીવી બચ્ચાંઓને જહન્નમની આગથી બચાવો !" વળી હદીષે પાકમાં છે : (ભાવાર્થ) : "કયામતના રોજ એક શખ્સ આવશે તેની પાસે પહાડો જેટલી નેકીઓ હશે. એટલામાં તેના કુટુંબીઓમાંથી તેની પત્ની આવશે. રબની બારગાહમાં અર્ઝ કરશે, હે રબ ! આ માણસે અમારી સાથે ખયાનત કરી અને અમારો હક્ક માર્યો કે અમને હરામ રોજી ખવડાવી અને દીનની વાતો ન શીખવી. તો રબ તરફથી હુકમ થશે અને એની નેકીઓમાંથી તેના હક્ક જેટલી નેકીઓ તેણીને આપી દેવામાં આવશે. ત્યારબાદ એ જ પ્રમાણે તેની ઔલાદમાંથી પુત્રો પુત્રીઓ આવીને ફરિયાદ કરશે ને તેમનો હક્ક લેતાં જશે, ત્યાં સુધી કે તેની પહાડો જેટલી નેકીઓ ખત્મ થઈ જશે તો તેમના ગુનાહો તે શખ્સના માથે નંખાશે અને છેવટે ફરિશ્તા તેને દોઝખમાં નાખશે અને એલાન થશે કે ફલાણાને તેનાં બીવી બચ્ચાંનો હક્ક મારવાને કારણે જહન્નમમાં નાખવામાં આવે છે !" તો આ પરથી મર્દો બોધગ્રહણ કરે. હદીષે પાકમાં છે : "દરેક શખ્સ તમારામાંથી હાકિમ છે અને દરેકને તેના હાથ નીચેનાંઓના વિશે પૂછવામાં આવશે." જેથી દરેકે પોતાની જિમ્મેદારી સમજી માહોલ સુધારવા તથા તેને ઈસ્લામી ઢબનો રાખવા સતત કોશિશમાં રહેવું, નહીં તો જહન્નમની સજા તેણે પોતે પણ વેઠવી પડશે. વળી કેટલા તો સ્ત્રીઓના કહયાગરા, ડાહ્યાડમરા થઈ જાય છે ! તેવા લોકો માટે હદીષમાં આપ ﷺએ ફર્માવ્યું, "તે પુરૂષો બર્બાદ થઈ ગયા જેઓ **સ્ત્રીઓના મુરીદ** બની ગયા !" હઝરત હસન ફર્માવે છે : "જે મર્દ ઔરતોની આજ્ઞા પર ચાલે છે તેઓને **જહન્નમમાં ઊંધે મોઢે** નાખવામાં આવશે." સારાંશ કે પુરૂષો સ્ત્રીઓને ગલત માર્ગે જતાં રોકે અને નેક કામો તથા શરીઅત પર પાબંદીથી ચાલવા સમજાવે અને બહેનો પણ શરીઅતના માર્ગે ચાલે તો બંનેવ જહાનમાં ઈજ્જત પામશે. રબ તઆલા સૌને નેક તૌફીક બખ્શે. (આમીન)

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

وَاللّٰهُ يَقْبِضُ وَيَبْصُۜطُ وَاِلَيْهِ
تُرْجَعُوْنَ ﴿۲۴۵﴾ اَلَمْ تَرَ اِلَى الْمَلَاِ مِنْۢ بَنِيْٓ اِسْرَآءِيْلَ مِنْۢ بَعْدِ مُوْسٰى
اِذْ قَالُوْا لِنَبِيٍّ لَّهُمُ ابْعَثْ لَنَا مَلِكًا نُّقَاتِلْ فِيْ سَبِيْلِ اللّٰهِ ؕ قَالَ
هَلْ عَسَيْتُمْ اِنْ كُتِبَ عَلَيْكُمُ الْقِتَالُ اَلَّا تُقَاتِلُوْا ؕ قَالُوْا وَمَا
لَنَآ اَلَّا نُقَاتِلَ فِيْ سَبِيْلِ اللّٰهِ وَقَدْ اُخْرِجْنَا مِنْ دِيَارِنَا وَ
اَبْنَآئِنَا ؕ فَلَمَّا كُتِبَ عَلَيْهِمُ الْقِتَالُ تَوَلَّوْا اِلَّا قَلِيْلًا مِّنْهُمْ ؕ وَ
اللّٰهُ عَلِيْمٌۢ بِالظّٰلِمِيْنَ ﴿۲۴۶﴾

### ત.....ર્જુ.....મો.....

"અને અલ્લાહ તઆલા તંગ કરે છે (રોઝી) અને અધિક્તા કરે છે[૩૨૦] અને એની જ તરફ તમને પલટાવવામાં આવશે. શું નથી જોઈ તમે તે ટોળીને[૩૨૧] બની ઈસ્રાઈલથી (જે) મૂસા (علیہ السلام)ના પછી બની, જ્યારે કહ્યું તેઓએ પોતાના નબીને કે નિયુક્ત કરી આપો અમારા માટે એક અમીર[૩૨૨] જેથી લડાઈ કરીએ અમે અલ્લાહના માર્ગમાં. નબીએ કહ્યું, એવું ન થાય કે ફર્ઝ કરી દેવામાં આવે તમારા પર જેહાદ તો તમે જેહાદ ન કરો. તેઓ કહેવા લાગ્યા, (કોઈ કારણ) નથી અમારા માટે કે અમે જેહાદ ન કરીએ અલ્લાહના માર્ગમાં. જ્યારે કે અમને કાઢવામાં આવ્યા ઘરોએથી અને અમારા ફરઝંદોમાંથી પણ જ્યારે ફર્ઝ કરી દેવામાં આવ્યો એમના પર જેહાદ તો મોઢું ફેરવી લીધું તેઓએ એમનામાંથી અમુકના સિવાય, અને અલ્લાહ તઆલા સારી પેઠે જાણનારો છે જાલિમોને.

### તફસીર...............

**૩૨૦** : અને એ સારી રીતે યાદ રાખી લો કે રોઝીમાં તંગી તથા અધિક્તા અલ્લાહ કાદિર કરીમના હાથમાં છે. જો તમે તેના માર્ગમાં ખર્ચ કરશો તો તે પોતાની રહમતના ખજાનાઓનાં દ્વારો ખોલી આપશે. અને જો કંજૂસાઈ કરી તો કોઈ રુકાવટ નથી કે નારાજ થઈ જાય અને તેમને મુફલીસ તથા મોહતાજ બનાવી આપે.

**૩૨૧** : مَلَاٌ થી મુરાદ કૌમના રઈસો તથા શરીફ લોકો છે આ આયતોમાં મૂસા علیہ السلامના લગભગ ત્રણસો વરસ બાદ અને હઝરત ઈસા علیہ السلامની વિલાદતથી હજાર અગ્યારસો વરસ પૂર્વેનો એક બનાવ વર્ણન થઈ રહ્યો છે. જેની સંક્ષિપ્ત વિગત આ પ્રમાણે છે કે અમાલિકા ફિલિસ્તીનના મોટાભાગના હિસ્સાઓ પર કબજો જમાવી ચૂક્યા હતા અને બની ઈસ્રાઈલ "રામા"ના વિસ્તારમાં ઘેરાઈને રહી ગયા હતા. તે સમયે જે તેમના નબી તથા સત્તાધારી હતા તેમનું નામ "સમૂઈલ" હતું તે ઘણા વૃદ્ધ થઈ ગયા હતા. અમાલિકાની ઈજાઓ તથા તકલીફો દિન પ્રતિ દિન વધી રહી હતી. બની ઈસ્રાઈલ ચાહતા હતા કે 'અમાલિકા'નો ખાત્મો કરે અને પોતાની ગુમાવેલી સત્તા પરત મેળવે, એટલા માટે તેમણે વારંવાર પોતાની નબી હઝરત સમૂઈલથી દરખાસ્ત કરી કે તે અલ્લાહ તઆલાથી તેમના માટે એક ملك અમીર (સરદાર)નો સવાલ કરે. હઝરત સમૂઈલ તેમની આદતોથી સારી રીતે વાકેફ હતા કે તેઓ દાવા તો ખૂબ લાંબા ચોળા કરે છે પરંતુ અમલની વખતે તેમનો સઘળો જોશ ઠંડો પડી જાય છે. એટલા માટે આપે ફર્માવ્યું કે, એવું ન બને કે અલ્લાહ તઆલા તમારા

પર જેહાદ ફર્ઝ કરે અને તમે જેહાદથી મોઢું ફેરવી લો. કહેવા લાગ્યા, હઝરત જી ! ક્યાંક એવું પણ થઈ શકે કે અમે જેહાદ ન કરીએ જ્યારે કે અમને ઘરોએથી કાઢવામાં આવ્યા અને અમારાં બાળકોથી અલગ કરી દેવામાં આવ્યા ?! અમે તો કેવળ અલ્લાહના હુકમની રાહ જોઈએ છીએ ! પરંતુ જ્યારે જ્યારે તેઓને ઈજાઝત મળી ગઈ તો ગણત્રીના અમુક માણસો સિવાય સૌએ જેહાદ કરવાથી નન્નો ભણી દીધો.

**૩૨૨.** અમુક લોકો જ્યારે કુર્આનની અમુક આયતોમાં **ملك** શબ્દ પઢે છે તો તેમને ખયાલ ઉદ્‌ભવે છે કે કદાચ ઈસ્લામ રાજયસત્તાને ચાહવાવાળો છે અને રાજનૈતિક રીતે રાજા શાહીનો ઝંડાધારી છે એટલા માટે આપણે **ملك** શબ્દની તેહક઼ીક઼ કરી લેવી જરૂરી છે. મોટાભાગના મુફસ્સિરો જેમાં બયઝાવી પણ છે, તેઓએ **ابعث لنا ملكا** નો અર્થ કર્યો છે : **اقم لنا اميرا ننهض معه للقتال يدبر امره** અટલે કે, અમને એક અમીર તથા લીડર અતા ફર્માવ જેના ઝંડા હેઠળ અમે જેહાદ કરીએ અને જંગની સર્વ વ્યવસ્થા તેની નિગરાનીમાં થાય. તો આ સ્પષ્ટતાથી જાહેર થઈ ગયું કે અહીં મુલ્કથી મુરાદ સેનાપતિ છે અને અરબી ભાષામાં શબ્દ **ملك** રઈસ તથા અમીરના અર્થમાં સામાન્ય રીતે વપરાય છે. તેમજ એક વાત અહીં અન્ય પણ વિચારવા પાત્ર છે કે રાજયસત્તા અથવા રાજાશાહી રાજ વ્યવસ્થાનો ભાવાર્થ એ છે કે હુકૂમતનો સરદાર એકલો સર્વ સત્તાધીશ હોય છે. ક઼ાયદાનું ઘડતર, રાજ્ય વ્યવસ્થા, દેશના સર્વ ખજાનાઓ તેના હાથમાં હોય છે. સર્વ તેના સમક્ષ જવાબદાર હોય છે અને તે કોઈની સમક્ષ કોઈ કાર્યના માટે જવાબ આપવા બંધાયેલો નથી હોતો. અહીં જ્યારે સમૂઈલ નબી મૌજૂદ છે તો ક઼ાનૂન તે જ થશે જે એમની શરીઅતનો છે, ઉચ્ચ સત્તા તેમની જ પાસે રહેશે. તેમની મૌજૂદગીમાં કોઈ એવી વ્યક્તિની નિયુક્તિનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો જે સર્વ સત્તાધીશ તથા સર્વનો મુખ્ત્યાર હોય. એટલા માટે કેવળ **ملك** શબ્દથી ઈસ્લામ પર રાજયસત્તાની વ્યવસ્થાનો આક્ષેપ લગાડવો સરાસર હક઼ીક઼તથી વિરુદ્ધનું કૃત્ય છે. બીજુ કે આ બનાવ બની ઈસ્રાઈલનો છે, અને જે કાંઈ તેમણે કહ્યું તેને કુર્આને વર્ણન કરી આપ્યું. એનાથી એવું ક્યારે સાબિત થાય છે કે કુર્આને તેમની એ માંગણીને પસંદ કરી અને મુસલમાનોને રાજાશાહી વ્યવસ્થા અપનાવવાનો હુકમ આપ્યો ? બલ્કે બાઈબલમાં સમૂઈલ પ્રકરણના શરૂમાં જે આયતો છે તે ખુલાસો કરે છે કે તેમની આ માંગણીને ન અલ્લાહ તઆલાએ પસંદ ફર્માવી ન અલ્લાહના નબીએ. (ﷺ)

---

પેજ નં. **૪૪** નું ચાલુ...

બયઅતના શરફથી નવાઝયા. તલબાએ ઈશાની નમાઝ હઝરતની પાછળ પઢી. ઈશાની નમાઝ બાદ શૈખ અલાઉદ્દીન હાઈક હુઝૂર તાજુશ્શરીઅહ્‌ને રાતના ખાણાના માટે પોતાના ઘરે તશરીફ લઈ ગયા એ પ્રસંગે મુફ્તીએ દમિશ્ક પણ હાજર હતા. અહીંથી હુઝૂર તાજુશ્શરીઅહ્‌ શૈખ અબુલ હુદા યાકૂબી (જેઓ શામના જય્યદ આલિમે દીન છે, હદીષની ઈજાઝત માટે મેહફિલનું આયોજન કરે છે, સિહાહ સિત્તાહ વગેરેની ઈજાઝત બિસ્સમાઅ એનાયત કરે છે)થી મળવા તેમના ઘરે પહોંચ્યા. ઈલ્મી ચર્ચા થઈ, કિતાબોની આપલે થઈ. આપે એક તખ્તો જેમાં અરબી ક઼સીદો અંક્તિ હતો તે હુઝૂર તાજુશ્શરીઅહ્‌ને ભેટ ધર્યો. રવાનગીના સમયે શૈખ અબુલ હુદા યાકૂબીએ પોતાના તથા બાળકોના માટે દુઆની દરખાસ્ત કરી. હઝરતે તેમને દુઆઓથી નવાઝયા અને પાણી દમ કરીને આપ્યું.

૩–૫–૨૦૦૯, રવિવારે લગભગ ૧૨ વાગ્યે શૈખ અબુલખૈરશનાર તશરીફ લાવ્યા. હુઝૂર તાજુશ્શરીઅહ્‌ની કિતાબો પર પોતાની ઈલ્મી રાય પેશ કરી અને પોતાની કિતાબો પણ હઝરતને પેશ કરી. ત્યારબાદ હઝરતે તલબાથી મુલાકાત કરી તેમને ઓટગ્રાફ તથા નસીહતોથી નવાજ્યા. હિંદ તથા પાક.ના તલબાએ બયઅત તથા તાલિબ થવાનો શરફ હાંસલ કર્યો. લગભગ ૩ વાગ્યે હઝરત મિસરા જવા એરપોર્ટ રવાના થયા.)

*ક્રમશઃ*

દર્સે હદીષે પાક

## મિર્આતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ્ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

કાર્યાલય

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ કે અલ્લાહની બારગાહમાં ત્રણ શખ્સો સૌથી અધિક નાપસંદીદા છે : હરામમાં બેદીની કરનાર[૧], સલામમાં જાહિલિયતનો તરીક઼ો અપનાવનાર[૨], મુસલમાનના નાહક્ક઼ ખૂનનો ઈચ્છુક જેથી તેની ખૂનરેજી કરે[૩]. *(બુખારી)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે મુન્કરના સિવાય મારી સઘળી ઉમ્મત જન્નતમાં જશે[૪]. અર્ઝ કરવામાં આવી, મુન્કર કોણ છે ? ફર્માવ્યું, જેણે મારી ફર્માંબરદારી કરી તે જન્નતમાં ગયો અને જેણે મારી નાફર્માની કરી તે મુન્કર થયો[૫].

હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمની બારગાહમાં ફરિશ્તા હાજર થયા જ્યારે કે આપ صلی اللہ علیہ وسلم સૂઈ રહ્યા હતા[૬]. તો બોલ્યા કે તમારા આ સાહબની એક કહાવત છે તેમને વર્ણવી આપો[૭]. તો અમુક બોલ્યા કે તે સૂઈ રહ્યા છે અને અમુકે કહ્યું, તેમની આંખો સૂઈ રહી છે અને દિલ શરીફ જાગૃત છે[૮]. તો બોલ્યા, તમારા આ મહબૂબનું દષ્ટાંત એવું છે જેમ કે કોઈ શખ્સ ઘર બનાવે, ત્યાં દસ્તરખ્વાન રાખે અને બોલાવનારને મોકલી આપે તો જે એ બોલાવનારની વાત માની લે તે ઘરમાં આવશે તથા દસ્તરખાનથી ખાશે અને જે ન માને તે ઘરમાં તે દસ્તરખાનથી કાંઈ ખાઈ શકશે નહીં[૯]. પછી બોલ્યા કે એનો મતલબ પણ વર્ણવી આપો જેથી સારી પેઠે સમજી લઈએ[૧૦]. તો અમુક બોલ્યા કે તે તો સૂઈ રહ્યા છે, અને અમુકે કહ્યું કે આંખો સૂઈ રહી છે અને દિલ જાગે છે[૧૧]. તો બોલ્યા કે ઘર તો છે જન્નત અને બોલાવનાર છે મુહમ્મદ મુસ્તફા[૧૨] صلی اللہ علیہ وسلم. જે હુઝૂર صلی اللہ علیہ وسلمની ઈતાઅત (આજ્ઞાપાલન) કરે તે અલ્લાહનો આજ્ઞાંકિત છે અને જેણે હુઝૂરની નાફર્માની કરી તેણે અલ્લાહની નાફર્માની કરી[૧૩]. અને મુહમ્મદ (صلی اللہ علیہ وسلم) લોકોમાં સૌથી વિશિષ્ટ છે[૧૪]. *(બુખારી)*

### સ....મ....જૂ....તી....

**૧.** ‘ઈલ્હાદ’નો અર્થ છે વળવું તથા ઝુકવું, શરીઅતમાં બાતિલની તરફ ઝુકનારને મુલ્હિદ કહે છે. બદ્અક઼ીદા અને ગુનેહગાર બંનેવ મુલ્હિદ છે, એટલે કે મક્કા મુકર્રમાની હદોમાં ગુનોહ કરવાવાળો અથવા ગુનોહ ફેલાવનાર અથવા બદ્અક઼ીદગી અપનાવનાર અથવા એને રિવાજ આપનાર, કે એ હરકતો દરેક જગાએ બુરી જ છે પણ હરમ શરીફમાં ખૂબ જ પ્રમાણમાં બુરી છે કેમ કે એ જગાની તા'ઝીમના વિરુદ્ધ પણ છે. અને જેવી રીતે હરમમાં એક નેકીનો સવાબ એક લાખ નેકી છે એવી જ રીતે એક ગુનાહનો અઝાબ પણ એક લાખ છે. એટલા માટે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ મક્કા છોડીને તાઈફમાં વસવાટ કર્યો.

**૨.** એટલે કે મુસલમાન થઈને મુશ્રિકો જેવી રસમોને પસંદ કરે અને ફેલાવે, જેમ કે નોહા, છાતી કૂટવું, ફાલ કાઢવો વગેરે. એનાથી રાફઝીઓએ બોધ ગ્રહણ કરવો જોઈએ કે તેમણે જાહિલિયતની (ઈસ્લામ અગાઉની) રસમોને ઈબાદત સમજી રાખી છે.

**૩.** એટલે કે મુસલમાનને જુલ્મથી ક઼ત્લ કરવો તો મહાન ગુનોહ છે પણ ક઼ત્લ કરવાની કોશિશ પણ જુર્મ છે પછી ક઼ાતિલને નાહક્ક઼ છોડવવાની કોશિશ કરે.

**૪.** અહીં ઉમ્મતથી મુરાદ ‘ઉમ્મતે ઈજાબત’ છે જેમણે હુઝૂરની તબ્લીગને ક઼બૂલ કરીને કલ્મો પઢી લીધો, નહીં તો હુઝૂરની ‘ઉમ્મતે દા'વત’ સર્વ મખ્લૂક઼ છે.

**૫.** ઈન્કારથી મુરાદ અમલી ઈન્કાર છે અને એમાં ગુનેહગાર મુસલમાન દાખલ છે, અને જન્નતમાં દાખલ થવાથી મુરાદ દાખલ થવામાં અગ્રતા છે એટલે કે મુત્તક઼ી મો'મિન થવામાં અગ્રતાના મુસ્તહિક઼ છે. ફાસિક઼ એના મુસ્તહિક઼ નથી, જેથી હદીષ તદ્દન સ્પષ્ટ છે. અને ઈન્કારથી જો એ'તેકાદી ઈન્કાર મુરાદ છે તો મતલબ એ થશે કે મુસલમાન જન્નતનો મુસ્તહિક઼ છે કાફિર નથી, પણ પ્રથમ અર્થ અધિક સહીહ છે.

**૬.** અધિક્તર ધારણા એ છે કે આ બનાવ હઝરત જાબિરથી ખૂદ હુઝૂરે બયાન ફર્માવ્યું જેમ કે તિર્મિઝીની

રિવાયતમાં છે. મલાઈકાથી મુરાદ ફરિશ્તાઓની અમુક જમાઅતો છે જેમાં હઝરત જિબ્રઈલ તથા મિકાઈલ પણ દાખલ છે. હઝરત જિબ્રઈલ આપના સિરહાને હતા અને મિકાઈલ પગોની તરફ હતા, જેમ કે એ જ તિર્મિઝીમાં છે. અને શક્ય છે કે હઝરત જાબિરે ખૂદ આ બનાવ પોતાની આંખોથી જોયો હોય અને એ ચર્ચા પોતાના કાનો વડે સાંભળી હોય, જેમ કે એ જ તિર્મિઝીમાં છે. હઝરત ઈબ્ને મસ્ઊદની રિવાયતથી સાબિત છે. સહાબા ફરિશ્તાઓને ક્યારેક જોતા પણ હતા અને તેમની વાણી પણ સાંભળતા હતા. *(મિર્કાત)*

૭. જેથી તે સાંભળીને પોતાની ઉમ્મતને પહોંચાડી આપે કેમ કે નબીનો ખ્વાબ પણ વહી છે.

૮. એટલે કે અમુક ફરિશ્તાઓએ કહ્યું કે સૂતેલાની સામે વાતચીત નિરર્થક છે જાગ્યા પછી બયાન કરજો, પણ અમુકે જવાબ આપ્યો કે તેમની ઊંઘ અન્ય લોકો જેવી નથી, તે સૂતેલી સ્થિતિમાં પણ અન્ય જાગવાવાળાઓ કરતાં અધિક હોશ ધરાવતા હતા. યાદ રાખશો કે ફરિશ્તાઓની એ વાતચીત પણ આપણને સંભળાવવા માટે છે જેથી આપણે નબીની ઊંઘના બારામાં એવો અકીદો રાખીએ, નહીં તો આ મસ્અલાથી સર્વ ફરિશ્તા વાકેફ છે. મિર્કાતમાં ફર્માવ્યું કે ફરિશ્તામય શક્તિવાળા સૂતેલ હાલતમાં અધિક મજબૂત એહસાસ ધરાવે છે, એટલા માટે અંબિયાએ કિરામની ઊંઘથી વુઝૂ નથી તૂટતું કેમ કે તેઓ બેખબર નથી હોતા. તઅરીસની રાતમાં હુઝૂરનું ફજરના સમયે ન ઉઠવું અને નમાઝનું કઝા થઈ જવું ગફલતથી ન હતું બલ્કે રબ તઆલાએ પોતાના મહબૂબ ﷺને પોતાના તરફ ધ્યાનિત કરીને નમાઝ કઝા કરાવી દીધી જેથી ઉમ્મતને કઝા નમાઝના હુકમોની જાણ થાય.

૯. مَادُبه اَدَبٌથી બન્યું જેનો અર્થ ખાવાની દા'વત થાય છે જેમ કે معتبه عَتَبٌથી ઈસ્તેલાહમાં સામાન્ય ખાવાને કહે છે, જેમ કે વલીમો વગેરે. આ દષ્ટાંતથી જન્નતમાં જઈ શકે છે ન ત્યાંની નેઅમતો ખાઈ શકે છે, ન રબ તઆલા તેનાથી રાજી. કેમ કે અલ્લાહ તરફ બોલાવનાર હુઝૂર ﷺ જ છે. એનાં દષ્ટાંતો તો મળે છે કે કેવળ હુઝૂર ﷺને માનીને વિના અમલોએ લોકો જન્નતી થઈ ગયા. ઈસ્લામના પ્રારંભમાં મેઅરાજથી પહેલાં ૧૩ વરસો સુધી કોઈ ઈબાદત ન હતી, કેવળ હુઝૂર ﷺને માનવું ઈબાદત હતી, તે વખતે મૃત્યુ પામનારા સૌ મુસલમાન જન્નતી હતા. ઘણીવાર એવું થયું કે વરસોનો કાફિર ઈમાન સ્વીકારતાં જ મૃત્યુ પામ્યો ને જન્નતી થઈ ગયો. પણ એવું દષ્ટાંત મળશે નહીં કે હુઝૂર ﷺનો ઈન્કાર કરીને બાકીની ઈબાદત કરીને કોઈ જન્નતી થઈ ગયો હોય.

૧૦. એટલે કે ખ્વાબ પણ વહી હોય અને ખ્વાબની તાબીર પણ વહીથી સમજાવવામાં આવે, નહીં તો હુઝૂરનું સમજવું એ બયાન પર અવલંબિત ન હતું.


૧૧. તેમનું બે વાર એ વાતચીત કરવું તાકીદના માટે છે જેથી કરીને કોઈ મુસલમાન એમાં શંકા ન કરે, કેમ કે નબીની ઊંઘ ગફલતનો સબબ નથી.

૧૨. હુઝૂર ﷺ મખ્લૂકને અલ્લાહની તરફ બોલાવનાર છે. રબ તઆલા ફર્માવે છે : دَاعِيًا اِلَى اللّٰهِ بِاِذْنِهٖ પરંતુ કેમ કે દીદારે ઈલાહી જન્નતમાં જ થશે એટલા માટે હુઝૂરને અહીં જન્નતના નિમંત્રક (દાઈ) કહેવામાં આવ્યા. એટલા માટે આ હદીષ કુર્આનની વિરુદ્ધ નથી.

૧૩. એની તફસીર તે આયત છે : مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ સુબ્હાનલ્લાહ ! અજબનો ભેદ છે ! કેવળ અલ્લાહનો આજ્ઞાંકિત હુઝૂરનો આજ્ઞાંકિત નથી, પણ હુઝૂરનો આજ્ઞાંકિત અલ્લાહનો આજ્ઞાંકિત છે. શૈતાન અલ્લાહનો આજ્ઞાંકિત તો હતો પણ નબુવ્વતના ઈન્કારથી ખુદાનો આજ્ઞાંકિત ન રહ્યો.

૧૪. એટલે કે કુફ્ર તથા ઈમાનનો કાફિર તથા મો'મિનમાં ફર્ક કેવળ હુઝૂર ﷺની જાનથી છે કે તેમને માનનાર જ મો'મિન છે અને તેમનો મુન્કિર કાફિર છે. તૌહીદ, જન્નત તથા દોઝખને માનવું, ફરિશ્તાઓને માની લેવા એ ઈમાન નથી, કેમ કે શૈતાન એ સૌને માનતો હતો છતાં કાફિર થયો, એ જ પ્રમાણે કૌમ તથા બિરાદરીનું એક તથા અલગ હોવું હુઝૂર ﷺના સબબે છે, હુઝૂરને માનનારો આપણો સમજાતીવાળો છે, ભાઈ છે આપણી બિરાદરીનો છે, ભલે તે ગમે તે દેશનો હોય. હુઝૂરનો મુન્કિર ન આપણી કૌમનો ન આપણી બિરાદરીનો ન હમવતન છે ભલે સગો ભાઈ હોય ! જેનો સંબંધ હુઝૂર ﷺથી તૂટયો તેનો સંબંધ ખલ્ક (ભાઈ)થી પણ તૂટયો અને ખાલિકથી પણ તૂટયો ! તૌરાત શરીફમાં હુઝૂરનું નામ ''ફારકલીત'' છે. હઝરત મસીહે હવ્વારીઓને ફર્માવ્યું હતું કે મારા પછી ''ફારકલીત'' આવશે. યુહન્નાની ઈન્જીલમાં છે કે હઝરત મસીહે ફર્માવ્યું કે જ્યાં સુધી હું જઈશ નહીં ''ફારકલીત'' આવશે નહીં. તે આવીને તેમની ગયબની ખબરો આપશે, છુપાં રહસ્યો બતાવશે.

*(અશિઅતુલ લમ્આત, કિતાબુલ્ વફા બ અખ્બારે મુસ્તફા ﷺ)*



# શિફા શરીફ

વિભાગ : ૨

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝૂલ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

## મેઅરાજને સ્વપ્નનો બનાવ કહેનારાની દલીલોનું ખંડન

وَمَا جَعَلْنَا الرُّؤْيَا الَّتِیۡ اَرَیۡنٰکَ اِلَّا فِتۡنَۃً لِّلنَّاسِ-

**"અને અમે ન કર્યું તે દૃશ્ય જે તમને દેખાડયું હતું પણ લોકોને અજમાવવા"** *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. નં. ૬૦)*

અને તેઓ કહે છે કે આ આયતમાં અલ્લાહ તઆલાએ તેનું નામ રુઆ એટલે સ્વપ્ન રાખ્યું, પરંતુ અમે કહીએ છીએ કે :–

سُبۡحٰنَ الَّذِیۡۤ اَسۡرٰی بِعَبۡدِہٖ "પવિત્રતા છે તેને જે લઈ ગયો પોતાના બંદાને" *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. નં. ૧)*

આ આયત તે વિચારને રદ કરે છે, કેમ કે આ જો સ્વપ્નની વાત હોતી તો તેને સૈર ગણવામાં આવતી નહીં અને فِتۡنَۃً થી આપણને ચેતવણી આપવામાં આવી રહી છે. અને સ્વપ્નામાં આંખના સાથે જોવાનું હોય છે જ્યારે કે સૈર (પર્યટન) તમામ માનવ શરીરના સાથે થાય છે. સ્વપ્નાની વાતમાં કોઈ ઝઘડો નથી, કોઈ તેનો ઈન્કાર કરતો નથી, કેમ કે ઉંઘની હાલતમાં દરેક આવાં સ્વપ્નો જોઈ લે છે કે તે એક ઘડીમાં જમીનના જુદા જુદા સ્થળે જઈ આવ્યો છે.

સિવાય આના પર આ આયાત وَمَا جَعَلْنَا الرُّؤْيَا ના વિશે મુફસ્સરીને કિરામ (તફસીરકારો)નો મતભેદ છે. કેટલાક હઝરાત તે તરફ ગયા છે કે આ ઝઘડાના વિશે નાઝિલ થઈ છે અને જે કાંઈ આના કારણે લોકોના દિલોમાં આવ્યું છે તેના સિવાય બીજા પણ કથનો છે. અને આ હઝરાતનું આ કથન કે હદીષમાં આ નામ મનામી (સ્વપ્નાની દશામાં) રાખવામાં આવેલ છે અને તેમનું કથન છે કે બીજી હદીષોમાં છે કે સ્વપ્ન અને જાગૃતિ વચ્ચે હતું અને તેમનું આ કથન પણ છે કે આપ સૂતેલા હતા અને આપ કહે છે કે પછી હું જાગૃત થયો.

કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આ આયતમાં વિવાદ નથી, જ્યારે કે આમાં એ શંકા છે કે જ્યારે ફિરિશ્તા આપની બારગાહમાં હાજર થયા ત્યારે આપ સ્વપ્નમાં મગ્ન હોય અથવા મેઅરાજ માટે ચાલવા ખાતર જ્યારે પહેલી વખત ફિરિશ્તો આવ્યો ત્યારે આપ સૂઈ રહ્યા હોય. હા, આપનો પાક ઈર્શાદ એ વાત પર દલીલ કરે છે કે જ્યારે હું જાગૃત થયો ત્યારે મસ્જિદે હરામમાં હતો. કદાચ આ જાગવાથી અસ્બહ્ તુ એટલે કે સવારી કરવાનો હેતુ હોય અથવા દોલતખાનામાં પાછા આવીને સૂઈ ગયા હોય અને આ બીજીવાર જાગવાથી મુરાદ હોય, અને આ તે વાતની દલીલ છે કે આપની આ સૈર તમામ રાત ન રહી પરંતુ રાતના એક ભાગમાં હતી. અને એ પણ શક્ય છે કે આપનો આ પવિત્ર ઈર્શાદ કે હું પછી જાગૃત થયો અને મસ્જિદે હરામમાં હતો. આ હાલત આપની એ કારણથી થઈ હોય કે આસમાનો અને જમીનોની બાદશાહી અને તેના અજાઈબાત (વિચિત્રતાઓ) ના નિરીક્ષણે આપને ઢાંકી લીધા હોય અને ફિરિશ્તાઓનું નિરીક્ષણ અને પોતાના રબ્બની મહાન નિશાનીઓનાં નિરીક્ષણે આપના અંતઃકરણને મુગ્ધ કરી દીધું હોય અને તે હાલતમાં જ્યારે આપ માનવીય હાલતમાં પાછા ફર્યા હોય ત્યારે મસ્જિદે હરામમાં હતા.

ત્રીજું કારણ એ છે કે ઊંઘ અને જાગૃતિ બંને પોતાના મૂળ અર્થમાં હોય જે આ શબ્દોનો પ્રબળ તકાઝો છે, પરંતુ આ સૈર શરીર સાથે કરાવવામાં આવી હોય અને આપનું હૃદય મુબારક હાજર હોય

કેમ કે : رُوٗیَا الْاَنْبِیَآءِ حَقٌّ تَنَامُ اَعْیُنُهُمْ وَ لَاتَنَامُ قُلُوْبُهُمْ ـ
(પા. નં. ૧૫૫)

''અંબિયાએ કિરામનું સ્વપ્ન સાચું હોય છે (કેમ કે) તે હઝરાતની આંખો સૂએ છે અને તેમના દિલ સૂતા નથી''

અને કેટલાક સુક્ષ્મ નિરીક્ષક હઝરાતે આ કાર્યની તરફ ધ્યાન જાહેર કર્યુ અને કહ્યું કે આપની આંખો બંધ કરવી કદાચ એ માટે હોય કે અનુભવી શકાય તેવી કોઈ વસ્તુ આપના ધ્યાનને અલ્લાહ તઆલાના તરફથી હઠાવી પોતાની તરફ મગ્ન કરે, પરંતુ અંબિયાએ કિરામને નમાઝ પઢાવતા વખતે આ વાત સહીહ હોય શકે નહીં. અને એ પણ હોય શકે છે કે મેઅરાજના દરમ્યાન આપની જુદી જુદી દશાઓ રહી હોય. ચોથું કારણ એ છે કે અહીં ચત્તા સૂવાવાળાની ઊંઘની સાથે સરખામણી કરવામાં આવી છે અને અબ્દ બિન હમીદની તે રિવાયત જે તેમણે હુમામથી કરી છે કે તેઓ એ વિચારને બળ આપે છે કે જેમાં કહેવામાં આવ્યું છે કે હું સૂઈ રહ્યો હતો અને બીજી રિવાયતમાં એમનું આ કથન છે કે હું ઊંઘ અને જાગૃત અવસ્થામાં હતો. તો શક્ય છે કે ધ્યાનને કારણે આપે આ હાલતને ઊંઘ કહી હોય જેવું કે ખાસ કરીને સૂવાની સ્થિતિ આ જ હોય છે.

કેટલાક હઝરાત આ તરફ ગયા છે કે મેઅરાજના બનાવનો વધારો એટલે ઊંઘની હાલતમાં બતાવવું અને મુબારક પેટને ચીરવાનો ઝિક્ર કરવો અને રબ جل جلالہની નજદીકી વગેરેના આ હદીષમાં જે બનાવો છે એ આ જ હદીષમાં છે જે શરીક رحمۃ اللہ علیہ (વફાત. હિ.સ. ૧૪૦ ઈ.સ. ૭૫૭) ની આ રિવાયતમાં છે જે તેમણે હઝરત અનસ رضی اللہ عنہ કરેલ છે અને આ વાતો તેમની રિવાયતથી ઈન્કાર કરનાર છે. કારણ કે સહીહ હદીષોમાં આવેલું છે કે રસૂલલ્લાહ ﷺનું મુબારક પેટ ચીરવાનો બનાવ આપના બચપણમાં થયો હતો અને નુબુવ્વતના ઘણા સમય પહેલાં, અને એ માટે આ હદીષમાં કહ્યું છે કે એલાને નબુવ્વત પહેલાં, જો કે મેઅરાજનો બનાવ સર્વસંમતિથી નબુવ્વતના એલાન પછી બનવા પામ્યો છે. જેથી આ તમામ વાતો અનસની રિવાયતના આ વધારાને બિનભરોસાપાત્ર ઠરાવે છે અને ખાસ તો એ કે ખૂદ હઝરત અનસ رضی اللہ عنہએ કેટલાય તરીક઼ાથી બયાન ફર્માવી છે કે તેઓએ બીજાઓથી રિવાયત કરી છે અને નબી કરીમ ﷺથી તેમણે આ વાત સાંભળી નથી. એ માટે ક્યારેક તો કહે છે કે માલિક સઅસઆથી અને ઈમામ મુસ્લિમની કિતાબમાં છે કે કદાચ માલિક બિન સઅસઆથી હોય. અહીં આ વાત શકના સાથે છે.

એક જગ્યાએ કહ્યું કે અબૂઝર رضی اللہ عنہ (વફાત હિ.સ. ૩૨ અને ઈ.સ ૬૫૨) હદીષ બયાન કરતા હતા. રહ્યું હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاનું આ કથન કે મેં રસૂલ ﷺના મુબારક શરીરને ગુમ કરેલ ન હતું, તેને હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا એ પોતાના અનુભવથી ફર્માવ્યું ન હતું, કેમ કે તે વખતે તો તેમને પત્ની તરીકેની ઈજ્જત પ્રાત્પ થઈ જ ન હતી ! અને તેમની વય પણ એટલી હતી કે કોઈ વાતને યાદ રાખી શકે ! અને એ બાબતમાં મતભેદ છે કે મેઅરાજનો બનાવ ક્યારે થયો. ઈમામ ઝુહરી رحمۃ اللہ علیہ (વફાત હિ.સ ૧૨૪ અને ઈ.સ. ૭૪૨) અને તેમના સાથે સંબંધ રાખવાવાળાનું કથન છે કે મેઅરાજ શરીફ ઈસ્લામની શરૂઆતમાં નુબુવ્વતના એલાનના દોઢ વર્ષ પછી થઈ, જ્યારે કે હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاની ઉંમર હિજરતના પાંચ વર્ષ પહેલાં થઈ. અને એ પણ કહેવામાં આવ્યું છે કે હિજરતના એક વર્ષ પહેલાં થઈ જ્યારે કે સવાલના નજદીક પણ કથન છે કે હિજરતના પાંચ વર્ષ પહેલાં થઈ. એમનામાંથી દરેક કથનની દલીલો લંબાણમાં છે જેનાથી અમારે અહીં કોઈ વાસ્તો નથી.

જ્યારે હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا તે સમયે મૌજૂદ પણ ન હતાં ત્યારે જાણી લેવું જોઈએ કે તેમણે સાંભળેલું બયાન બીજાના પોતાના બયાનો પર પ્રધાનતા કેવી રીતે પામી શકે છે ? જેવું કે હઝરત ઉમ્મે હાની رضی اللہ عنہا વગેરેની રિવાયતમાં પોતાની રીતે પ્રગટ થયેલ છે અને તે તમામ બયાનો તે બયાનના વિરૂધ્ધ છે. વળી આઈશાની હદીષ સાબિતી સુધી પણ પહોંચતી નથી, જ્યારે કે બીજી હદીષો આની સરખામણીમાં વધારે સાબિતી સુધી પહોંચેલી છે. અને

ઉમ્મે હાનીની હદીષથી અમારી મુરાદ તે રિવાયત નથી જેમાં હઝરત ખદીજા رضی اللہ عنہاનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય. વળી હદીષે આઈશામાં છે : રસૂલલ્લાહ ﷺનું મુબારક શરીર 'મારાથી ગુમ થયું ન હતું' જો કે તેમને સરવરે કોનો મકાં ﷺના સહવાસની ઈજાજત મદીના મુનવ્વરામાં પ્રાપ્ત થઈ હતી. આ વાક્ય હદીષે આઈશાને કમજોર કરી રહ્યું છે. હા, જે વાત પર હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہاનું કથન સ્પષ્ટ દલીલો કરી રહ્યું છે તે ફખ્રે દો આલમ ﷺને મેઅરાજ મુબારક શરીર સાથે થઈ હતી કેમ કે તેમણે કહ્યું હતું કે નબી કરીમ ﷺએ પોતાના રબ્બને જોયો ન હતો. જો તેમના નજીક મેઅરાજનો બનાવ સ્વપ્નાની વાત હોત તો તેનો ઈન્કાર કરવાની જરૂરિયાત જ ન હતી.

જો એ કહેવામાં આવે કે અલ્લાહના દીદારની બાબતમાં અલ્લાહ તઆલાએ مَا كَذَبَ الْفُؤَادُ مَا رَاٰى (દિલે જૂઠ કહ્યું નહીં જે જોયું) ફર્માવ્યું છે જો કે આ આયતમાં અલ્લાહના દીદારને દિલની તરફ સંબંધિત કરેલ છે. એ માટે આ વાત પર દલીલો છે કે ઉલ્લેખ કરેલ અલ્લાહના દીદાર સ્વપ્નસ્થ અવસ્થામાં અથવા વહી દ્વારા જોયા છે, આંખોથી નહીં. અથવા બીજા કોઈ દ્વારા દીદાર કર્યો છે. આના જવાબમાં અમે કહીએ છીએ કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ مَا زَاغَ الْبَصَرُ وَمَا طَغٰى (આંખ ન કોઈના તરફ ફરી ન હદથી આગળ વધી) આના વિરુદ્ધ છે, કેમ કે આ આયતમાં દીદારને અલ્લાહ તઆલાએ આંખના તરફ સંબંધિત કરેલ છે અને તફસીરકારોએ مَا كَذَبَ الْفُؤَادُ مَا رَاٰىની તફસીરમાં ફર્માવ્યું છે કે આંખે જે હકીકતને જોઈ દિલે તેમાંથી શક અથવા વહેમનો અનુભવ ન કર્યો. પરંતુ એ અલ્લાહનો દીદારને કરવાને સ્વીકારી લીધું, અને એ પણ કહેવામાં આવ્યું છે કે આપના દિલે એ વસ્તુઓનો ઈન્કાર ન કર્યો જે આપની મુબારક આંખોએ જોયું હતું.

પેજ નં. ૦૨ નું ચાલુ...

શ્રીલંકાના ઉત્તરી તથા પૂર્વી ભાગોમાં મુસલમાનો પર શું ગુજરી છે ? અંગ્રેજી મીડિયાની વાત તો છોડો ઉર્દૂ મીડિયાએ પણ આ બનાવોને નોંધપાત્ર નથી જાણ્યા, જ્યારે કે વાત બે ચાર માણસોની નથી બલ્કે લાખો મુસલમાનોને જુલ્મથી બેઘર કરવાની છે.

મુસલમાનો પર તમિલ વિદ્રોહીઓના હુમ્લાઓમાં ૧૯૮૫થી જબરદસ્ત સખ્તી આવી. સિતમ તો એ કે જ્યારે સિંહલી ગવર્નમેન્ટ અથવા સિંહલી આબાદી પર તમિલ હુમ્લા થાય તો ફોજ સક્રિય બનતી અને L.T.T.E.ના અડ્ડાઓ પર હુમ્લા કરવામાં આવતા, પરંતુ એ જ તામિલ વિદ્રોહીઓ જ્યારે મુસલમાનો પર હુમ્લો કરતા તો ગવર્નમેન્ટ તથા ફોજ કેવળ પ્રેક્ષક બની રહેતી !

L.T.T.E. નો જુલ્મ એ રહેતો કે મુસલમાન ખેડૂત ત્યારે જ ડાંગરની ફસલ કાપી શકતો જ્યારે તે L.T.T.E.ની સ્થાનિક ઓફીસે જઈને રૂા. ૫૦૦/– જમા કરાવે. જો કોઈ મુસલમાન ખેડૂત ટ્રેકટર ખરીદવા ચાહતો તો પ્રથમ રૂા. ૫૦૦૦/– L.T.T.E.ની સ્થાનિક ઓફીસે જમા કરાવવા પડતા. જે એમનો વિરોધ કરતો તેનું અપહરણ કરવામાં આવતું. L.T.T.E.ના ગુંડાઓ તેને પ્રથમ ક્રુરતાપૂર્વક મારી નાખતા પછી તેની લાશ મુસલમાનોના મહોલ્લાઓમાં નાખી જતા જેથી લોકોમાં આતંક ફેલાઈ જતો. ઉપરથી જુલ્મ એ કે L.T.T.E.ને ખંડણી આપનાર મુસલમાનોને ફોજ સજા આપતી ! રક્ષા તો ન કરી શકતી ઉપરથી ઉલ્ટી દંડાડતી ! આમ મુસ્લિમો બંને બાજુ પીસાતા રહ્યા.

શ્રીલંકાના મુસ્લિમોના સંબંધે તેમના વિરોધીઓ પણ સ્વીકારે છે કે તેઓ કદી પણ શ્રીલંકાની સલામતીના માટે ખતરો નથી બન્યા. તેમણે શ્રીલંકાની પ્રગતિમાં અન્ય કૌમો કરતાં અધિક ભાગ ભજવ્યો છે, છતાં આજ સુધી શ્રીલંકન મુસ્લિમો બે તરફનો માર વેઠતા રહ્યા. આજે જ્યારે L.T.T.E.નો ખાત્મો બોલી ગયો અને નવી રાજનીતિઓ ઘડાઈ રહી છે, નવા નવા ગૃપો પોતાની માંગોની સાથે આવી રહ્યા છે એવામાં "શ્રીલંકા મુસ્લિમ કોંગ્રેસ" જે મુસલમાનોની રક્ષાની માંગ કરી રહી છે તો શ્રીલંકન ગવર્નમેન્ટે આ માંગ પર ગંભીરતાપૂર્વક વિચારણા કરવી જોઈએ. માનવ અધિકારની બાબતે વિશ્વાસ ધરાવતી વ્યક્તિઓ તથા ગવર્નમેન્ટોએ પણ જોઈએ કે શ્રીલંકન ગવર્નમેન્ટ પર દબાણ મૂકે જેથી શ્રીલંકાના લગભગ ૨૦ લાખ મુસલમાનોને તેમનો હક્ક મળે. તેઓ ન પોતાના માટે ફંડ માંગે છે, ન નોકરીઓમાં હિસ્સો માંગે છે પણ તેઓ ફક્ત પોતાની સલામતી માંગે છે. અત્યાર સુધી શ્રીલંકા ગવર્નમેન્ટ પાસે એ બહાનું હતું કે L.T.T.E. ના કબ્જાવાળા પ્રદેશોમાં મુસલમાનોની રક્ષા કઈ રીતે કરીએ ? પણ જ્યારે L.T.T.E.નો મૃત્યુ ઘંટ વાગી ચૂક્યો તો હવે મુસ્લિમોની રક્ષા અનિવાર્યપણે થવી જોઈએ.

*–(ન્યુ એઝ વિઝન, મે–૨૦૦૯,માંથી સાભાર)*

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી છે એટલે કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

### ★ નમાઝની બહાર કુર્આન શરીફ પઢવાનું બયાન ★

**મસ્અલો** : ગુસલખાના (બાથરૂમ) અને નાપાકીની જગ્યાએ કુર્આન મજીદ પઢવું નાજાઈઝ છે. *(ગુન્યા, બહાર)*

**મસ્અલો** : જ્યારે ઊંચા અવાજથી કુર્આન શરીફ પઢાતું હોય ત્યારે દરેક હાજરજનોએ સાંભળવું ફરજ છે જ્યારે એ હાજર રહેલાઓ સાંભળવા માટે જ આવેલા હોય, નહીં તો એક જ માણસે સાંભળી લેવું પણ બસ છે, જો બીજા પોત પોતાના કામોમાં હોય.

**મસ્અલો** : એક મજલિસમાં બધા જ લોકોએ ઊંચા અવાજે જોરથી પઢવું હરામ છે. ઘણુ કરીને ઉર્સ અને ફાતેહાના પ્રસંગે બધા લોકો જોર જોરથી પઢે છે એ **હરામ** છે. જો એકથી વધુ માણસો પઢવાવાળા હોય તો હુકમ એ છે કે આહિસ્તા અવાજથી પઢે. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલો** : બજારોમાં અને જ્યાં પણ લોકો પોતાના કામમાં પ્રવૃત્ત હોય ત્યાં જોરથી પઢવું જાઈઝ નથી, જો લોકો સાંભળશે નહીં તો પઢનાર ગુનેહગાર થશે.

**મસ્અલો** : તિલાવત કરવાની હાલતમાં બેઠા હોય અને એવા સમયે કોઈ દીની બુઝુર્ગ વ્યક્તિ કે ઈસ્લામી બાદશાહ કે આલિમે દીન કે પીર કે ઉસ્તાદ કે બાપ આવી પડે તો તિલાવત કરનાર તેમની તા'ઝીમ માટે ઉભા થઈ શકે છે. *(ગુન્યા, બહારે શરીઅત)*

**મસ્અલો** : જે માણસ ખોટું પઢતો હોય તેને સાંભળનારે **ભૂલ બતાવી દેવી વાજિબ** છે પરંતુ શરત એ કે ભૂલ બતાવવાને કારણે કિનો, હસદ ઉત્પન્ન ન થતી હોય. *(ગુન્યા, બહાર)*

**મસ્અલો** : કોઈ બીમાર કે સૂતેલાને કે નમાઝીને તકલીફ થાય તેમ ન હોય તો કુર્આન શરીફ અવાજથી પઢવું અફઝલ છે.

**મસ્અલો** : કુર્આન શરીફ પઢી ભૂલાવી દેવું ગુનોહ છે કયામતના દિવસે આંધળો અને કોઢી બની ઉઠશે.

**મસ્અલો** : કુર્આન શરીફની તરફ પીઠ કરવી કે પગ લાંબા કરવા નહીં અને પગોને એનાથી ઊંચા પણ કરવા નહીં તેમજ પોતાના કરતાં નીચી જગ્યાએ પણ કુર્આન શરીફ ન હોવું જોઈએ.

**મસ્અલો** : કુર્આન શરીફ ઉપર કોઈ કિતાબ પણ મૂકવામાં ન આવે, ભલે તે ફિક્હ (મસાઈલ) અને હદીષ શરીફની હોય.

**મસ્અલો** : કુર્આન મજીદ એટલું જૂનું અને ફાટી ગયું કે પઢી શકાય તેવું ન રહ્યું તો તેને પાક કપડામાં લપેટીને એવી જગ્યાએ દફન કરવામાં આવે કે તેની બેઅદબી ન થાય અને દફન કરવામાં પણ એને માટે કબ્ર ખોદે કે જેથી એના ઉપર માટી ન પડે.

**મસ્અલો** : જૂનું કુર્આન શરીફ કે જે પઢી શકાય તેવી હાલતમાં ન રહ્યું હોય તો તેને બાળવામાં ન આવે બલ્કે દફન કરવામાં આવે.

**મસ્અલો** : કુર્આન મજીદ જે પેટીમાં હોય તેના ઉપર કપડું કે બીજું કંઈ મૂકવામાં ન આવે.

**મસ્અલો** : કોઈએ ફક્ત બરકત અને ભલાઈ મેળવવા ખાતર કુર્આન શરીફને પોતાના મકાનમાં રાખ્યું છે અને તિલાવત કરતો નથી તો તે ગુનેહગાર નથી બલ્કે એની નિય્યત સવાબનું કારણ છે. *(કાઝીખાન)*

### ★ જમાઅતનું બયાન ★

જમાઅતની ઘણી જ તાકીદ છે અને એનો સવાબ ઘણો જ વધારે છે, ત્યાં સુધી કે જમાઅત સાથે પઢેલી નમાઝનો સવાબ એકલા પઢવા કરતાં ૨૭ ઘણો વધુ છે.

**મસ્અલો** : પુરૂષોએ જમાઅત સાથે નમાઝ પઢવી **વાજિબ** છે. ખાસ વધુ પેજ નં. ૩૯....પર

## ઈસ્લામના પ્રચારનો કામયાબ તરીકો કયો ?!

ર...જૂ...ક...ર્તા... :
મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી
(ખતીબો ઈમામ સેન્ટ્રલ મસ્જિદ, લેસ્ટર, યુ.કે.)

અલ્લાહ તઆલાએ પોતાના જે મુકદ્દસ બંદાઓને નબુવ્વત અતા ફર્માવી તેમને એ જવાબદારી પણ સોંપવામાં આવી કે ઈન્સાનોની ઈસ્લાહ (સુધારણા) કરી તેઓને બંને જહાનની સઆદત તથા ભલાઈ અતા ફર્માવે.

### ★ ઈસ્લાહ કરી કોને કહેવાશે ? ★

વિચારવાની વાત એ છે કે ઈસ્લાહ (સુધારણા)નો અર્થ શું છે ? એક ગરીબ માણસની ખાલી જોલીને મોતી અને જવાહેરાતથી ભરી દેવામાં આવે તો તમે તેની ગરીબી તો દૂર કરી પણ એ કહેવું મુશ્કેલ છે કે આપે તેની ઈસ્લાહ પણ કરી આપી. બની શકે છે કે ગરીબીની હાલતમાં જે માણસ શાંત અને સીધો હતો પણ હવે દૌલત આવ્યા પછી દૌલતના નશામાં ફિત્ના તથા લડાઈની આગ ભડકાવવા લાગે. એક માણસ જેની પાસે રહેવાની કોઈ જ સગવડ નથી અને તમે એને ઘર બાંધી આપો તો એનો મતલબ એ નથી કે તમે એની ઈસ્લાહ કરી નાખી. બની શકે છે કે રહેવાની સગવડ ન હતી ત્યારે માણસ સારો હતો અને પછી દૌલત મળ્યા બાદ ગુનાહોમાં પોતાની જિંદગી વિતાવવા લાગે.

ઈસ્લાહનો એક જ રસ્તો છે કે માણસનું દિલ સુધારવામાં આવે. જેનું દિલ સુધરી જાય તો ગરીબી તેને ગુનાહો તરફ ધકેલી નથી શકતી અને માલદારી તે માણસને ઘમંડી નથી બનાવી શકતી. દરેક સંજોગોમાં તે અલ્લાહનો નેક અને ફર્માબરદાર બંદો હશે. પ્યારા નબી ﷺનું ફર્માન છે : ''બેશક ! શરીરમાં ગોશ્તનો એક ટુકડો છે, જો એ સુધરી જાય છે તો સંપૂર્ણ શરીર સુધરી જાય છે અને એ બગડે છે તો આખુ શરીર બગડી જાય છે. કાન ખોલીને સાંભળી લો કે તે દિલ છે.''

### ★ દિલની સુધારણા કઈ રીતે થાય ? ★

વિચારવાની વાત એ છે કે દિલને સુધારવાનું કામ કઈ રીતે થઈ શકે છે ? દિલનો કિલ્લો ઘણો જ મજબૂત હોય છે અને તેની દીવાલો મજબૂત હોય છે. માત્ર વાતો ભલે ને કેટલીયે સાચી હોય, ખૂબ જ સારા સ્વર તથા શબ્દ સાથે કેમ ન હોય, કાનો સાથે ટકરાયને પરત ફરે છે, દિલના કાનો આવી વાતો નથી સાંભળતા જ્યાં સુધી કે કહેનાર પોતાની વાતો પર પોતે અમલ ન કરતો હોય. અમલ જેટલો સારો હશે અને તેમાં જેટલો ખુલૂસ અને લિલ્લાહિયત હશે એટલી જ દિલને જીતવા અને ફતહ કરવામાં કામયાબી મળશે.

જ્યારે જગતમાં ચોતરફ ગુમરાહીનો અંધકાર હતો. અલ્લાહની રહમતને જોશ આવ્યો અને ઈન્સાનોની હિદાયત માટે કુર્આન જેવી કિતાબ નાઝિલ ફર્માવી પણ એ રીતે નહીં કે હઝરત જિબ્રઈલ પહાડની ટોચ પર આવી કુર્આન ત્યાં મૂકી ગયા અને મક્કાવાળા તેને પઢી ગુમરાહીથી નજાત પામ્યા, બલ્કે આ સત્ય અને સચ્ચાઈની દા'વત પહેલાં તેની દા'વત આપનારની વ્યવસ્થા કરવામાં આવી. દિલની દુનિયામાં સચ્ચાઈનો ઝંડો લહેરાવવા માટે પરવરદિગારે પોતાના રસૂલ ﷺને તા'લીમ આપી, આપની તર્બિયત ફર્માવી.

ફર્માવ્યું : ''હે મહબૂબ ! તમારા રબે તમને યતીમ પામ્યા તો તમને પોતાની રહમતની આગોશમાં લઈ લીધા.''

પ્યારા નબી ફર્માવે છે કે : ''મારા રબે મને અદબ શીખવાડી અને શીખવાડવામાં કમાલ ફર્માવ્યો.''

આ ખાસ તા'લીમ અને અદબ આપ્યા બાદ અલ્લાહ તઆલાએ પોતાના હબીબને કિતાબ આપી દુનિયાની રહનુમાઈ માટે મોકલ્યા અને ફર્માવ્યું :–

સત્યનો પયગામ જાણવો હોય તો કુર્આનનો અભ્યાસ કરો અને કુર્આનની તા'લીમ અને શીખામણનો નમૂનો જોવો હોય તો મારા પ્યારા નબીની જિંદગી જુઓ. કિતાબમાં જે કાંઈ પઢશો અહીં તમને પ્રેક્ટિકલ જોવા મળશે. ફર્માવ્યું, "ધ્યાનથી જુઓ શું અહીંયાં તમને કોઈ કમી જોવા મળે છે ? એકવાર નહીં વારંવાર જુઓ, તમારી નિગાહો તાકતાં થાકશે પણ તમને કોઈ કમી અથવા ખામી જોવા નહીં મળે."

એટલા માટે જ જ્યારે ઉમ્મુલ મો'મિનીન બીબી આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ને કોઈએ નબી પાક ﷺના અખ્લાક઼ વિશે સવાલ કર્યો તો આપે ફર્માવ્યું કે, આપના અખ્લાક઼ સંપૂર્ણ રીતે કુર્આન મુજબ હતા.

### ★ માનવો માટે શ્રેષ્ઠ જીવનનો નમૂનો ★

કુર્આને પાકમાં ફર્માવવામાં આવ્યું :–

"તમારા માટે અલ્લાહના રસૂલની પ્યારી જિંદગી ખૂબ જ સારો નમૂનો અને આઈડિયલ છે. અલ્લાહ તઆલાએ એ હક઼ીક઼ત બયાન ફર્માવી કે મારા હબીબનો અમલ સામાન્ય પ્રકારનો નમૂનો નથી બલ્કે એ આઈડિયલ છે જેમાં હુસ્ન તથા ખૂબસૂરતી છે, જમાલ છે, જેની ચમક સમક્ષ દિલોનાં તાળાંઓ તૂટીને પડી જાય છે. જેની અદાઓના તાપથી વિરોધની ચટ્ટાનો પીગળી જાય છે.

સીરતે મુસ્તફામાં ખૂબસૂરતી તથા હુસ્નના બધા જ પાસાંઓ છુપાયેલાં છે. જાણનારા જાણે છે કે ખૂબસૂરતીના અગણિતરૂપ હોય છે. હસીન ચેહરો અને આંખો સિવાય સચ્ચાઈ, એકાગ્રતા, બહાદુરી, સખાવત આ બધાં હુસ્ન તથા ખૂબસૂરતીનાં રૂપ છે જે નબી પાક ﷺની મુક઼દસ જિંદગીમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે.

આ તે ગલી છે જેમાં આવી દિલની દુનિયા બદલાઈ જાય છે પછી હક઼્ક઼ તથા સત્યની દા'વત તેના અંતરમાં ઉતરી જાય છે અને સત્ય અને સાચા દિલથી તે દા'વતને ક઼બૂલ કરે છે. એ જ કારણે બારગાહે મુસ્તફાથી ફયૂઝયાબ થનારાઓમાં આપણને અરબી પણ મળે છે અને અજમી (ગૈર અરબી) પણ, કૃપાળુ અને બહાદુર પણ મળે છે અને અશક્ત તથા કમજોર પણ મળે છે, માલદાર પણ અને નાદાર પણ મળે છે. જે કોઈનામાં પણ હુસ્ન (ખૂબીઓ)ના કોઈ પાસા માટે આકર્ષણ હોય છે તે અહીં આવીને સ્વીકૃતિનું શીશ નમાવી દે છે. હક઼ીક઼તને ઓળખી પાડતી આંખો હુઝૂર ﷺના સહાબાના જીવનચરીત્રોના આઈનામાં જમાલે યાર (નબી પાક ﷺ)ના ખૂબસૂરત ચમકતા પ્રતિબિંબને જુએ છે. હુઝૂર ﷺની ફૈઝ વેરતી આંખોથી તૃપ્ત થનારાઓમાં નબુવ્વતનો રંગ ઝલકતો જોવા મળે છે. નબી કરીમ ﷺનો આ નમૂનો જેટલો સુંદર તથા મનોહર છે એટલા જ પ્રમાણમાં વિશાળ પણ છે. જીવનનું કોઈ પાસુ એવું નથી જેના માટે એમાં પ્રોગ્રામ ન હોય, ઈન્સાનિયતનો કોઈ રોગ એવો નથી જેના માટે એમાં દવા ન હોય. અંધકારના એક પછી એક પડોને દૂર કરવા એ તેની ખાસિયત છે. એની બરકતથી ગંદકીઓ દૂર થાય છે. રૂહને પાકીઝગી તથા દિલને પવિત્રતા નસીબ થાય છે. સીરત તથા કિરદારમાં એવી અડગતા જોવા મળે છે જેને કોઈ ભૂકંપ હલાવી નથી શકતો. ઈબાદતો, મામલાઓ, સંસ્કાર તથા સાંસ્કૃતિ, આર્થિક ક્ષેત્ર કે સામાજિક સારાંશ કોઈપણ ક્ષેત્ર હોય આ શ્રેષ્ઠ નમૂના (નબી ﷺ)ની રહમતનું વાદળ તેમના પર છાંયડો કરતુ રહે છે અને પોતાની રિમઝિમ વડે મૌતની સોડમાં સૂતેલી લાયકાતોને જાગૃત કરે છે, તેનો ઉછેર કરે છે અને જિંદગીના દામનને દર્દ તથા સોઝથી લબરેઝ કરી આપે છે.

### ★ હિકમતના ગુલશનનાં રંગબેરંગી ફૂલો ! ★

મારા માટે એ તો શક્ય નથી કે આ સંક્ષિપ્ત લેખમાં હુઝૂર સરવરે આલમ ﷺના સર્વ સારા અખ્લાક઼ોના સર્વ પાસાંઓને ટૂંકાવીને વર્ણન કરી શકું, અલ્બત્ત

આ હિકમતના ગુલશનનાં એકાદ બે રંગીન ફૂલો પેશ કરવાની સદ્‌નસીબી જરૂર હાંસલ કરીશ. આ પ્રસંગો તો તદ્દન સાદા છે પણ તેની તાષીરથી અરબના ગામડિયા રણવાસીઓનાં દિલોમાં એક હલચલ મચી ગઈ અને તેઓમાં એક અજબની ક્રાંતિ જાહેર થઈ ગઈ.

નબી કરીમ ﷺ એકવાર સફરથી પરત થઈ રહ્યા હતા. માર્ગમાં પડાવ થયો. વિવિધ માણસોને વિવિધ જિમ્મેદારીઓ સોંપી દેવામાં આવી. કોઈ તંબૂ ખડા કરી રહ્યું છે, કોઈ સવારીના જાનવરોના ચારાની વ્યવસ્થા કરી રહ્યું છે, કોઈ પાણી ભરીને લાવી રહ્યું છે, કોઈ આટો ગુંદી રહ્યું છે, સૌ પોતપોતાનાં કામમાં લાગેલા છે. હુઝૂર ચુપકીદીથી ઉઠીને ત્યાંથી ક્યાંક ચાલ્યા જાય છે. સહાબાએ કિરામ થોડીવાર પછી હુઝૂર ﷺને પોતાનામાં ન જોતાં બેચૈન થઈ જાય છે. આતુરમય આંખો વડે ચોતરફ તલાશમાં લાગી જાય છે. જેમ જેમ મોડુ થતુ જાય છે તેમ તેમ બેચેની તથા અજંપો વધતો જાય છે ત્યાં સુધી કે સહાબાએ કિરામને દૂરથી એક નૂરાની શક્કલવાળો આવતો દેખાય છે. જ્યારે નજીક આવે છે તો એ જોઈને સૌ આશ્ચર્યચક્તિ થઈ જાય છે કે તેમનો આક઼ા તથા મુર્શિદ જંગલથી લાકડીઓ વીણીને તેનો ભારો બનાવીને પોતાના માથા પર ઉઠાવીને લાવી રહેલ છે ! સહાબાએ કિરામે અર્ઝ કરે કે, યા રસૂલલ્લાહ ! (ﷺ) આપે આ તકલીફ કેમ ઉઠાવી ? અમે ગુલામો આ કામ માટે પૂરતા ન હતા ? હુઝૂર ﷺએ ખૂબ જ સાદાઈથી ફર્માવ્યું :–

''તમે સૌ કામ કરતા હતા તો મેં યોગ્ય ન જાણ્યું કે હું પોતે સાહેબ બનીને બેસેલો રહું.''

સહાબાએ કિરામ જેઓ આ નૂરાની મન્ઝર જોઈને પહેલેથી જ આશ્ચર્યમાં ગરકાવ હતા તેમાંય આપનો આ સાદો સિમ્પલ જવાબ સાંભળીને તેમના ઈમાન તથા યક઼ીનમાં ઔર મજબૂતી આવી ગઈ.

ખંદકના મેદાનમાં આ બનાવની કોને ખબર નથી કે જો સહાબાએ કિરામ ખાઈ (ખંદક) ખોદવામાં વ્યસ્ત છે તો તેમના નબી મુકર્રમ ﷺ પણ હાથમાં કોદાળો લઈને ક્યારેક પથરીલી જમીનને ખોદી રહ્યા છે અને કદીક માટીથી ભરેલી ટોપલી પોતાના મુબારક માથા પર ઉઠાવીને બહાર ફેંકી રહેલ છે !

હુઝૂર ﷺની અમલી જિંદગીની આ જ હૃદયાકર્ષક્તાઓ હતી જેમણે અરબના ગામડાવાસીઓને ઈસ્લામના દીવાના બનાવી દીધા હતા. આજે પણ જો આપણે એવું ચાહીએ છીએ કે ઈસ્લામની દા'વતનો સત્કાર થાય અને હક્ક઼નો પયગામ દિલોની દુનિયામાં હલચલ પેદા કરી આપે તો તનો કેવળ આ જ માર્ગ છે કે કુર્આને કરીમની તા'લીમતના હસીન મુદ્દાઓને નબી કરીમ ﷺની સીરત (જીવનચરીત્ર)ના સ્વચ્છ આઈનામાં લોકોને દેખાડવામાં આવે જેથી હક્ક઼ના જમાલને તેઓ પોતાની આંખો વડે જોઈ લે અને તેની ફિતરતના સામે સ્વીકારની ગરદન ઝુકાવી આપે. જ્યાં સુધી આપણે હુઝૂર ﷺની સીરતના વિવિધ પાસાંઓને લોકો સમક્ષ રજૂ કરીશુ નહીં ત્યાં સુધી આપણે આપણી તબ્લીગની જવાબદારીથી મુક્ત થઈ શકીશું નહીં અને ન આપણી વાતોને લોકો પાસે મનાવી શકીશું. માનવ જાતને હાલમાં ઈસ્લામ ધર્મની જેટલા પ્રમાણમાં જરૂરત છે એટલી કદાચ પહેલાં કદી ન હતી. પ્રગતિ પામેલ કૌમો પોતાની સંસ્કૃતિ તથા સંસ્કારથી થાકીને નિરાશ થઈ ચૂકી છે, તેમને જરૂરત છે કે તેઓ ઈસ્લામના મધૂર ઝરણા વડે પોતાની તરસ છીપાવે. એટલા માટે દરેક તે વ્યક્તિ જેના દિલમાં ઈન્સાનિયતના માટે દર્દ છે, જેઓ પોતાના ભાઈઓની ગુમરાહી પર દુઃખ અનુભવી રહ્યા છે, જેને નબી કરીમ ﷺની નબુવ્વત તથા દા'વતના કામિલ તથા સંપૂર્ણ હોવાનું યક઼ીન છે તેનો એ ખુશ્નુમા ફરીઝો છે કે એ અંધારાઓમાં ભટકનારી મખ્લૂક઼ના માર્ગદર્શન માટે હુઝૂર ﷺની સીરતને ખૂબ જ દલીલસભર તથા આકર્ષક અંદાઝમાં રજૂ કરે.

*–(મક઼ાલાત, પીર કરમશાહ અઝહરી)*

# દા'વત તથા તબ્લીગ઼

## હદીષોની રોશનીમાં

રજૂકર્તા
મૌલાના ઈમરાન રઝા
મિસ્બાહી દયાદરવી
(મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે
ખ્વાજા–આમોદ)

રસૂલે કાએનાત ﷺનો લાવેલો દીન એક સંપૂર્ણ ખુદાઈ પયગામ છે. કુર્આને મુક઼દ્દસની આયતો અને અહાદીષે કરીમાથી સાબિત છે કે આપની ઉમ્મત આપના અનુકરણમાં વિશ્વની ક઼ૌમો અને ઉમ્મતો તરફ઼ મબ્ઊષ કરવામાં (મોકલવામાં) આવી છે. આ ઉમ્મતને એટલા માટે જાહેર કરવામાં આવી કે દા'વત તથા તબ્લીગ઼, અમ્ર બિલ્મઅરૂફ઼ (સારી વાતોનો આદેશ) અને નેહી અનિલ્મુન્કર (બુરી વાતોથી રોકવું)નો ફ઼ર્ઝ અદા કરે. એટલે જ તો આ ઉમ્મતની પ્રશંસા આ શબ્દોમાં કરવામાં આવી :–

كنتم خير امة اخرجت للناس تامرون بالمعروف وتنهون عن المنكر

આ આયતમાં જણાવવામાં આવ્યું કે આ ઉમ્મત એટલા માટે બેહતર છે કે તેમાંની પ્રત્યેક વ્યક્તિ પોતપોતાની રીતે લોકોને બુરાઈઓથી રોકે છે, ભલાઈઓનો હુકમ આપે છે. તેમની પેદાઈશનો મક઼સદ નેકીની દા'વત, ભલાઈઓ ફેલાવવી અને બુરાઈઓને રોકવું છે.

જેમ વ્યક્તિગત રીતે આ સદકાર્ય (દા'વત તથા તબ્લીગ઼) નો હુકમ આપવામાં આવ્યો છે તેમ સામૂહિક રીતે ચળવળ (તેહરીક)ની શકલમાં સંગઠન બનાવી એક જુથ થઈ લોકોનું બુરાઈઓને રોકવું તથા ભલાઈઓનો હુકમ આપવું, નેકીઓ ફેલાવવું વગેરેને પણ મહત્તા આપવામાં આવી છે. જેમ કે કુર્આને કરીમમાં ફ઼ર્માવવામાં આવ્યું :–

ولتكن منكم امة يدعون الى الخير ويامرون بالمعروف ينهون عن المنكر واولٓئك هم المفلحون

આખી ઉમ્મતની ભલાઈ તથા સુધારણા અને સમગ્ર ઈન્સાનિયતને ભલાઈની દા'વત આપવી, ગુમરાહી તથા બેદીનીથી બચાવી નેકી અને હિદાયતના માર્ગે દોરવાની કોશિશ કરવી, ભલે વ્યક્તિગત રીતે હોય કે સામૂહિક રીતે એ જ ઉમ્મતે મુહંમદિયાનું કાર્ય છે. માટે આ ઉમ્મત ''દાઈ઼'' (નેકીની દા'વત આપનાર) અને પૂરી ઈન્સાનિયત ''મદ્ઊ'' (જેને દા'વત આપવામાં આવે તે) છે.

વિશ્વમાં ઘણી બધી ચળવળો રાજનૈતિક, સામાજિક, કલ્યાણકારી હેતુથી બની રહી છે અને બનતી રહેશે, પરંતુ એ સૌમાં મક઼સદ અને હેતુના આધારે સર્વોત્તમ ચળવળ એ છે જેનો ઉદ્દેશ બંદએ ખુદાને ઝાતે ખુદાથી નિકટ કરવાનો છે, ભટકેલા લોકોને રાહે હક઼્ક઼ પર લાવવાનો છે, ગુનાહો અને બુરાઈઓના ચુંગાલમાં ફસાએલા બંદાઓને સન્માર્ગે ચલાવવાનો છે, અંધકારમય દિલોને નૂરે ઈલાહીથી મુનવ્વર કરવાનો છે.

દીની દા'વત તથા તબ્લીગ઼ના પવિત્ર હેતુથી આ ચળવળ ક્યાંય પણ ઉઠે, કોઈ પણ જમાનામાં ઉઠે, કોઈ પણ મો'મિનની નેક કોશિશોના પરિણામે સ્વરૂપ ઉઠે તો તે કોઈ નવી વસ્તુ નથી, ન કોઈ અપરિચિત અથવા અજાણી ચળવળ છે જે એકાએક દુનિયા પર જડી દેવામાં આવી છે બલ્કે એનું મૂળ હઝરત મૂસા عليه السلام, ઈસા عليه السلام તથા ઈબ્રાહિમ عليه السلامના જમાના અને નબવી યુગથી મળેલ છે.

અલ્લાહ તઆલાના ઉલુલ અઝ્મ પેગમ્બરોએ દા'વત તથા તબ્લીગ઼નો બાબરકત ફરીઝો અંજામ આપ્યો ભલે એમની તબ્લીગ઼ કોઈ ખાસ ઈલાક઼ા સુધી સીમિત હોતી, પરંતુ રસૂલે કાએનાત ﷺએ એ જ દા'વત તથા તબ્લીગ઼ને વિશ્વવ્યાપક બનાવી.

આપ ﷺ અલ્લાહ તઆલાના આખરી નબી છે આપના પછી દુનિયામાં કોઈ નબી આવશે નહીં, એટલા

માટે આપના છોડેલા મિશનને ગતિમાં રાખવા અને દા'વત તથા તબ્લીગ઼ને વધુમાં વધુ ફેલાવવાની સંપૂર્ણ જિમ્મેદારી ઉમ્મતે મુહમ્મદિયા પર આવી ગઈ. આ મહાન જિમ્મેદારીને નિભાવવાનું કામ આજ ઉમ્મતને કરવાનું છે, ભલે તેહરીકની શકલમાં (ચળવળ સ્વરૂપે) હોય કે વ્યક્તિગત રીતે, પણ સંપૂર્ણપણે આ ફર્ઝને અદા કરવાનો છે.

દા'વત તથા તબ્લીગ઼નો એક હિસ્સો નેકીઓ ફેલાવવી અને બુરાઈઓને રોકવું પણ છે. શું એવું બની શકે છે કે બુરાઈઓ ધુમધામથી ફેલાતી રહે અને મુબલ્લિગ઼ો ખામોશ રહે ?! ફિસ્ક઼ો ફુજૂર (મહા ગુનાહો)નો નગ્ન નાચ થઈ રહ્યો હોય અને મુબલ્લિગ઼ તમાશો જોતો રહે, ગુમરાહી અને બેદીની છાતી ઠોકીને પ્રસરે અને મુબલ્લિગ઼ ચૂપ રહે, બેહયાઈ અને બદઅમલીનો ખૂબ પ્રચાર થાય અને મુબલ્લિગ઼ની ઝબાન બંધ રહે ! ક઼ૌમ ગુનાહોના સમુદ્રમાં ડૂબી રહી હોય અને મુબલ્લિગ઼ જોતો રહે ! ઈન્સાનિયત હિદાયત માટે તડપી રહી હોય અને મુબલ્લિગ઼ ઝબાન પણ ન ખોલે ! કદાપિ નહીં ! રસૂલે ગિરામી વક઼ાર ﷺએ કેટલા સખત શબ્દોમાં ફર્માવ્યું :–

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છેઃ રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું,''કેમ નહીં, અલ્લાહની ક઼સમ ! ક્યાં તો તમે જરૂર નેકીનો હુકમ કરશો, જરૂર બુરાઈથી રોકશો અથવા અવશ્ય અલ્લાહ તઆલા તમારા દિલ એકબીજા પર મારશે, પછી તમારા સૌ પર પોતાની લા'નત ઉતારશે જેવી એ બની ઈસ્રાઈલ પર ઉતારી.''

અબૂ સઈદ ખુદરી ﷺ થી રિવાયત છે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી જે કોઈ શરીઅત વિરૂધ્ધ કાર્ય જુએ તો પોતાના હાથો વડે તેની સુધારણા કરે. જો એની શક્તિ ન ધરાવતો હોય તો ઝબાનથી એને રોકે, અને જો એની પણ શક્તિ ન હોય તો દિલથી એને બુરૂ જાણે. અને આ **ઈમાનનો સૌથી કમજોર દરજો** છે.

હઝરત જરીર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જો કોઈ જમાઅત અથવા ક઼ૌમમાં કોઈ વ્યક્તિ કોઈ ગુનોહ કરે અને તે ક઼ૌમ અથવા જમાઅત શક્તિ હોવા છતાં તેને ગુનાહથી ન રોકે તો તેમના પર મૃત્યુ પહેલાં દુનિયામાં જ અલ્લાહ તઆલાનો અઝાબ મુસલ્લત થઈ જાય છે.

બુરાઈઓથી રોકવાની સાથે મુબલ્લિગ઼ નેકીઓનો હુકમ પણ કરશે, લોકોને ભલાઈની તરફ બોલાવશે, તો શું મુબલ્લિગ઼ પોતાની તરફથી પણ કાંઈ કહી શકશે ? નહીં બલ્કે મુબલ્લિગ઼ એ જ કહેશે જે અલ્લાહ તઆલાએ કહ્યું અર્થાત એ ઈસ્લામી આજ્ઞાઓ અને આદેશોની તબ્લીગ઼ કરશે. જેમ કે હદીષ શરીફમાં છે, હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર رضی اللہ عنہ રિવાયત કરે છે : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''મારા તરફથી લોકોને તબ્લીગ઼ કરો ભલે એક આયત (ના બરાબર) હોય.''

હઝરત અબૂબક્ર رضی اللہ عنہ રિવાયત કરે છે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : ''હાજરજનો ગેરહાજરો સુધી આદેશો પહોંચાડે.''

મુબલ્લિગ઼ો માટે રસૂલુલ્લાહ ﷺએ આ રીતે ખુશખબરી આપી. સહલ બિન સઅદ رضی اللہ عنہ થી મરવી છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યુંઃ **''અલ્લાહની ક઼સમ ! તારા દ્વારા અલ્લાહ તઆલા કોઈ વ્યક્તિને હિદાયત અતા ફર્માવે એ તારા માટે લાલ ઊંટોના માલિક હોવાથી ઉત્તમ છે.''**

હક઼ની દા'વત આપનાર મુબલ્લિગ઼ોની હોસ્લા અફઝાઈ (પ્રોત્સાહન) આ હદીષ પણ કરે છે, હઝરત અબૂ રાફિઅ رضی اللہ عنہ રાવી છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : ''અલ્લાહ તઆલા તારા દ્વારા કોઈ એકને હિદાયત અતા ફર્માવી દે એ તારા માટે **સમગ્ર ધરતીની સલ્તનતથી બેહતર** છે.''

મુબલ્લિગ઼ માટે જરૂરી છે કે જેને તે તબ્લીગ઼ કરે તેનો સ્વભાવ સમજે કે તેની બુધ્ધિમત્તા કેટલી છે, અજ્ઞાન છે કે ઈલ્મે દીનથી વાકેફ છે. જો સદંતર અજ્ઞાન છે તો તેની સમક્ષ ઈસ્લામના એ આદેશો અને મસાઈલ રજૂ કરવામાં આવે જેમને એ સારી રીતે સમજી શકે. જો તેને બારીકીઓ બતાવવામાં આવશે તો શક્ય છે કે તેનો ઈન્કાર કરી બેસે અને તબ્લીગ઼નો હેતુ જ પ્રાપ્ત ન થાય. એ જ રીતે જો શિક્ષિત છે તો જે જ્ઞાનમાં તેને મહારત છે તેના માધ્યમાંથી તેને તબ્લીગ઼ કરવામાં આવે જેથી હક઼ીક઼ત સુધી પહોંચી શકે. તથા તેના મર્તબા અને હોદ્દાનું પણ માન રાખવું જોઈએ જેથી કોઈ પ્રકારની બદગુમાની

પેદા ન થાય.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી મરવી છે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે તું કોઈ કૌમ સમક્ષ એવી વાતો રજૂ કરીશ જેના સુધી એમની બુધ્ધિઓ ન પહોંચી શકે તો જરૂર તે વાતો એમનામાંથી કોઈના માટે ફિત્નો થશે.

હઝરત અબૂ હુરૈરા رضی اللہ عنہથી રિવાયત છે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું જેનાથી ઈલ્મ શીખો એના માટે આજીઝી કરો અને જેને શખવાડો એના માટે આજીઝી કરો, અને ઘમંડી આલિમ ન બનો કે તમારી જહાલત તમારા પર ગ઼ાલિબ થઈ જાય.

જેમ મુબલ્લિગ઼નું બયાન સાફ અને સાદગીભર્યું હોય તેવી જ રીતે તેની વાણીમાં નરમાશ, મીઠાશ તથા અપનાપન પણ હોવું જોઈએ જેથી સાંભળનાર આકર્ષાય જાય. શરઈ જરૂરત વિના વાદ વિવાદ કરી લોકોને પોતાનાથી દૂર કરવા, નફરતનું વાતાવરણ ઉભુ કરવું, ફાસિક઼ો ફાજિર માટે જે સખત અહકામ છે એમને સમય સંજોગ વિના બયાન કરવા વગેરે એવી બાબતો છે જેમનો ફાયદો ઓછો અને નુકસાન વધારે છે, માટે આવી બાબતોથી બચવું જરૂરી છે.

હઝરત અબૂ બુરદા رضی اللہ عنہ રાવી છે. રસૂલુલ્લાહ ﷺએ હઝરત અબૂ મૂસા અશઅરી અને હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہને યમન મોકલ્યા તો ફર્માવ્યું, સરળતા કરશો મુશ્કેલી ન કરતા, લોકોને ખુશખબરી આપજો નફરત ન આપશો.

જ્યાં કોઈ રીતે જાણ થઈ જાય કે સામી વ્યક્તિ બદઝબાન, અસભ્ય છે તો આવી સ્થિતિમાં મુબલ્લિગ઼ની વાણી ઘણી જ મીઠી અને અત્યંત વિનમ્ર હોવી જોઈએ.

ઉયૈના બિન હઝિન નામી શખ્સ મુસલમાન થયો હતો. એ જ્યારે રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં હાજર થયો તો આપ ﷺએ એ બદઝબાન સાથે કેટલી નર્મી સાથે વાતચીત કરી

હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે એક વ્યક્તિ (ઉયૈના)એ આપ ﷺથી મુલાકાત કરવાની ઈજાઝત માંગી. આપે ફર્માવ્યું, એને ઈજાઝત આપી દો એ પોતાના ક઼બીલાનો બુરો આદમી છે. એ આવ્યો તો આપે એની સાથે નર્મીથી વાતચીત કરી. હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપે એના વિશે આમ ફર્માવ્યું હતું તો પણ એની સાથે નર્મી સાથે વાતચીત કરી ! ફર્માવ્યું, હે આઈશા ! અલ્લાહ તઆલાના નજીક **ક઼યામતના દિવસે સૌથી બુરો** એ હશે જેની બદઝબાનીના કારણે લોકો એની સાથે મળવાનું છોડી દે.

દા'વત તથા તબ્લીગ઼ની રાહમાં મુશ્કેલીઓ અને પરેશાનીઓ કોઈ નવી બાબત નથી. દીનની તબ્લીગ઼ કરનારને તકલીફો તો પડવાની જ છે, ભલે નબી હોય કે રસૂલ, વલી હોય કે આલિમ. ડગલે ને પગલે રૂકાવટો આવશે, મુસીબતો અને પરેશાનીઓ વેઠવી પડશે. ભૂખ, તરસ, ગ઼રીબી, આર્થિક મુશ્કેલીઓ, સફરની તકલીફો બધું જ આડે આવશે પરંતુ આવી પરિસ્થિતિઓમાં પણ દાઈ઼યાને ઈસ્લામની વિશિષ્ટતા રહી છે કે તેમના પગ સહેજ પણ ડગમગ નથી થયા. તમામ મુશ્કેલીઓનો સામનો કરી આગળ વધતા રહ્યા અને તેમની સબ્ર અને અડગતાએ જે રંગ દેખાડયો તેને જોઈ દુનિયા ચક્તિ થઈ ગઈ.

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મને અલ્લાહની રાહમાં જેટલો ભયભીત કરવામાં આવ્યો એટલો અન્ય કોઈને નહીં કરવામાં આવ્યો હોય, મને અલ્લાહની રાહમાં જેટલી તકલીફો આપવામાં આવી અન્ય કોઈને નહીં આપવામાં આવી હોય. મારા ત્રીસ દિવસ અને રાતો એવી પણ ગુજરી છે કે મારા અને બિલાલના ખાવા માટે કોઈ એવી વસ્તુ ન હતી જેને કોઈ સજીવ ખાઈ શકે ! પરંતુ થોડી.

મુબલ્લિગ અનથક કોશિશો કરતો રહે છે, વારંવાર દીનની દા'વત લોકો સમક્ષ રજૂ કરે છે પરંતુ લોકો પર તેનો કોઈ અસર જાહેર નથી થતો, તે જે કહે છે લોકો એનાથી વિપરીત સમજે છે, આવી સ્થિતિમાં તેનું નિરાશ થવું સ્વભાવિક વાત છે, પરંતુ આવા સંજોગોમાં તેણે પ્રાપ્ત થતાં પરિણામો પર ધ્યાન ન આપવું જોઈએ, તેનું કામ દા'વત આપવાનું છે દા'વત ક઼બૂલ કરાવવા કે અમલ કરાવવાની જવાબદારી તેની નથી, ઘણીવાર દા'વત તથા તબ્લીગ઼નો ફાયદો નથી જણાતો. પરંતુ એના સારા પરિણામો બાદમાં જાહેર થાય છે.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلام ને રસૂલ બનાવી ફિરઔન તરફ મોકલ્યા. મૂસા علیہ السلام ચાલ્યા તો અવાજ આવ્યો, હે મૂસા ! ફિરઔન ઈમાન નહીં લાવે. મૂસા علیہ السلام એ મનમાં કહ્યું, પછી મારા જવાનો શું ફાયદો ?! આના પર આલિમ ફરિશ્તાઓએ કહ્યું, હે મૂસા ! તમને જ્યાં જવાનો હુકમ છે જાવ ! આ એવો ભેદ છે જે પ્રયાસ કરવા છતાં અમારા પર આજ સુધી ન ખુલ્યો.

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે :–

"પરંતુ બેઅષત (રસૂલો મોકલવા)નો ફાયદો બધાએ જોઈ લીધો કે ખુદાના દુશ્મનો હલાક થયા, અલ્લાહના બંદાઓ તેમની ગુલામી અને તેમના અઝાબથી નજાત પામ્યા, એકી સાથે સિત્તેર હજાર જાદૂગરો સજદામાં પડી ગયા અને એક સાથે બોલ્યા :–

**امنا بر العلمین رب موسیٰ وھارون** "અમે ઈમાન લાવ્યા એના પર જે રબ છે તમામ જહાનોનો, જે રબ છે મૂસા અને હારૂનનો."

દા'વત તથા તબ્લીગ઼ના પ્રકરણમાં એ વાતનો પણ ખ્યાલ રાખવામાં આવ્યો છે કે સામી વ્યક્તિનું હૃદય ભગ્ન ન થઈ જાય. મુબલ્લિગ઼ વારંવાર તેને છેડે ને એક જ વાત વારંવાર કહે નહીં, નહીં તો તે પરેશાન થઈને પીછો છોડવવાની કોશિશ કરશે. માટે મુબલ્લિગ઼ સમય અને સંજોગોનો ખ્યાલ રાખે. આ જ નબીએ કરીમ صلی اللہ علیہ وسلم અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો તરીક઼ો રહ્યો છે.

હઝરત શક઼ીક઼ رضی اللہ عنہ કહે છે કે અમે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ ના ઈન્તેઝારમાં આપના દ્વાર પર બેઠા હતા એટલામાં ત્યાંથી યઝીદ બિન મુઆવિયા નખઈ પસાર થયા. અમે તેમને કહ્યું કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદને અમારા આવવાની જાણ કરી દો. તેઓ ગયા અને થોડીવારમાં હઝરત ઈબ્ને મસ્ઊદ આવી ગયા અને કહ્યું કે મને જાણ હતી પરંતુ તમારી પાસે આવવાથી માત્ર એ વાત રુકાવટ બની હતી કે ક્યાંક તમે મલીન (પરેશાન) ન થઈ જાવ. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પણ અમારા હૃદય ભગ્ન થઈ જવાના સંદેશાથી અમુક દિવસોમાં જ અમને નસીહત કરતા.

મુબલ્લિગ઼ માટે જરૂરી છે કે જે વાતની તબ્લીગ઼ કરે એના પર પોતે અમલ પણ કરે. જો એના ક઼ૌલ તથા અમલમાં તફાવત હશે તો એની તબ્લીગ઼ તબ્લીગ઼ નહીં રહે બલ્કે મઝાકની જેમ બની જશે.

વિચારો કે મુબલ્લિગ઼ નમાઝની દા'વત આપે અને પોતે નમાઝ ન પઢે, અમામા શરીફની ફઝીલતો બયાન કરે છે પણ પોતે તેના માથે અમામો નથી ! બુરાઈઓથી રોકે છે પણ પોતે નથી બચતો તો સાંભળનાર શું સમજશે ?! એ જ ને કે નમાઝ એટલી મહત્વની ઈબાદત છે તો પોતે કેમ નથી પઢતા ? અમામા શરીફની આટલી બધી ફઝીલતો છે તો પોતે તેમનું માથુ કેમ એનાથી વંચિત છે ?! વિગેરે.

તો આવી સ્થિતિમાં તબ્લીગ઼નો સંપૂર્ણ ફાયદો જાહેર થશે ? આનો મતલબ એ નથી કે મુબલ્લિગ઼ જ્યાં સુધી તમામ ગુનાહોથી ન બચે અને તમામ નેકીઓ પર અમલ ન કરે ત્યાં સુધી તબ્લીગ઼ ન કરે, બલ્કે મતલબ એ છે કે અમલની બનતી કોશિશ કરે અને ખાસ કરીને એ વાતો પર તો જરૂર અમલ કરે જેને એ બયાન કરે છે જેથી એનો કિરદાર પણ લોકોને ભલાઈની દા'વત આપે અને લોકો એના માટે પ્રેરિત થાય.

હઝરત ઉસામા બિન ઝૈદ رضی اللہ عنہ બયાન કરે છે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી સાંભળ્યું :

ક઼યામતના દિવસે એક માણસને લાવી દોઝખમાં નાખી દેવામાં આવશે, તેના પેટની આંતરડીઓ નીકળી આવશે, તે એની સાથે એવી રીતે ગોળ ફરશે જેવી રીતે ગધેડો ઘંટીની આજુબાજુ ચકરાય છે. પછી જહન્નમીઓ એની પાસે ભેગા થશે અને તેને કહેશે, હે ફલાણા માણસ ! શું તું અમને નેકીનો હુકમ ન આપતો હતો અને બુરાઈથી ન રોકતો હતો ?! કહેશે, કેમ નહીં ! હું નેકીનો હુકમ કરતો હતો પણ પોતે ન કરતો હતો. હું બુરાઈથી રોકતો હતો અને પોતે બુરાઈઓ કરતો હતો.

હદીષોની રોશનીમાં દા'વત તથા તબ્લીગ઼ના અમુક સિધ્ધાંતો, અને ફઝીલતો બયાન કરવામાં આવ્યાં, અલ્લાહ તઆલા કુબૂલ ફર્માવી સૌને આ મહાન ફર્ઝ અદા કરવાની તૌફીક઼ અતા ફર્માવે.

*–(સુન્ની દાવતે ઈસ્લામી ત્રિમાસિક ઉર્દૂના દા'વત નંબરમાંથી સાભાર)*

# બારગાહે ખ્વાજા ગરીબ નવાઝમાં

## ઈમામ અહમદ રઝાની હાજરી

[હપ્તો : ૧]

*** રજૂકર્તા ***
હઝરત મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી
(દારુલ કલમ–દિલ્હી)

*** અનુવાદક ***
મૌલાના ગુલામદસ્તગીર મિસ્બાહી દયાદરવી

મઝરએ ચિશ્તો બુખારા વ ઈરાકો અજમેર
કોનસી કિશ્ત પર બરસા નહીં ઝાલા તેરા
*ઈમામ અહમદ રઝા*

આશિકે રસૂલ ફકીહે ઈસ્લામ, ઈમામે એહલે સુન્નત હઝરત મૌલાના શાહ અબ્દુલ મુસ્તફા અહમદ રઝા હનફી કાદરી બરકાતી બરેલ્વી رضی اللہ عنہ (વિલાદત : હિજરી ૧૨૭૨, ઈ.સ. ૧૮૫૬, વફાત : ૧૩૪૦ હિજરી, ઈ.સ. ૧૯૨૧) જબરદસ્ત આલિમ ફાઝિલ અને શરીઅત અને તરીકતના સંગમ શૈખે કામિલ હતા. આપની જાત નફા બખ્શ ઈલ્મ અને નેક અમલનો અનમોલ નમૂનો હતી. પોતાના જમાનામાં આપ ફત્વાનું મર્કઝ અને લોકોના મરજએ અનામ (સમસ્યાના હલનું સ્થાન) હતા. આપના કલમથી નીકળેલી લગભગ એક હજાર નાની મોટી કિતાબો અને પુસ્તિકાઓ તેના દાવાને પુરવાર કરવા ગવાહ છે.

### શરીઅત તથા તરીકતના સંગમ

તસવ્વુફ (સૂફીપણુ) અને તરીકતના ભેદોથી આપ સારી રીતે વાકેફ હતા. આપના મુબારક પુસ્તકો દા.ત. કશ્ફે હકાઈક વ અસરારો દકાઈક (૧૩૦૮ હિજરી), અલ યાકુકતિલ્ વાસ્તા ફી કલ્બે અકદિલ રાબતા (હિજરી ૧૩૦૯), નેકાઉસ્સલાફા ફી અહકાસિલ બયઅતે વલ ખિલાફત (હિજરી ૧૩૧૯), મકાલે ઉરફા બએઅઝાઝે શરઅ વ ઉલ્મા ( હિજરી ૧૩૨૦) અને ફતાવાએ રઝવિય્યહ વગૈરમાં દીની અને ધાર્મિક, ઈલ્મી અને અમલી દરેક લેહાઝથી જે ઈમાન અફરોઝ રૂહ પરવર દિલનશીં (દિલમાં જામનાર વાતો) અને આંખો ખોલનાર નમૂના મળે છે તે આપના રૂહાની મર્તબાના એ કમાલને પુરવાર કરે છે જેનાથી આપના બુલંદ મર્તબાનું દરેક ન્યાયી માણસને ઈલ્મ જ નહીં બલ્કે યકીન પણ થઈ જાય છે.

ખ્વાજાએ હિંદ વો દરબાર હૈ આલા તેરા
કભી મેહરૂમ નહીં માંગને વાલા તેરા
*અલ્લામા હસન રઝા ખાન*

ઈમામ અહમદ રઝા કાદરી પોતાનો એક બનાવ બયાન કરતાં ફર્માવે છે :–

હું રડતો રડતો બપોરે સૂઈ ગયો. જોયું કે હઝરત દાદાજાન (મૌલાના રઝા અલી બરેલ્વી) તશરીફ લાવ્યા અને એક પેટી અતા ફર્માવી અને ફર્માવ્યું, નજીકમાં તે માણસ આવશે જે તમારા દુ:ખી દિલની દવા કરશે. બીજા અથવા ત્રીજા દિવસે હઝરત મૌલાના અબ્દુલકાદિર સાહબ બદાયુંથી તશરીફ લાવ્યા અને પોતાની સાથે મારેહરા શરીફ તશરીફ લઈ ગયા. ત્યાં જઈ બયઅતનો શર્ફ પ્રાપ્ત કર્યો. *(પેજ–૬૩, અલમલ્ફૂઝ, ભાગ–૩, રઝા એકેડમી–મુંબઈ)*

### પીર મુરીદ પર નાઝ કરે !

ખાનકાહે આલિયા કાદરિયા બરકાતિયા મારેહરા શરીફ જિ. ઈટા, યુ.પી. થી આપની રૂહાની વાબસ્તગી (લગાવ) હતી. મુહિબ્બે રસૂલ, તાજુલ ફુહૂલ હઝરત મૌલાના અબ્દુલ કાદિર ઉષ્માની કાદરી બરકાતી બદાયુની (વફાત :૧૩૧૯ હિજરી, ઈ.સ. ૧૯૦૧)ના ઈશારા અને મશ્વરા પર તેમની સાથે આપ ૧૨૯૪ હિજરી, ૧૮૭૭ ઈ.સ.માં મારેહરા શરીફ હાજર થયા તે વેળા આપ બાવીસ વર્ષના હતા. ખાતિમુલ અકાબિર હઝરત મૌલાના સૈયદ શાહ આલે રસૂલ અહમદી કાદરી બરકાતી મારેહરવી (વફાત : હિજરી–૧૨૯૬, ઈ.સ. ૧૮૭૯)ના હાથો પર મુરીદ (બયઅત) થયા અને તે જ વેળા ઈજાઝત અને ખિલાફતથી પણ નવાઝવામાં આવ્યા. એક સવાલના જવાબમાં હઝરત આલે રસૂલ અહમદી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, ''બીજા લોકો મેલું અને ગંદકીવાળુ દિલ લઈને આવે છે, જેની સફાઈ

માટે રિયાઝત અને મુજાહેદાની જરૂરત પડે છે. આ (એટલે આ'લા હઝરત) સાફ સુથરુ દિલ લઈને આવ્યા છે, તેમને રિયાઝત અને મુજાહેદાની શું જરૂરત હતી ? કેવળ નિસ્બતની જરૂરત હતી જે બયઅત સાથે જ પ્રાપ્ત થઈ ગઈ. વધુમાં ફર્માવ્યું," મને ઘણી ફિક્ર હતી કે હશ્રના દિવસે જો અલ્લાહ તઆલાએ સવાલ કર્યો કે આલે રસૂલ ! તું મારા માટે શું લાવ્યો છે ? તો હું શું પેશ કરીશ ? ! પરંતુ ખુદાનો શુક્ર છે કે આજે એ ફિક્ર દૂર થઈ ગઈ કે તે વેળા ઈમામ અહમદ રઝાને પેશ કરી દઈશ." *(સુમારા પંજુમ તા દહુમ, તર્જુમાને અહલે સુન્નત, પીલીભીત)*

પ્યારા વાંચકો ! એ હકીકત પણ યાદ રાખશો કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા દરેક શૈખ, મુર્શિદ તરીકત માટે શરીઅત અને તરીકતના કાયદા હેઠળ આ ચાર શરતો જરૂરી બતાવે છે :–

## પીર થવાની શરતો

૧. સુન્ની સહીહુલ અકીદા (ત્યારના) ઉલ્માએ હરમન શરીફૈન (મક્કા મદીના) ના અકીદા મુજબ હોય.

૨. એટલો ઈલ્મ રાખતો હોય કે પોતાની જરૂરતના મસ્અલા કિતાબોથી કાઢી શકે.

૩. ફાસિકે મોઅલિન ન હોય. (એટલે કે ખુલ્લમ ખુલ્લા ગુનોહ કરનાર ન હોય એટલે દાઢી મૂંડો કે કતરાવી એક મુઠ્ઠીથી ઓછી કરનાર, પિક્ચરો, **T.V.**નો શોખિન, જાહેરમાં ફોટાઓ પડાવવાનો આદી, પોતાના ફોટાઓ મુરીદોમાં વહેંચનાર, નામહરમ ઔરતોને બેપર્દા મળનાર, ઔરતોને હાથ ચૂમાડનાર.... વગેરે)

૪. તેનો સિલસિલો નબીએ કરીમ ﷺ સુધી પહોંચતો હોય. *(હવાલો ફતવાએ રઝવિય્યહ, પેજ ૫૮૮, મુતરજમ, ભાગ ૨૧, રઝા ફાઉન્ડેશન–લાહોર)*

અને બયઅત અને ઈર્શાદ વિશે ફર્માવે છે : લોકો બયઅત રસ્મના તૌર પર કરે છે. બયઅતનો મતલબ નથી સમજતા ! બયઅત એને કહે છે કે, હઝરત યહ્યા મુનીરીનો એક મુરીદ દરિયામાં ડૂબી રહ્યો હતો. એવામાં હઝરત ખિઝર علیہ السلام જાહેર થયા અને ફર્માવ્યું, તારો હાથ મને આપ જેથી હું તને બહાર કાઢું. તે મુરીદે કહ્યું કે આ હાથ હઝરત યહયા મુનીરીના હાથમાં આપી ચૂક્યો છું, હવે બીજાને નહીં આપુ ! હઝરત ખિઝર علیہ السلام ગાયબ થઈ ગયા અને હઝરત યહયા મુનીરી પ્રદર્શિત થયા અને તેને કાઢી આપ્યો. *(હવાલો : અલમલ્ફૂઝ – ભાગ ૨, પેજ–૪૨)*

'બયઅત'નો મતલબ વેચાય જવું. શબએ સનાબિલ શરીફમાં છે : એક વ્યક્તિને બાદશાહે સજાએ મૌતનો હુકમ આપ્યો. જલ્લાદે તલવાર ખેંચી તો તે માણસ પોતાના શૈખના મઝાર તરફ મોઢું કરીને ઉભો થઈ ગયો. જલ્લાદે કહ્યું, આ વેળા કિબ્લા તરફ મોઢું કરવામાં આવે છે. ફર્માવ્યું, તું તારું કામ કર ! મેં કિબ્લા તરફ મોઢું કરી દીધું છે.

અને વાત પણ એ જ છે કે કાબાશરીફ કિબ્લો છે શરીરનો અને શૈખ કિબ્લો છે રૂહનો, એનું નામ ઈરાદત (મુરીદ થવું) છે. જો આ જ રીતે સાચી અકીદત સાથે એક દરવાજો પકડી લઈએ તો ફૈઝ જરૂર મળશે. અને જો માની લો તે પણ ન હોય તો હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ તો ફૈઝની ખાણ અને નૂરના ચશ્મા છે, તેમનાથી ફૈઝ આવશે. સિલસિલો સાચો અને સળંગ હોવો જોઈએ. *(પેજ ૬૫, અલમલ્ફૂઝ, ભાગ ૨)*

## ગૌષે આ'ઝમથી અકીદતનો આલમ

તે જ અકીદતનો ઈઝહાર કરતાં કસીદાએ ગૌષિયા (અકસીરે આઝમ, હિજરી ૧૩૦૨) માં ઈમામ અહમદ રઝા અર્ઝ કરે છે :–

*સર તૂઈ, સરવર તૂઈ સર રા સરોસામાં તૂઈ*
*જાં તૂઈ જાનાં તૂઈ જાંરા કરારે જાં તૂઈ*

★★★

*તેરી સરકાર મેં લાતા હૈ 'રઝા' ઉસકો શફીઅ*
*જો મેરા ગૌષ હૈ ઔર લાડલા બેટા તેરા*

હુસ્ને અકીદતમાં આ પ્યારો અંદાઝ પણ કેટલો રૂહ પરવર છે ! બારગાહે ગૌષમાં અર્ઝ કરે છે :–

*તેરા ઝર્રા મહે કામિલ હૈ યા ગૌષ*
*તેરા કતરા યમે સાઈલ હૈ યા ગૌષ*
*કોઈ સાલિક હૈ યા વાસિલ હૈ યા ગૌષ*
*વો કુછ ભી હો તેરા સાઈલ હૈ યા ગૌષ*

*કહા તૂને કે જો માંગો મિલેગા*
*'રઝા' તુઝસે તેરા સાઈલ હૈ યા ગૌષ*

એક પુસ્તક *''અન્હારુલ અન્વાર મિન યમ્મિ સલાતિલ અસરાર''* (હિજરી ૧૩૦૫) માં આ ઈશ્ક અને દીવાનગી તે પુસ્તકમાં જ નહીં ખૂદ આપના હુસ્ને ખાત્માનો કેટલો રશ્કભર્યો નમૂનો છે ! :–

''એ છે જે આ ફૈઝ ધરાવનાર કાદરિયા પુર બરકાત સરકારનો ગુલામ તથા હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہની નેઅમતોથી લાભદાયી થયેલો.'' ગર કબૂલ ઉફતદ ઝહે ઈઝૂઝો શર્ફ ગદાએ બે નવા, ફકીરે ના સઝા પોતાના અઝીમ સખી, અઝીમુલ અતાના લુત્ફો કરમથી એ બદલાનો ઉમ્મીદવાર છે કે અફવો આફિયત (બખ્શિશ) અને હુસ્ને ખાત્મા (સારા ખાત્મા)ની સાથે આ ફાની દુનિયાથી અલવિદા થતાં મુસ્તફા ﷺના પ્યારા બેટા, બતુલે ઝહરાના લખ્તે જિગર, અલી મુર્તઝાના નૂરે નઝર, હસનો હુસૈનની આંખોની ઠંડક, અબૂબક્ર તથા ઉમરની સુન્નતને ઝિંદા કરનાર એટલે હુઝૂર ગૌષે સમદાની, કુત્બે રબ્બાની, વાહિબુલ આ'માલ વ મુઅતિયુલ અમાની હુઝૂર પૂરનૂર ગૌષે આઝમ, કુત્બે આલમ, મુહયુદ્દીન અબૂ મુહમ્મદ અબ્દુલ કાદિર હસની હુસૈની જીલાની رضی اللہ عنہની મહોબ્બત, ઈશ્ક અને અકીદત અને પેરવી અને ઈતાઅતમાં જાય અને જે દિવસે **يوم ندعو كل اناس بامامهم** નો ઝહૂર થાય (ત્યારે) આ સરાપા ગુનાહ સરકારે કાદરિયત બેકસ પનાહના ઝંડા નીચે સ્થાન પામે **فان ذٰلك على الله يسير ان الله على كل شئ قدير.**
*(હવાલો : ફત્વાએ રઝવિય્યા, પેજ, ૫૪૭–૫૪૮, ભાગ–૩, રઝા એકડમી)*

એક ખુત્બાની છેવટમાં લખે છે : ''ફકીર અબ્દુલમુસ્તફા અહમદ રઝા મુહમ્મદી સુન્ની હનફી કાદરી બરકાતી બરેલ્વી... અલ્લાહ તઆલા એને ગૌષે આ'ઝમના ઝંડા નીચે કિયામતમાં ઉઠાવે. *(હવાલો : પેજ ૩, અલયાકુતુલ વાસિતહ્ ફી કલ્બિ અકિદર્રાબિતહ્, હિ.સ. ૧૩૦૯, પ્રકાશક : અલ્ મજમઉલ ઈસ્લામી–મુબારકપુર)* જાણે કે આપના રુંવે રુંવામાંથી આ અવાજ આવતો હતો :–

*કાદરી કર કાદરી રખ, કાદરિયોં મેં ઉઠા*
*કદ્રે અબ્દુલ કાદિરે કુદરત નુમા કે વાસ્તે*

સૂરત ગુજરાતથી એક સવાલ આવ્યો કે ઈમામે આ'ઝમ અબૂહનીફા અફઝલ છે કે સૈયદના શૈખ અબ્દુલ કાદિર જીલાની ? એનો જવાબ આપતી વેળા ઈમામ અહમદ રઝા લખે છે :

ઈમામ અબ્દુલ વહહાબ શઅરાની અશ્શરીઅતુલ કુબ્રામાં ફર્માવે છે : ''ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી એક રોજ સવાલ થયો કે ઈમામે અલકમા અને ઈમામે અસવદ બંનેવ હઝરત સૈયદના અબ્દુલ્લાહ બિન મસ્ઊદના શિષ્યો હતા અને હઝરત ઈમામ અતા બિન અબી રિયાહ જે ઈમામે આ'ઝમના ઉસ્તાઝ હતા. એમનામાં કોણ સર્વ શ્રેષ્ઠ હતું ? અફઝલ હતું ? ફર્માવ્યું, અમો તેને બયાન કરવાના લાયક નથી અને ન તેમનામાંથી એકને બીજાથી અફઝલ બતાવીએ.''

ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો આ જવાબ તવાઝુઅ (નમ્રતા)ના તૌર પર હતો, પરંતુ અહિંયા તો ખુલ્લમ ખુલ્લા હકીકત છે. આપણુ મોઢું એ લાયક નથી કે હુઝૂર સૈયદના ઈમામે આ'ઝમ અને હુઝૂર સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہનું પાક નામ આપણી ઝબાનથી લઈએ.

આ પણ અલ્લાહની રહમત છે કે તેણે આપણને પોતાના મહબૂબોના ઝિક્રની ઈજાઝત આપી. આપણે કયા મોઢે તેમના દરમ્યાન શ્રેષ્ઠતા બયાન કરીએ ?! તે આપણી શરીઅતના ઈમામ અને આ આપણી તરીકતના અજોડ ઈમામ છે.

*અહદ હા બા લબે શીરીં દહના બસ્ત ખુદા*
*મા હમા બંદા વ ઈ કૌમ ખુદાવંદ અન્દ*

**અર્થ** : બધા જ વાયદાઓ ખુદા તઆલાએ મીઠી ઝબાનવાળાઓ સાથે બાંધી આપ્યા. આપણે બંદા (ગુલામ) અને એ કૌમ (અવલિયાએ કિરામ) ખુદાવંદ છે, એટલે કે આકા (માલિક) છે.

અને અહિંયા આ મિઝાન (કિતાબનું નામ) માં એજ ઈમામે શઅરાનીનું આ કથન છે કે : ''નિઃશંક ! અમારો અકીદો છે કે મહાન સહાબાએ કિરામ, તાબઈને એઝામ, મુજતહિદ ઈમામોનો મકામ અન્ય અવલિયાએ કિરામથી ઊંચો છે.''

## મકામે ગૌષે આ'ઝમનું બયાન

હુઝૂર સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ નિઃશંક ! વાસિલાને ઐને શરીઅતે કુબ્રાના સરદારોમાંથી છે. અને તેના વાસિલો (પહોંચી ગયેલાઓ)ને ઈમામે શઅરાની એ જ "મિઝાન" માં ફર્માવે છે : "જે ઐને શરીઅતના ઝરણા સુધી પહોંચી જાય છે તે હક઼ીક઼તની નહેરથી ખોબો લેવામાં મુજતહિદીનનો શરીક થઈ જાય છે. અને જે વ્યક્તિ વિલાયતે મુહમ્મદિયાના ઉચ્ચ દરજ્જા પર બિરાજમાન થઈ જાય છે, તે ત્યાંથી અહકામ પ્રાપ્ત કરી શકે છે જયાંથી અઈમ્મએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પ્રાપ્ત કરે છે. તેના માટે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم સિવાય બધા ઉલ્માએ ઉમ્મતની તક઼લીદથી આઝાદી છે. અને અમુક અવલિયા વિશે જે એવું વર્ણન છે કે તેઓ હનફી, શાફઈ, હતા વગેરે, તો એ તેઓના ઉચ્ચ દરજ્જા પર પહોંચ્યા પહેલાંની વાત છે."

હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ મુહયુદ્દીન છે. દીન ઝિંદા કરવા માટે ક઼ાઈમ કરવામાં આવ્યા અને હમ્બલી મઝહબ ઈસ્લામની ચોથાઈ છે.

હુઝૂર સૈયદુલ મુરસલીન صلی اللہ علیہ وسلمએ હઝરત ઈમામ હમ્બલને ઈર્શાદ ફર્માવ્યો : અમોએ આપને ઈસ્લામના ચોથા કર્યા, આ મઝહબ ખત્મી થવાને નઝદીક હતો એટલા માટે તેના જીવંત માટે તેના પર ફત્વો આપતા.

હા ! હુઝૂર સૈયદના ઈમામે આ'ઝમ માટે હઝરાતે આલિયા ઈમામ માલિક, ઈમામ શાફઈ, ઈમામ અહમદ ઈબ્ને હમ્બલ, અને તેમના પછીના ઈમામો પર તાબેઈયતની ફઝીલત પ્રાપ્ત છે. ઈમામે આ'ઝમ તાબઈ હતા رضی اللہ عنہ અને બાકી બીજા હઝરાતમાં કોઈ પણ તાબઈ નથી. અને મુલ્લા અલી ક઼ારીથી મિર્ક઼ાતમાં જે આ સહવ (ભૂલ) થયો કે હઝરત ઈમામ માલિક તાબઈ છે તે ધ્યાનના પાત્ર નથી.

ગદાએ ક઼ાદરી અર્ઝ કરે છે :–

*સહાબિયત હૂઈ ફિર તાબેઈયત*
*બસ આગે ક઼ાદરી મંઝિલ હૈ યા ગૌષ*

*હઝારોં તાબઈ સે તૂ ફુઝૂં હોં !*
*વો તબક઼ા મુજમલન ફાઝિલ હૈ યા ગૌષ*

અલ્લાહ બેહતર જાણનાર છે. *(હવાલો ફતવાએ રઝવિય્યા, પેજ ૩૨,૩૩, ભાગ–૧૧, રઝા એકડમી)*

## આ'લા હઝરત સર્વ બુઝુર્ગોના અક઼ીદતમંદ હતા

ઈમામ અહમદ રઝા ક઼ાદરી બરકાતી બરેલ્વી બધા સાચા અને પ્રમાણિત તરીક઼તના સિલસિલા જેમ કે ચિશતિયા, નક્શબંદિયા, સોહરવર્દિયા, રિફાઈયા અને શાઝલિયા વગેરે અને તેના સાચા અક઼ીદાવાળા સુન્ની મશાઈખે કિરામને બરહક઼ સમજવાની સાથે તેમના અક઼ીદતમંદ પણ હતા. અને જ્યાં પણ તેઓનું વર્ણન અને તેમનું નામ આપના લખાણોમાં મળે છે તે અદબ અને એહતેરામની સાથે જ મળે છે. તેની સાથે જ આપ સિલસિલાએ ક઼ાદરિયાને સર્વ શ્રેષ્ઠ સિલસિલો ઠરાવતા હતા. જેમ કે એક જગાએ લખે છે : મારી નજીક ખાનદાને આલી શાન ક઼ાદરી બધા ખાનદાનોથી ઉચ્ચ અને શ્રેષ્ઠ છે. *(હવાલો : પેજ ૨૧૪, ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૧૨)*

બીજી જગ્યાએ લખે છે : સિલસિલા અને અવલિયાએ કિરામની સનદોનું શું કહેવું ?! ખાસ કરીને સિલસિલાએ આલિયા હુઝૂર પૂરનૂર સૈયદના ગૌષે આ'ઝમ કુત્બે આલમ સલ્લલ્લાહુ તઆલા અલા જદ્દિહિલ્ કરીમ વ આબાઈહિલ્ કિરામ વઅલૈહિ વસલ્લમ. *(હવાલો : પેજ–૪૬૬, ફતાવાએ રઝવિય્યહ, મુતરજમ, ભાગ–૨૧)*

અવલિયાએ કિરામની એક બીજા પર શ્રેષ્ઠતા કોઈ એતેક઼ાદી (અક઼ીદાનો) મસ્અલો નથી. જેમ કે એક સવાલ કે હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہને બીજા અકાબિર (મહાન) અવલિયાએ કિરામથી અફઝલ (શ્રેષ્ઠ) સમજવાનો અક઼ીદો રાખવો જાઈઝ છે કે નહીં ? તેના જવાબમાં ઈમામ અહમદ રઝા લખે છે : અક઼ીદો એ વસ્તુ છે જેનો એતેક઼ાદ સુન્નિયતનો આધાર અને તેનો ઈન્કાર બલ્કે તેમાં શક ગુમરાહી છે. આ રીતની વાતો એ મસાઈલથી નથી હોતી. *(હવાલો : પેજ–૨૨૨, ફતાવાએ રઝવિય્યહ, ભાગ ૧૨, રઝા એકેડમી)*

## આપના પર ક઼ાદરી રંગ છવાયેલો હતો

આપના પર ક઼ાદરી રંગ એટલો છવાયેલો હતો કે પોતાના ક઼ાદરી મશાઈખે તરીક઼તને જ ફૈઝાનનો ઉપાય

સમજી હમેશાં તેમનાથી જ ઈસ્તેમદાદ (સહાય માંગવી) કરતા રહેતા હતા, અને તેઓની પ્રશંસા અને તારીફમાં હમેશાં લાગેલા રહેતા હતા. એટલા માટે જ આપની નઝમો, મન્કૃબતો માત્ર મશાઈખે કૃાદરિયાના ગુણો અને કમાલો અને પ્રશંસા અને સદગુણોથી ભરપૂર છે. અને બીજા મશાઈખથી અકૃીદત હોવા છતાં આપે તેમનામાંથી કોઈની નઝમ કે મન્કૃબત નથી લખી. આપની લખેલ કોઈ પણ મન્કૃબત ન કેવળ શાઈરાના (કવિ તરીકેની કૃતિ) છે, ન ધંધાદારી રીતે, બલ્કે બધી મન્કૃબતો આપના દિલની કૈફિયતો અને ઈરાદતનો નમૂનો છે, જેમાં પોતાના કૃાદરી મશાઈખે કિરામ ખાસ કરીને કુત્બે રબ્બાની, ગૌષે સમદાની, મહબૂબે સુબ્હાની હઝરત સૈયદના અબ્દુલ કૃાદિર જીલાની رضی اللہ عنہના અન્વાર તથા તજલ્લીઓની ચમક છે. જ્યાં કોઈ આવરદ (કોશિશથી) નથી આમદ જ આમદ (આપોઆપ) છે, અને એ દિલના ગુપ્ત ભીતરમાં કોઈ જાતની બનાવટ નથી બલ્કે ચો તરફ હુસ્ને ફિતરત (કુદરતી સૌંદર્ય)ની અજાયબીઓ છે. દરેક બાજુ હકૃીકૃતના રાગનો રણકાર છે અને ચારેવ બાજુ પાકી તથા વફાદારીના જમાલ (સુંદરતા)નું પ્રતિબિંબ અને વિચારની ખૂબસૂરતી છે.

હા ! જો ઈમામ અહમદ રઝાએ કૃાદરી મશાઈખ સિવાય અમુકની મન્કૃબતો લખી હોત અને અમુક ખાસ શખ્સિયતોની મન્કૃબતો ન લખી હોત તો કદાચ કોઈના દિલમાં એ વિચાર આવતો કે આવું કેમ થયું ?! જો કે આ પણ કોઈ વાંધાજનક વાત ન હોત, એટલા માટે કે જેવી રીતે કોઈ આલિમ, મુહક્કિૃકૃ, લેખક અમુક વિષયો પર તહકૃીકૃનો હકૃ અદા કરી દે છે, અને કેટલાક વિષયો પર નથી લખી શકતો, તો એનો મતલબ એવો નથી થતો કે બાકીના વિષયોના મહત્વ અને ઉચ્ચતાથી કોઈ પરહેઝ અને બચાવ અથવા કોઈ જાતનો ઈન્કાર છે. **આવા વસવસા અને વહેમો એવા વ્યક્તિના દિલમાં જન્મ લઈ શકે છે જે બદગુમાનીની બીમારીમાં સપડાયલો હોય અને એ ગુનાહમાં પડવાનો આદી હોય. એ પણ હોય શકે છે કે તે પોતાના જાહિલપણાથી એ વાત વિચારી રહ્યો હોય. અને એની પણ શંકા છે કે તે કેવળ ફિત્નાની નિય્યતથી આવી વાતો બકી રહ્યો હોય.**

કેટલીય આ રીતની હરકતો દેવબંદીઓ અને વહાબીઓ વારંવાર કરે છે અને ઉલ્માએ અહલે સુન્નતને છેડવા અને ઉશ્કેરવા માટે લખાણો અને તકૃરીરો થકી ફિત્નો ઉભો કરતા રહે છે કે તમારા મૌલાના અહમદ રઝા બરેલ્વી ઘણા મોટા આશિકૃે રસૂલ બને છે, અને તમે પણ તેઓના આશિકૃે રસૂલ હોવાની સવાર સાંજ ચર્ચા કરતા રહો છો પણ તેમને એની તૌફીકૃ ન મળી કે "સીરતે રસૂલ" પર કોઈ કિતાબ લખી શકે★ ! એવા લોકોને ઉલ્માએ એહલે સુન્નત વારંવાર જવાબ આપે છે કે ઈમામ અહમદ રઝા બરેલ્વી કોઈ ખાસ વિષય પસંદ કરી બીજા સંપાદકોની માફક પોતાની કિતાબો અને પુસ્તકો લખતા ન હતા. તે બુનિયાદી તૌર પર એક ફકૃીહ અને મુફતી હતા. તેમની સંપૂર્ણ જિંદગી ફિક્હ અને ઈફતાની ખિદમતમાં ગુજરી. તેમના સમક્ષ અરબસ્તાન અને એશિયા તથા આખી દુનિયાથી હમેશાં હજારો સવાલો આવતા હતા જેના જવાબો લખવા અને લખાવવામાં જ બધો સમય નીકળી જતો હતો. અને આ ખિદમત એ ખિદમત (કિતાબ લખવા) કરતાં ઉચ્ચ છે જે તેમના યુગના લેખકોએ અંજામ આપી છે. આપ અલ્લાહ તઆલાની બુઝુર્ગી, પાકી અને રસૂલે કરીમ ﷺની તાઝીમને ઈમાનવાળાઓનાં દિલોમાં મજબૂત કરવાની ચળવળમાં પૂરી જિંદગી લાગેલા રહ્યા. સૈયદુલ અંબિયા વલ્ મુરસલીન, ખાતમુન્નબીય્યીન ﷺની અઝમત (ઉચ્ચતા) અને ઈજ્જતની હિફાઝત અને રસૂલુલ્લાહ ﷺના ગુસ્તાખોનો પીછો કરવામાં પોતાની સંપૂર્ણ ઈલ્મી અને ફિક્રી તાકૃત આપે ખર્ચ કરી આપી. આ કારનામુ સીરતે રસૂલ પર કોઈ કિતાબ લખવાથી વધુ અઝીમ (ઉચ્ચ) છે.

આવો ઈત્મિનાન બખ્શ જવાબ હોવા છતાં વહાબીઓ દેવબંદીઓ ફરી એ જ વાત વારંવાર દોહરાવતા રહે છે કે ઈમામ અહમદ રઝાએ સીરતે રસૂલ પર કોઈ કિતાબ કેમ ન લખી ?! તેઓની આ હરકતને ફિત્ના અંગેઝી સિવાય બીજું શું કહી શકાય ?

★ ***નોંધ*** *: આ'લા હઝરત رضی اللہ عنہની વિવિધ કિતાબોમાં છૂટાં છવાયાં સંજોગોને લક્ષીને સીરત પર લખેલાં લખાણો ભેગાં કરીને લગભગ પાંચ જિલ્દોમાં 'સીરતે મુસ્તફા જાને રહમત ﷺ" નામથી કિતાબ હઝરત અલ્લામા મૌલાના અબ્દુસ્સત્તાર હમદાણી (પોરબંદર) સાહબે પ્રસિદ્ધ કરી છે. –તંત્રી*

# ઈન્સાનની જિંદગીનો હેતુ શું છે ?

રજૂકર્તા : મૌલાના અન્વર અહમદખાન મિસ્બાહી
અનુવાદક : આલિમા રઝીના જોહા-હલદરવા

દર્દમાં ડૂબેલ હઝરત હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہનો ચિંતનાત્મક તથા ઈસ્લાહી લેખ

## મો'મિનની મુસાફરો જેવી જિંદગી

ઈન્સાન અશરફુલ મખ્લૂકાત છે એટલા માટે એનો હેતુ પણ દરેક ચીજથી અફઝલ અને શ્રેષ્ઠ અને ઉચ્ચ હોવો જોઈએ. ઈસ્લામનું મહાન એહસાન છે કે ઈન્સાનનો હેતુ સમજાવી આપ્યો અને બતાવી આપ્યું કે ઈન્સાનનો અસલી હેતુ ફક્ત અલ્લાહની જાત અને તેના રબની રઝામંદી છે. ઈન્સાની જિંદગી અને જિંદગીની દરેક સફર અને મંઝિલ એટલા માટે છે કે તે તેના માલિક અને મૌલા તઆલાની તલબમાં વ્યસ્ત રહે અને તેની મરજીને ઢુંઢતો રહે. ઈન્સાન ગરીબ હોય કે માલદાર, બાદશાહ હોય કે ફકીર, તખ્ત પર બેસવાવાળો હોય કે માટીના ફર્શ પર બેસવાવાળો, જો ખુદાવંદે કુદુસની યાદમાં છે તો કામ્યાબ છે, જો તેની યાદથી બેખબર છે તો નાકામ છે. એની ગફલતને દૂર કરવા માટે અંબિયા علیہم السلام તશરીફ લાવ્યા અને મખ્લૂકનું માર્ગદર્શન ફર્માવ્યું, ખાસ કરીને સૈયદુલ અંબિયા સરવરે આલમ જનાબ મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺએ નવા નવા બુદ્ધિમય અંદાજ અને નિરાલા નિરાલા બયાનના વિષયથી હિદાયત આપી કહી આપ્યું કે દુનિયામાં મુસાફરો જેવી જિંદગી પ્રસાર કરો.

હદીષે પાકમાં છે : "અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماએ કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ મારા બંને ખભા પકડયા અને કહ્યું કે, "દુનિયામાં મુસાફરો જેવા રહો બલ્કે ચાલતા મુસાફરો જેવા."

**ખુલાસો** : તા'લીમની આ રીત કે ખભા પકડીને શીખવાડયું, એ હદીષના મતલબની વિશિષ્ટતા તથા મહત્વ પર દલીલ છે અને તે હુકમની તરફ સંકેત છે કે હે મુસલમાન ! તારા શક્તિશાળી ખભા પર અમાનતનો બોજો છે, તારે યાદ રાખવું જોઈએ કે તારી જ વાત છે. તારે એ અમાનતનો બોજ ઊંચકવાનો છે જેને આસ્માન અને જમીન અને પહાડ પણ ન ઉઠાવી શક્યા, તેં એને તારા શક્તિશાળી ખભા પર લીધો તે અમાનતની જેવો તેનો હક્ક છે તેની જિમ્મેદારી તારા માથે છે, તેની પૂરી હિફાઝત આ રીતે થઈ શકે છે કે "દુનિયામાં મુસાફરો જેમ રહો બલ્કે પગપાળા મુસાફરો જેમ." આ હદીષ જવામિઉલ કલામથી છે, એટલે શબ્દ ટૂંકો અને અર્થ વિશાળ.

"જાણે તું મુસાફર છે." આ ટૂંકા શબ્દએ તો દરેક હિદાયતના પ્રકારોને સમાવી લીધા છે, કેમ કે મુસાફરની ઓળખાણ લોકોથી બહુ ઓછી હોય છે, સંબંધ બહુ ઓછો હોય છે તો જે ફસાદ અને ખરાબી આમ લોકોને મળવા અને સંબંધ રાખવાથી પેદા થાય છે તેમાં જરૂર કમી થશે. જેમ કે દુશ્મની અને ઈર્ષા, અદાવત, કિના, નિફાક, ઝઘડા, લડાઈ વગેરે બુરાઈઓ જે વધારે લોકોને મળવાથી ઉભી થાય છે તે આ બધાથી દૂર રહેશે. એટલા માટે આ એક જ શબ્દમાં આ સર્વ બુરાઈઓથી બચવાની હિદાયત થઈ. એક જ શબ્દએ બતાવી આપ્યું કે હે મુસલમાન ! દુશ્મની અને ઈર્ષા, કીનો અને અદાવત, નિફાક, લડાઈ ઝઘડાએ તારું કામ નથી, તું મુસાફર છે, તારે તારી મંઝિલે મકસૂદ પર નજર રાખવી જોઈએ અને મુસાફર સફરની હાલતમાં જ્યારે કે પોતાના ઘર અને દુકાન, સંપત્તિ, ખેતિ અને વેપાર, સગા સંબંધીમાં વ્યસ્ત નથી રહેતો, ફક્ત મંઝિલે મકસૂદ તેની નજરો સમક્ષ રહે છે એટલા માટે આ એક શબદમાં દુનિયાના દરેક સંબંધો જે ઈન્સાનને અલ્લાહની યાદથી રોકવાવાળા છે આ સર્વને દિલની ઊંડાઈથી કાઢવાની તા'લીમ આપી દીધી અને એ સબક પઢાવી આપ્યો કે હે ઈન્સાન ! તારો ધ્યેય અલ્લાહ તઆલાની જાત છે, તારો ધ્યેય એ જ માલિકે હકીકી છે એ સબક આપ્યો કે, હે મુસલમાન ! દુનિયાની આ રંગીલી, આ હરીભરી

દિલને આકર્ષવાવાળી તારા રસ્તામાં આડ ન બને, તારા રસ્તાને ન ભૂલાવે, તારા ધ્યેયને ભૂલાવી ન આપે.

તું ભલે તખ્ત અને તાજનો માલિક હોય, મોટો બાદશાહ હોય કે સામાન વગરનો ફકીર, તાકતવાળો હોય કે મજબૂર તથા કમજોર કે બીમાર પણ તારું પૂરું ધ્યાન તારા રબની તરફ હોવું જોઈએ, એ જ તારો હેતુ છે. એનાથી કોઈપણ હાલતમાં બેખબર ન થા, એને ભૂલી ન જા, તેની યાદમાં હમેશાં જીભને તર રાખ, તેને પામવા માટે વ્યસ્ત રહે અને તેને ઢુંઢતો રહે. ધ્યેયથી બેખબર રહેવું મોટી મેહરૂમી છે. એ પણ સબક આપ્યો કે તારા રસ્તામાં જે પણ કાંટો આવે તેને હટાવી દે અને જે મુસીબત બને તેને ઠોકર મારી દે ચાહે તે કોઈપણ રૂપમાં હોય, ઈન્સાનની શક્કલમાં હોય કે જિન્નાતના વેશમાં, ચાહે તે પોતાને મુસલમાન જ કહેતો હોય, એકલો હોય કે જમાઅત અને લશ્કરની સાથે હોય, પછી ભલે તે અભણ હોય કે આલિમ પરંતુ તારા સિરાતે મુસ્તકીમના માર્ગમાં જે મુસીબત બને તેને ઠોકર મારી દે, એટલા માટે કે તે તને તારા હેતુથી મેહરૂમ કરવા માંગે છે અને તારે સીરાતે મુસ્તકીમ પર ચાલીને ખુદા સુધી પહોંચવાનું છે. ખુદાની રઝા અને તેના હબીબની ખુશનુદી તેમાં છે અને આ જ મઝહબ અહલે સુન્નત વલ જમાઅતનો છે.

## આખેરતનો સામાન તૈયાર કરો !

દોસ્તો ! દુનિયા ફના થવાવાળી છે, કમજોર છે, આખેરત બાકી રહેવાવાળી છે, હમેશાં હમેશાં માટે છે. દુનિયાની જિંદગી કમજોર છે, ખત્મ થવાવાળી છે, આખેરતની જિંદગી હમેશાં રહેવાવાળી છે. દુનિયામાં ઈન્સાન આખેરત માટે આવ્યો છે તેણે હમેશાંની જિંદગીનો સામાન કરવાનો છે. તેના માટે સૈયદે આલમ જનાબ મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદ છે : "દુનિયા આખેરતની ખેતી છે." અહીંયાની નેકી ત્યાં કામ આવશે આખેરતની મંઝિલ ઘણી જ મુશ્કેલ છે. નબીએ કરીમ ﷺનો ઈર્શાદ છે :–

"હુઝૂરે અકરમ ﷺએ હઝરત અબૂઝર ગિફારી رضی اللہ عنہને ફર્માવ્યું, હે અબૂઝર ! નાવડી ઠીક કરી લો ! કેમ કે દરિયો ઘણો ઊંડો છે. પૂરેપૂરો સામાન લો કેમ કે સફર ઘણો લાંબો છે. બોજ હલકો કરો એટલા માટે કે માર્ગ ઘણો સખ્ત છે. અમલને નિખાલસ કરો કેમ કે પારખવાવાળો બસીર છે. (છૂપી વસ્તુને જુએ છે.)"

આ હદીષમાં હુઝૂર પુરનૂર ﷺએ ચાર ચીજોનો હુકમ આપ્યો : નાવડી ઠીક કરવાનો, પૂરો સામાન સાથે લેવાનો, ભાર હલ્કો કરવાનો તથા નિખાલસ અમલનો. અને આ ચારેવ સાથે આખેરતની મુશ્કેલીભરી મંઝિલો પાર કરવાની છે. દાખલારૂપે બયાન ફર્માવ્યું આ નૌકા જેને ઠીક કરવાનો અને મજબૂતીનો હુઝૂર ﷺએ હુકમ ફર્માવ્યો તે **નેક અમલ** છે અને એ સઘળો સામાન જેની સાથે લેવા માટે ઈર્શાદ ફર્માવ્યો એ અલ્લાહની **ઈબાદત** અને ખુદાવંદની યાદ છે. અને તે જ બોજ જેને હલકો કરવાનો હુકમ આપ્યો તે **ગુનાહો** તથા નાફર્માનીઓનો બોજ છે. નેક અમલ અને અલ્લાહની ઈબાદતમાં **નિખાલસતા**ની તા'લીમ આપી એટલા માટે કે કોઈપણ ઈબાદત હોય, મોટામાં મોટી રિયાઝત હોય પણ જો તેમાં દેખાવો અને લોકોના માટે પ્રશંસા સાંભળવાનો હેતુ છે તો તે અલ્લાહ તઆલાના દરબારમાં કદાપિ સ્વીકાર્ય નથી, એવી ઈબાદત આબિદના મોં પર મારી દેવામાં આવે છે.

હદીષનો ખુલાસો એ છે કે આખેરતની કામયાબી પામવા માટે નેક અમલ, અલ્લાહની ઈબાદત, ખુદાવંદની યાદ જરૂરી છે. આખેરતમાં આ જ દૌલત કામ આવનારી છે, તેની સાથે નાફર્માની અને ગુનાહોથી બચવું જરૂરી છે.

બુરા કામોમાં જો સપડાઈ જાય તો તે જ ક્ષણે શર્મિંદા થઈ તૌબા કરી લે, દરેક નેક કામ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત અને તેના મહબૂબ ﷺની ખુશનુદી માટે કરે. રિયાકારી, દેખાવો, કદાપિ હેતુ ન હોય, કેમ કે દેખાવો નેકીને સળગાવીને માટી કરી દે છે.

**ખુલાસો** : ઈન્સાનની પરિપૂર્ણતા માટે બે વસ્તુ જરૂરી છે, પહેલી : ગુનાહોથી પાક થવું. બીજું : અલ્લાહની ઈબાદતથી સુશોભિત થવું. આ હદીષમાં ખૂબ જ સમજની સાથે બંનેવની તા'લીમ આપી છે. ઈન્સાનની પૂર્ણતા માટે રહ્મતુલ્ લિલ્ આલમીન ﷺની તા'લીમ પર અમલ જરૂરી છે. **આખેરતની સર્વ ભલાઈઓ**

**એના પર અવલંબિત છે.** દુનિયાની ભલાઈ અને બેહતરી પણ તેમાં છુપાયેલી છે. મુસલમાન ગફલતથી જાગૃત થઈ જાય, આપણા નબી ﷺની હિદાયત અને તા'લીમ પર પૂરો અમલ કરે તો ઈન્શાઅલ્લાહ ! બંનેવ જહાનમાં ઊંચો દરજો પામશે અને કામયાબ થશે.

મુસલમાનનો હેતુ આખેરતનો છે. દુનિયાથી ઈમાન સાથે જવું, દોઝખથી છૂટકારો પામી જન્નતમાં પ્રવેશ પામવું. ઈનામો અને બખ્શિશના હક્કદાર બનવું, આ જ તેનો અસ્લી હેતુ છે, ભલે જન્નત અને તેની તમામ નેઅમતો અને દરેક વિશિષ્ટતાઓ ફક્ત રબનો ફઝ્લ અને અલ્લાહની અતા છે. પરંતુ તે નેઅમતો તથા બખ્શિશને મૌલાએ તેને હાંસલ કરવા માટે ઝરીયા નિયુક્ત કર્યા છે. જન્નતના આ વિશિષ્ટ ઈનામો અને બખ્શિશનો ઝરીયો પરહેઝગારી અને સારા અખલાક છે. પરંતુ બે વસ્તુ ખાસ કરીને ઈન્સાનને દોઝખમાં લઈ જવાવાળી છે : ઈન્સાનનું મોઢું અને તેની શરમગાહ (ગુપ્તાંગ).

"હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી મરવી છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ, "તમે જાણો છો કે તે કઈ ચીજ છે જે વધારે પ્રમાણમાં લોકોને **જન્નતમાં પહોંચાડે** છે ? તે **પરહેઝગારી** અને **શ્રેષ્ઠ અખ્લાક્** છે. શું જાણો છો તે કઈ ચીજ છે જે વધારે પ્રમાણમાં લોકોને **દોઝખમાં લઈ જાય** છે ? તે બે વસ્તુઓ છે જે અંદરથી ખાલી છે, તે ઈન્સાનનું **મોઢું** અને **શર્મગાહ** છે."

આ હદીષમાં જન્નત અને તેના ઊંચા દરજ્જાને પ્રાપ્ત કરવાનો ઝરીયો બે વસ્તુ વર્ણન કરી :–

**પરહેઝગારી એ** પાકીઝા શરીઅતમાં **દરેક પાપથી બચવું** અને અલ્લાહ તઆલાના **દરેક હુકમોનું પાલન કરવું**છે. એટલા માટે પરહેઝગારીમાં બધી જ ભલાઈઓ સામેલ છે. એટલા માટે પરહેઝગારીમાં સારા અખ્લાક્ પણ જરૂરી સામેલ છે. છતાં એને અલગ વર્ણન કરવું આ નેઅમત પછી વિશિષ્ટતા છે. જે સારા અખ્લાક્ની અઝમત પર દલીલ છે. અથવા પરહેઝગારીથી મુરાદ બાહ્ય અમલો અને અખ્લાક્થી મુરાદ આંત્રિક અખ્લાક્ છે.

મતલબ એ છે કે ઈન્સાનના અમલો અને કૃત્યો ખુદાવંદે કરીમની મરજી પ્રમાણે હોય અને આંતરિક અખ્લાક્ અને માન્યતાઓ પણ તેની રઝામંદીના પ્રમાણે હોય તો તે આદમી જન્નતી છે અને અલ્લાહ તઆલાના ખાસ ઈનામો તથા બખ્શિશનો હક્કદાર છે અથવા પરહેઝગારી તરફ ઈશારો છે.

મખ્લૂક્ની સાથે સારો વર્તાવ : તો જે શખ્સ આ ગુણોનો કે પોતાના ખાલિક્ની સાથે એ જ સંબંધ રાખે છે જે એક ફર્માંબરદાર બંદાનો હોવો જોઈએ અને મખ્લૂક્ની સાથે તેના એ જ સંબંધો છે જે અલ્લાહ તઆલાની નજદીક શ્રેષ્ઠ છે, તો એવો માનવી જરૂર પોતાના રબની ખાસ નેઅમતોનો હક્કદાર છે. એટલા માટે જન્નતના તલબગારે પરહેઝગારી અને પાકીથી સુસજ્જ થવું જોઈએ અને સારા સંસ્કારથી સુશોભિત થવુ જરૂરી છે.

ઈન્સાનને વધુ પ્રમાણમાં **દોઝખમાં લઈ જવાવાળી બે વસ્તુ** વર્ણન કરી : ઈન્સાનનું **મોઢું** અને **શરમગાહ**, એટલા માટે કે આ બંનેવથી પાપ વાધારે થાય છે, જૂઠુ બોલવું, ગીબત કરવી, ચુગલી કરવી, ગાળો બોલવું, હરામ પીવું, હરામ ખાવું આ સર્વ પાપ મોઢાથી થાય છે.

શરમગાહની વાસના તમામ વાસનાઓ પર ગાલિબ છે, કેટલીકવાર બુદ્ધિને ખતમ કરી દે છે. માનવી પોતાની ઝબાન અને શરમગાહ પર ક઼ાબૂ રાખી શકે તો પછી ઈન્શાઅલ્લાહુ તઆલા ! તે દરેક બુરાઈથી બચી શકે છે અને દરેક ખતરાથી સુરક્ષિત રહી શકે છે. એટલા માટે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું : **"જે માનવી મને પોતાની ઝબાન અને શરમગાહની જમાનત (બંનેની હિફાઝતનો વાયદો) આપે તેના માટે હું જન્નતનો જામીન છું."** (સુબ્હાનલ્લાહ !)

**ચેતવણી** : મુસલમાનો ! ઝબાન અને શરમગાહનો ગુનોહ વધારે પડતો દોઝખમાં લઈ જવાવાળો છે, એટલા માટે પોતાની ઝબાનને કંટ્રોલમાં રાખો, સાચુ બોલવાની ટેવ પાડો, જૂઠુ બોલવાથી, ગીબત કરવાથી, ગાળો આપવાથી, બેહયાઈભરી વાતોથી બચો. શરમગાહને હરામથી બચાવો. યાદ રાખો ઝબાન અને શરમગાહ બંનેની હિફાઝત કરવા પર અલ્લાહના હબીબ મુહમ્મદ ﷺએ જન્નતનો વાયદો ફર્માવી લીધો છે.

*–(અશરફિયા મંથલી, ઓગસ્ટ–૨૦૦૪)*

# મદરસાઓ

## પર જ ટીકાઓનો નિશાનો કેમ ?

રજૂકર્તા : મૌલાના સાદિક હસન સાબરી દહેગામી

*'અંજુમન વોઈસ'* નામનું કહેવાતુ દીની માસિક ભરૂચથી નીકળે છે તેમાં અવાર નવાર મોલ્વી અને મદ્રસા વિરુદ્ધ ઝહેર ઓકવામાં આવે છે. તેમાં "મહાત્મા" અને "પૂજ્ય" શબ્દો ગમે તેના માટે વાપરવાના આદી અમુક પંતુજી આલમના તથા અન્ય રિટાયર્ડ સરકારી કર્મચારીઓ ભેગા થયા હોય તેમ જણાય છે, અને જાણે કેટલાકની બુદ્ધિ "સાઠે બુદ્ધિ નાઠી" જેમ ઘસાઈ ચૂકી હોય તેમ રિટાયર્ડ થયા બાદ ઝહની સંતુલન ગુમાવી બેઠા હોય એ રીતે અવનવા તુક્કાઓ પોતાનાં મંતવ્યો રૂપે રજૂ કરતા રહે છે, એઓ કુર્આન હદીષના જ્ઞાનથી કોરા જણાય છે, દુનિયવી ડિગ્રીઓ તથા હોદ્દાઓના વહેમમાં તરંગોના તુક્કા છોડતા રહે છે તેમજ ઘણા ગેર મુસ્લિમો દેશભરમાં મદરસાઓને નિશાન બનાવી નિવેદનો, લેખો બહાર પાડતા રહે છે. તો આ બાબતે એક મહાન મુફક્કિર આલિમે દીનનો જવાબ અત્રે હાજર છે જેને વાંચો અને તરંગીઓના તુક્કાઓથી દૂર રહો. –તંત્રી

જામિઆ અશ્રફિયા મુબારકપુર, જિ. આઝમગઢનો મશ્હૂર ઈદારો છે. તેના હાલના શૈખુલ જામિઆ (પ્રિન્સિપાલ) હઝરત અલ્લામા વ મૌલાના મુહંમદ અહમદ મિસ્બાહી સાહબ એક ઈન્ટરવ્યુમાં મદ્રસાઓ પર થતી લગાતાર નુક્તાચીની પર ઘા કરતાં ફર્માવે છે કે,"એવું લાગે છે કે અમુક લોકોએ મદ્રસાઓની ટીકા ટીપ્પણ કરવાને પોતાની જિંદગીનો મક્સદ બનાવી લીધો છે. તેમની પાસે બીજુ કોઈ કામ જ નથી ! મદ્રસાઓનો કોર્સ આવો નહીં આવો હોવો જોઈએ, તેનો નિઝામ (વ્યવસ્થા) બદલવી જોઈએ, મદ્રસાના ફારિગો આલિમ, હાફિઝ, કારીઓ બેરોજગારીના શિકાર થાય છે એટલા માટે તેમને આધુનિક તાલીમ આપવી જોઈએ. (વગેરે બકવાસ કરે છે) એવા લોકોને પોતે કશું કરવાની ફિકર હોતી નથી, જે મુસલમાન બાળકો તાલીમથી બિલકુલ મેહરૂમ છે તેઓની ફિકર એમને નથી હોતી, એમને ફક્ત મદ્રસાના તલ્બા (વિદ્યાર્થીઓ)ની નોકરીની ફિકર સતાવે છે ! કદાચ તેઓએ યુનિવર્સિટીઓ, કોલેજોના વિદ્યાર્થીઓને ધક્કા ખાતા નહીં જોયા હોય કે જો **નોકરીની જગ્યા ચાર હોય છે તો ત્યાં બાયોડેટા લઈને ૪૦૦૦ લાઈનમાં ઉભા રહે છે !**

મદ્રસાઓની આલોચના વર્તમાનકાળની મોટી સમસ્યા બનેલ છે, ચાહે તે ઉગ્રતાવાદી જમાઅતો હોય, હાલની હુકૂમતના સાથીઓ હોય કે પછી રાયને પહાડ બનાવનાર મીડિયાના ગૈર જિમ્મેદાર લોકો હોય, સૌ મોકો મળતાં જ મદ્રસાઓ પર ટીકાનાં તીર અને નશતર ચલાવવાને પોતાનો પૈદાઈશી હક્ક સમજે છે. મદ્રસાવાળા લગાતાર સફાઈ આપી રહ્યા છે કે અમે જરૂરી દુનિયાવી તાલીમથી જોડાઈને ચાલી રહ્યા છીએ. અમોએ અંગ્રેજી અને સાઈન્સની બુનિયાદી વાતો કોર્સમાં સામેલ કરી દીધી છે. અમો ગણિત, ઈતિહાસ, રાજકારણથી જોડાયેલ વાતોને ભણાવીએ છીએ. પરંતુ એમની બધી વાતો વિરોધીઓના ઘોંઘાટમાં ડૂબીને રહી જાય છે. અને વિરોધ તથા આલોચનાનો ક્રમ ચાલુ રહે છે.

સવાલ એ છે કે મદ્રસાઓ બધાની આંખોનો કાંટો કેમ બનેલ છે ? શું ટીકાકારોની વાતોમાં કશી સચ્ચાઈ અને ઈખ્લાસ (નિસ્વાર્થપણુ) પણ છે ? તેઓના મુખ્ય વાંધાઓ છે ? શું મદ્રસાઓના જિમ્મેદારોએ તેમની વાતો પર ધ્યાન આપવું જોઈએ ? આ અને આના જેવા બીજા સવાલો એવા છે જેના પર અનિચ્છાએ પણ વાત કરવી જરૂરી થઈ ગઈ છે.

* કહેવામાં આવ્યું કે મદ્રસાઓમાં આંતકવાદીઓ ઉછરે છે. તેના પર ભાજપની હુકૂમતના દૌરમાં ગૃહમંત્રાલય તરફથી એવી રિપોર્ટ આપવામાં આવી કે મદ્રસાઓને આંતકવાદથી કોઈ રિશ્તો

નથી. વાત સાફ થઈ ગઈ અને આજે કમસેકમ ભારતીય મદ્રસાઓ વિશે એવી વાતો કરનાર ન હોવાના બરાબર છે.

- કહેવામાં આવ્યું કે મદ્રસાઓ જૂનવાણી અને રૂઢીચુસ્ત વાતોને હવા આપે છે. આ વાતો પણ જૂની થઈ ગઈ, ખાસ કરીને જયારથી મદ્રસાઓના તલ્બાએ મોટી સંખ્યામાં યુનિવર્સિટીઓ તરફ રૂખ કર્યું છે અને આપસી ગેપ ખતમ થઈ ગઈ છે અને આવી ગેર સમજોનો મોટા પાયે સફાયો થયો છે.
- કહેવામાં આવ્યું કે મદ્રસાઓમાં ૨૦૦ વર્ષ જુનો કોર્સ પઢાવવામાં આવે છે. જેને મુલ્લા નિઝામુદ્દીને તૈયાર કર્યો હતો જેની તરફ નિસ્બત કરીને તેને દર્સે નિઝામી કહેવામાં આવે છે. આ ઈલ્ઝામ સરાસર જૂઠો છે જે અજ્ઞાનતા અને જાહિલપણાના કારણે કરવામાં આવે છે. મદ્રસાનો કોર્સ લગાતાર બદલાઈ રહ્યો છે, કેમ કે મદ્રસાઓનો કોર્સ ૧૦ વર્ષ પૂર્વે માઅકૂલાત (મંતિક, ફિલોસોફી)વાળો હતો જયારે આજે માઅકૂલાતની કિતાબો નામની જ રહી ગઈ છે.
- કહેવામાં આવે છે કે તલ્બા **Main Stream** (મુખ્ય પ્રવાહ)થી નથી જોડાઈ શકતા. સવાલ છે કે **Main Stream**નું **Defination** (વ્યાખ્યા) શું છે ? આ એક છુપા શબ્દથી વગર કારણે વિરોધ છે જેની તરફ ધ્યાન આપવાની જરૂરત નથી. જો એનાથી મુરાદ એ છે કે મદ્રસાઓના તલ્બા ડોક્ટર, એંજિનિયર નથી બનતા, ઊંચી પોસ્ટો પર નથી જતા, તો એ એટલા માટે ખોટુ છે કે ન ડોક્ટર અને અંજિનિયર બનાવવું મદ્રસાઓની સ્થાપનાનો મક્સદ છે અને ન તો તેનો અભ્યાસ મદ્રસાઓમાં સામેલ છે.

જે લોકો આ ઉમ્મીદ મદ્રસાના તલ્બાથી કરે છે તેઓને અમારો પ્રશ્ન છે કે યુનિવર્સિટીઓની આર્ટસ ફેકલ્ટી (હિન્દી, અંગ્રેજી, ઉર્દૂ, રાજનીતિ અને ધર્મ)ના વિદ્યાર્થીઓથી એની ઉમ્મીદ કેમ નથી રાખતા ? તાલીમી સ્પેશ્યાલિટી (**Specilization**)ના જમાનામાં આવી વાતો કરવી દિમાગી દેવાળીયાપણાને પ્રદર્શિત કરે છે. **Main Stream**થી ન જોડાવવાના વાંધાઓથી જો તેઓનો મતલબ એ છે કે તલ્બા અંગ્રેજી મિડિયમ સ્કૂલના વિદ્યાર્થીઓની સ્કેલ **Develop** નથી કરી શક્તા, તેઓના લિબાસ અને બોલવા ચાલવાની રીત રીવાજ ને નથી અપનાવી શક્તા તો તેઓથી સવાલ છે કે (૧) તેઓ આ જ સવાલ તે સરકારી સ્કૂલોથી કેમ નથી કરતા જેમાં ભણીને નાઅહલ (અયોગ્ય) લોકો જ બહાર આવે છે. તેની મોટી દલીલ એ છે કે કોઈ પણ મધ્યમવર્ગ અને ઊંચા ખાનદાનનો વ્યક્તિ પોતાના બાળકોને કોઈ પણ સરકારી સ્કૂલમાં નથી મોકલતો. (૨) મદ્રસાઓનો મક્સદ અંગ્રેજી રીત રીવાજની જિંદગીને **Develop** કરવાનો નથી બલ્કે ઈલ્મે દીનને ફેલાવવું અને ઈસ્લામી મૂળ સંસ્કૃતિ (કલ્ચર)ને સજીવન કરવું છે, એટલા માટે તેઓથી એવી ઉમ્મીદ કરવી એ આંતરિક મામલામાં દખલગીરી કરવા જેવું છે.

મદ્રસાઓ પર થતી ટીકા ટીપ્પણોમાં સચ્ચાઈ અને ખુલૂસ લગભગ દેખાતું નથી, તેનું કારણ એ છે કે મદ્રસાઓના જે લોકો ગરીબ અને મુફલીસીના આલમમાં મફત તાલીમનો ઈન્તેઝામ કરે છે તેઓનો પોતાનો એક દૃષ્ટિકોણ છે તેનો ખ્યાલ મદ્રસાની ટીકા ટીપ્પણ અને વિરોધ કરનારા નથી રાખતા. તેઓ એ પણ નથી જોતા કે મદ્રસાઓ સમાજના એવા લોકોને જેમનામાં ઉભા થવાની તાકત નથી તેઓને ચાલતાં શીખવાડે છે, અને સમાજમાં ઈજ્જત અને ઊંચા દરજાની ખુરશી આપે છે. તેઓને ફક્ત એવું દેખાય છે કે મદ્રસાથી ફારિગ થનારાઓને ઉચ્ચ તાલીમી સંસ્થાઓમાં ભણનારાઓની જેમ ઊંચી નોકરીઓ નથી મળતી પણ જો તેઓ પોતાની વાતમાં નિઃસ્વાર્થ હોત તો તેઓ તે ઉચ્ચ તાલીમી સંસ્થાઓનો પણ વિરોધ કરતા જેમણે તાલીમને વ્યાપાર બનાવ્યો છે, અને જેમણે પોતાના દરવાજા સમાજના પછાત વર્ગના બાળકો માટે બંધ કરી દીધા છે. કેવો જુલ્મ છે કે તાલીમ વેચનારી અને અમીર તથા ગરીબમાં ફરક

કરવાવાળી સંસ્થાઓથી કોઈ સવાલ નથી કરતા અને જે મદ્રસાઓ સમાન રીતે કશાય ભેદભાવ વિના બધા માટે મફત તાલીમના દરવાજા ખોલી રહ્યા છે તેઓ પર સવાલ અને વિરોધ કરવાને પોતાનું મિશન બનાવી લીધું છે ! વધારે મહત્વનું શું છે ? શિક્ષણને વ્યાપાર બનતાં રોકવાની કોશિશ, બધાને મફત તા'લીમ મળે તે માટે મેહનત અને કોશિશ તથા તે મુફલીસ, ગરીબ બાળકોની તાલીમની વ્યવસ્થા જેઓ કદી સ્કૂલ જતાં જ નથી અથવા હાઈસ્કૂલ સુધી પહોંચતાં પહોંચતાં સંજાગો તેમને મજૂરી કરવા પર મજબૂર કરી દે છે તે કે પછી તે મદ્રસાઓમાં દખલગીરી કરવી જે ગમે તેવી રીતે સમાજના મોટા વર્ગને ઈલ્મના ઝવેરાતથી મફત શણગારે છે ?! (શું અધિક મહત્વનું છે ?!)

મદ્રસાઓને લગાતાર ટીકાઓ તથા આલોચનાનો નિશાનો બનાવવામાં આવી રહ્યો છે ? તેના જવાબમાં વિવિધ વાતો કહેવામાં આવે છે. સામાન્ય ખયાલ એ છે કે વર્તમાનકાળમાં મદ્રસાઓ દીને ઈસ્લામ અને ઈસ્લામી કલ્ચર તથા ઈસ્લામી સોચની સુરક્ષા માટે કીલ્લો છે અને ઈસ્લામ કહેવાતા ગ્લોબલાઈઝેશન બનામે અમેરિકનાઈઝેશનના વિરૂધ્ધ છે, એટલા માટે એક મોટી લોબી ઈસ્લામ વિરૂધ્ધ ચળવળમાં મશ્ગૂલ છે. અને તેઓ ઈસ્લામને નાબૂદ કરવા મદ્રસાઓના વજૂદને નાબૂદ કરવા માંગે છે, પરંતુ કેમ કે સીધી રીતે ઈસ્લામ તથા મદ્રસાઓને ખતમ કરવાની વાત નથી કહી શકાતી એટલા માટે મદ્રસાના કોર્સ અને વ્યવસ્થાને બદલાવવાની વાતો કહેવાય રહી છે જેથી મદ્રસાઓ હોવા છતાં પણ પોતાની બુનિયાદથી હટી જાય અને ધીરે ધીરે મદ્રસાઓનો ખાતમો થઈ જાય એટલા માટે મદ્રસાઓની આધુનિક્તા (**Modernisation**) ની વાતો હકીકતમાં મદ્રસાઓને ખતમ કરવાનું આંતરરાષ્ટ્રિય ષડયંત્ર છે.

આ ખયાલથી જો પૂરેપૂરા સહમત નથી થઈ શક્તા તો સો ટકા નકારી પણ નથી શક્તા ! એટલા માટે સુધારણા, આધુનિક્તા, રોશન ખયાલી, બદલાવ, આધુનિક્તાના નામ પર સરકારી તથા ગેર સરકારી કક્ષાએ જે પણ થાય તેનાથી મુસલમાનોએ ખૂબ સાવધાન રહેવાની જરૂરત છે. મદ્રસાઓમાં સુધારણા, બદલાવ અથવા સમથર્ન કે વિરોધના વિશે ફક્ત તે વાતો જ ખરી હોય શકે છે જે તેના હક઼ીક઼ી મક઼સદોને સામે રાખીને કહેવામાં આવી હોય, તેના વિરૂધ્ધ જે પણ વાત હોય ભલે જાહેરમાં કેટલીય સુંદર હોય પણ મુસલમાનોએ એના પ્રતિ સાવધાન રહેવાની જરૂરત છે.

*–(ન્યૂ એજ વિઝન, ૧૫–૪–૨૦૦૯, દિલ્હી)*

**ફતાવા વિભાગ**

## ★ લાંબા પાયચાવાળાઓ ધ્યાનથી વાંચે ! ★

જો પાયજામો કે પેન્ટથી ઘૂંટી છુપાઈ જાય તો નમાઝ કરાહત વિના થશે કે કરાહત સાથે થશે ? ઝૈદ કહે છે કે કપડાને વાળવું મકરૂહ છે જેથી પાયજામો, પેન્ટને જે નીચેથી વાળીને ઘૂંટીથી ઉપર કરે અથવા કમરમાં કપડુ વાળીને ઘૂંટી જાહેર કરે બંનેવ મકરૂહ છે. તો છેવટે ઝૈદને માટે શું બેહતર છે ? કમરમાં કપડુ વાળે કે ઘૂંટીથી નીચે છોડી આપે ? બૈયનુ તૂજરૂ. *–મૌલાના મુહમ્મદ યૂનુસ, સેક્રેટરી : દારુલ ઉલૂમ, નાસિક*

**અલજવાબ** : પાયજામો અથવા પેન્ટથી ઘૂંટી ઢંકાયેલી રહે તો તેની બે સ્થિતિ છે : જો ઘમંડના કારણે છે તો નમાઝ ''મકરૂહે તહરીમી'' થશે, નહીં તો ''મકરૂહે તન્ઝીહી''. એવું જ ફતાવા રઝવિય્યહ, ૩/૪૪૮માં છે. અને કપડાને વાળવું કશાય અપવાદ વિના (મુત્લક઼ન્) ''મકરૂહે તહરીમી'' છે. હઝરત અલ્લામા હસ્કફી رحمۃ اللہ علیہ લખે છે : **وكره كفه** એના હેઠળ ખાતમુલ્ મુહક્ક઼િક઼ીન હઝરત અલ્લામા ઈબ્ને આબિદીન શામી رحمۃ اللہ علیہ લખે છે : **حرر خير الرملى ما يفيد ان الكراهة فيه تحريمية ۔۔اھ** *(રદુલ મુહતાર, ૧/૬૪૦)* અને કપડામાં ખોસીને પણ નમાઝ પઢવી ''મકરૂહે તહરીમી'' છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરકાતી رحمۃ اللہ علیہ લખે છે : ''રસૂલુલ્લાહ ﷺએ નમાઝમાં કપડુ સમેટવા, ખોસવાથી મના ફર્માવ્યું. *(ફતાવા રઝવિય્યહ્, ૩/૨૪૬)* અને દરેક તે નમાઝ જે ''મકરૂહે તહરીમી'' હોય તેને દોહરાવવી વાજિબ છે પણ ''મકરૂહે તન્ઝીહી'' હોય તો દોહરાવવું વાજિબ નથી. દુર્રે મુખ્તાર મઅશામી, ૧/૩૩૭ પર છે. **كل صلاة اديت مع كراهة التحريم تجب اعادتها** જેથી ઝૈદ પાયજામો કે પેન્ટ ન નીચેથી વાળે અને ન કમરમાં ખોસે બલ્કે ઘૂંટી નીચે ઘમંડની નિય્યત વિના રહેવા દે. (તો નમાઝ થઈ જશે.) વલ્લાહુ તઆલા અઅ્લમ.

લખનાર : (મુફતી) મુહમ્મદ ઉવૈસ કાદરી અમજદી (૧૭–૨જબ હિ.સ. ૧૪૨૧) અલ જવાબ સહીહ : (મુફતી) જલાલુદ્દીન અહમદ અમજદી *(હવાલો : ફતાવા ફક઼ીહે મિલ્લત, ૧/૧૭૮)*

# વાળોને કાળા કરનારાઓ ! સાવધાન !

કા...ર્યા...લ...ય...

*આજકાલ ફેશન પરસ્તીમાં આપણા મુસ્લિમ ભાઈઓ બહેનોમાં યુવાન દેખાવાના શોખમાં વાળોને કાળા કરવાનું સામાન્ય થતું જઈ રહ્યું છે. તો એના સંબંધે ઈસ્લામ શું કહે છે તેના વિશે આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત* ***ઈમામ અહમદ રઝા*** *મુહદ્દિષે બરલ્વી ના જવાબનો અભ્યાસ કરવામાં આવે અને એ ગુનાહના કામથી બચવામાં આવે. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**મસ્અલો** : શું ફર્માવે છે ઉલમાએ દીન તથા મુફતીયાને શરએ મતીન આ મસ્અલામાં કે વસ્મા તેલ જેનાથી વાળ કાળા થઈ જાય છે, એ જાઈઝ છે કે નહીં ? અને વસ્મા નીલનાં પાંદડાં (જેને મિલાવીને ખિઝાબ તૈયાર કરાય છે) મિલાવીને લગાડવું દુરૂસ્ત છે કે નહીં ? બય્યનૂ વ તુજરૂ.

***અલ્ જવાબ......................***

સહીહ મઝહબમાં સિયાહ (કાળો) ખિઝાબ જેહાદની સ્થિતિ સિવાય મુત્લક્ન્ હરામ છે, જેની હુરમત (હરામ હોવા) માટે સહીહ તથા મોઅતબર હદીષો આવેલી છે.

**હદીષ નં. ૧** : અહમદ તથા મુસ્લિમ તથા અબૂદાઊદ તથા નિસાઈ તથા ઈબ્ને માજહ્, હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી રિવાયત કરે છે. હુઝૂર સૈયદે આલમ ﷺ એ હઝરત અબૂબક્ર સિદ્દીકે અકબર رضی اللہ عنہ ના વાલિદે માજિદ હઝરત અબૂ કહાફા رضی اللہ عنہ ની દાઢી તદ્દન સફેદ જોઈને ઈર્શાદ ફર્માવ્યો, **સફેદીને કોઈ ચીજ વડે બદલી નાખો અને કાળા રંગથી બચો.**

**હદીષ નં. ૨** : ઈમામ અહમદ પોતાની સનદમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરે છે, હુઝૂરે અક્દસ ﷺ ફર્માવે છે : **પીરી (સફેદી) ની તબદીલી કરો અને કાળા રંગની પાસે ન જાવ.**

**હદીષ નં. ૩** : ઈમામ અહમદ તથા અબૂદાઊદ તથા નિસાઈ તથા ઈબ્ને હબ્બાન તથા હાકિમ બઈફાદા તસ્હીહ ઔર ઝિયા મુખ્તારા અને બયહકી સુનનમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરે છે, હુઝૂરેવાલા ﷺ ફર્માવે છે : **આખર જમાનામાં કેટલાક લોકો કાળો ખિઝાબ કરશે** જેમ કે કબૂતરોના પોટા, **તેઓ જન્નતની ખુશ્બુ સુંઘી શકશે નહીં.** જંગલી કબૂતરોના સીના મોટા ભાગે કાળા લીલાશ પડતા હોય છે, નબી ﷺ એ તેમના વાળો તથા દાઢીઓને એની સાથે સરખાવ્યા છે.

**હદીષ નં. ૪** : ઈબ્ને સઅદ આમિર رضی اللہ عنہ મુરસલન રિવાયત કરે છે, હુઝૂર સૈયદે આલમ ﷺ ફર્માવે છે : **જે કાળો ખિઝાબ (વાળ કાળા) કરશે તેના તરફ કિયામતના દિવસે અલ્લાહ તઆલા રહમતની નજર ફર્માવશે નહીં.**

**હદીષ નં. ૫** : ઈબ્ને અદી કામિલ અને દયલમી સનદુલ ફિરદૌસમાં અબૂહરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરે છે, હુઝૂરે અક્દસ ﷺ ફર્માવે છે, બેશક ! અલ્લાહ તઆલા દુશ્મન રાખે છે ઘરડા કાગડાને. (તઅલીકાત અલ્લામા ખફી) એ જ પ્રમાણે અઝીઝીમાં છે,

**હદીષ નં. ૬** : તિબ્રાની મોઅજમે કબીર અને હાકિમ મુસ્તદરકમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہما થી રિવાયત કરે છે, હુઝૂરે પુરનૂર ﷺ ફર્માવે છે : **ઝર્દ (પીળો) ખિઝાબ ઈમાનવાળાઓનો છે અને લાલ (સુર્ખ) ઈસ્લામવાળાઓનો અને કાળો ખિઝાબ કાફિરોનો.**

**હદીષ નં. ૭** : ઓકૈલી તથા ઈબ્ને હબ્બાન તથા ઈબ્ને અસાકિર, અનસ رضی اللہ عنہما થી રિવાયત કરે છે, હુઝૂરે અક્દસ સૈયદે આલમ ﷺ ફર્માવે છે : **સફેદી નૂર છે, જેણે એને છુપાવ્યું તેણે પોતાના ઈસ્લામના નૂરને વેડફી દીધું.** અલ્લામા મુહમ્મદ ખફી એની શરહમાં ફર્માવે છે : તે ઘડપણને દૂર કરવું જેને તેણે છુપાવ્યું એ રીતે કે તેને જેહાદ સિવાય ખિઝાબથી કાળુ કર્યું. અલ્લામા

મુનાવી તથા અલ્લામા અઝીઝી આ હદીષ પર સમજૂતી કરે છે, એટલે કે **સફેદ વાળ ઉખેડવા મકરૂહ છે અને કાળો ખિઝાબ (કાળા કરવા) જેહાદ સિવાય હરામ છે.**

**હદીષ નં. ૮ :** હાકિમ કિતાબુલ કુને વલ્અલ્કાબમાં ઈમામ સુલૈમની હસન સનદથી ઉમ્મે સુલૈમ رضی اللہ عنہا થી રિવાયત કરે છે, હુઝૂર પુરનૂર ﷺ ફર્માવે છે : જેને ઈસ્લામમાં **સફેદી** આવે તે એના માટે **નૂર બનશે** જ્યાં સુધી તેને ફેરવી ન નાખે.

**હદીષ નં. ૯ :** દયલમી તથા ઈબ્ને નજ્જાર, હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત કરે છે, હુઝૂર પુરનૂર સૈયદે આલમ ﷺ ફર્માવે છે : સૌ પ્રથમ હિના તથા કુતુમ (મેંદી) વડે ખિઝાબ કરનાર ઈબ્રાહીમ علیہ السلام છે અને **સૌ પ્રથમ કાળો ખિઝાબ કરનાર ફિરઔન** છે. અલ્લામા મુનાવી આ હદીષ હેઠળ ફર્માવે છે : એટલા માટે પહેલો ખિઝાબ મુસ્તહબ છે અને બીજો (કાળો) જેહાદ સિવાય હરામ છે.

**હદીષ નં.૧૦ :** તિબ્રાની મોઅજમે કબીર અને ઈબ્ને અબી આસિમ, કિતાબુસ્સન્નહ્માં હઝરત અબૂ દાઊદ رضی اللہ عنہ થી રિવાયત કરે છે, હુઝૂર સૈયદે આલમ ﷺ ફર્માવે છે : જે સિયાહ ખિઝાબ (વાળ કાળા) કરશે, અલ્લાહ તઆલા કિ્યામતના દિવસે **તેનું મોઢું કાળુ** કરશે.

**હદીષ નં. ૧૧ :** તેમજ કબીર તિબ્રાનીમાં હસન સનદ સાથે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરે છે, હુઝૂર પુરનૂર ﷺ ફર્માવે છે : જે વાળોની હયઅત (સ્થિતિ) બગાડે અલ્લાહ તઆલાને ત્યાં તેના માટે કોઈ હિસ્સો નથી. ઉલમા ફર્માવે છે હય્અત બગાડવું એટલી **દાઢી મૂંડવી** અથવા **ખિઝાબ કરવો.** *(તય્સીર)*

**હદીષ નં. ૧૨ થી ૧૫ :** અબૂ યઅલા મુસ્નદ અને તિબ્રાની કબીર બિન વાષ્મહ્ બિન અસ્કઅ્ અને બયહકી શોઅ્બુલ્ ઈમાનમાં અનસ ઈબ્ને માલિક, ઓબૈદુલ્લાહ ઈબ્ને અબ્બાસ અને ઈબ્ને અદી કામિલમાં અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما થી રિવાયત કરે છે, હુઝૂરે અક્દસ ﷺ ફર્માવે છે : તમારા આધેડોમાં (આધેડ વયવાળાઓમાં) **સૌથી બદતર તે છે જે યુવાનો જેવી શિકલ બનાવે.** ઈમામ અબૂ તાલિબ મક્કી કુવ્વતુલ કુલૂબ અને ઈમામ હુજ્જતુલ ઈસ્લામ અહયાઉલ ઉલૂમમાં ફર્માવે છે : કાળો ખિઝાબ કરવું જેનાથી રોકવામાં આવ્યું, રસૂલલ્લાહ ﷺ ફર્માવે છે : તમારા યુવાનોમાં બેહતર તે છે જે પોતાના વૃદ્ધો જેવી શિકલ બનાવે અને વૃદ્ધોમાં **સૌથી બુરો તે છે જે યુવાનો જેવી શિકલ** બનાવે.

**હદીષ નં. ૧૬ :** ઈબ્ને અસઅદ તબકાતમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરે છે, રસૂલુલ્લાહ ﷺ એ કાળા ખિઝાબ (વાળ કાળા કરવા)થી મના ફર્માવ્યું.

અફસોસ ! કે જરા સરખા નફસાની શોખના માટે માણસ આવી સખ્તીઓને ગવારા (માન્ય) કરે છે.

મુહીત, દુર્રે મુખ્તાર તથા ઝખીરામાં એ વિશે છે, એ ત્રણેનો ભાવાર્થ એ છે કે, સર્વ મશાઈખે કિરામ તથા જમહૂર મહાન ઈમામોની નજીક કાળો ખિઝાબ મના છે. ઉલમા જ્યારે કરાહત મુત્લક્ બોલે છે (એટલે એકલુ મકરૂહ કહે છે) એનો મતલબ મકરૂહે તહરીમી છે, જેમાં પડનારો ગુનેહગાર તથા અઝાબનો હક્કદાર (મુસ્તહિક્) છે. વલ્અયાઝુબિલ્લાહિ તઆલા.

અલ્લામા સૈયદી અમવી, અલ્લામા સૈયદી તહતાવી તથા અલ્લામા સૈયદી શામી (રહ્મતુલ્લાહિ તઆલા) ફર્માવે છે : કાળા ખિઝાબનું હરામ હોવું ગૈર ગાઝીના માટે હરામ છે અને ગાઝીઓના માટે કાફિરોને ડરાવવા માટે હરામ નથી.

શયખ મોહક્કિક્ મૌલાના અબ્દુલ હક્ક મોહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ શરહે મિશ્કાત શરીફમાં ફર્માવે છે : બુઢાપો (સફેદી) ખુદાનું નૂર છે અને ખુદાના નૂરને બદલવું કાળા (રંગ)થી મકરૂહ છે અને કાળા ખિઝાબના બારામાં સખત વઈદો આવી છે. અને એમાં છે : કાળો ખિઝાબ હરામ છે, સહાબા તથા ગૈર સહાબા સુર્ખ (લાલ) ખિઝાબ કરતા હતા અને કદી પીળો.

**સારાંશ :** આજ કૌલ મુખ્તાર તથા મન્સૂર તથા મઝહબે જમહૂર તથા હુઝૂર પુરનૂર ﷺ ના ઈર્શાદથી સાબિત છે. અને નિઃશંક ! હદીષો તથા રિવાયતોમાં મુત્લક્ સિયાહ (કોઈ અપવાદ વિના કાળા) રંગથી મનાઈ ફર્માવી જેથી **જે ચીજ વાળોને કાળા કરે**

**ભલે તે કેવળ એકલુ નીલ અથવા મેંદીનુ મિશ્રણ અથવા કોઈ તેલ, મતલબ ગમે તે હોય. સર્વ નાજાઈઝ તથા હરામ અને એ વઈદો (ધમકીઓ) માં સામેલ છે.** હદીષોમાં કેવળ નીલની જ ફક્ત મનાઈ હોત અને અન્ય કાળા ખિઝાબોની ઈજાઝત હોત તો બેશક ! મેંદીનુ મિશ્રણ ચાલી જાત, પણ જ્યારે કે કશીય છૂટછાટ વિના (મુત્લક઼) કાળા રંગને હરામ ફર્માવ્યું તો જ્યાં સુધી એટલા પ્રમાણમાં મેંદી ન ભળે જે નીલ પર ગાલિબ આવી જાય (છવાઈ જાય) અને તેની કાળશને દૂર કરી દે ત્યાં સુધી કેવી રીતે કામ આપી શકે છે ? કેમ કે હરામ હોવાનો સબબ એટલે કે વાળોની કાળાશ હજી પણ બાકી રહે છે.

વળી જે સહીહ હદીષમાં આવ્યું કે હઝરત સૈયદિના સિદ્દીકે અકબર رضی اللہ عنہ મેંદી (હિના તથા કુતુમ) વડે ખિઝાબ કરતા તે હરગિઝ લાભ કરશે નહીં (તે લોકો માટે જેઓ કાળો ખિઝાબ જાઈઝ કરવા ફરે છે) કેમ કે ઉલમાની સ્પષ્ટતા પ્રમાણે એ ખિઝાબ કાળો રંગ આપતો ન હતો બલ્કે લાલાશ લાવતો જેમાં કાળાશની ઝલક થતી. લાલ રંગનો નિયમ છે કે જ્યારે અતિ લાલાશે પહોંચે છે તો એક પ્રકારની કાળાશની આપે છે. આવો ખિઝાબ વિના શંકાએ જાઈઝ બલ્કે મહમૂદ (પસંદીદા) છે જેની તારીફ સહીહ હદીષમાં ખૂદ હુઝૂરે અક઼દસ ﷺથી નકલ થયેલ છે. રિવાયત કરી એને અહમદ અને ચારેવ (બુખારી, મુસ્લિમ, અબૂદાઊદ, ઈબ્ને માજહ્) એ ઈબ્ને હબ્બાને અબૂઝરથી. શયખ મોહક્કિ઼ક رضوان اللہ تعالیٰ علیہم اجمعین (નવ્વરલ્લાહુ મરકદહ્) એ શરહે મિશકાત શરીફમાં એ જ પ્રમાણે ફર્માવ્યું છે.

એની નજીક અલ્લામા અલી ક઼ારીએ જમઉલ વસાઈલ શરહે શમાઈલ શરીફ, તિર્મિઝી અને ઈમામ અહમદ કુસ્તલાનીએ ઈર્શાદુસ્સારી શરહે સહીહ બુખારી શરીફમાં સ્પષ્ટતા કરી અને રાજેહ ક઼ૌલ (વિશ્વાસપાત્ર કથન) તથા તફસીરે જમહૂરમાં કુતુમ નીલનુ નામ જ નથી, બલ્કે તે એક અન્ય પત્તી છે કે લાલ રંગ ધરાવે છે અને દેખાવમાં ઝૈતૂનના પાંદડાંની જેમ હોય છે જેને લોકો મેંદીમાં મિલાવી ખિઝાબ બનાવે છે. અલ્લામા મુનાવી તયસીર શરહે જામે સગીરમાં એ જ પ્રમાણે ફર્માવે છે.

હમણાં મિશકાત શરીફમાંથી ગુજર્યું કે તેનો રંગ કાળો ન હતો.....છેવટે સુધી.

હું (આ'લા હઝરત) કહું છું બલ્કે ફક઼ીર ગુફિરલ્લાહુ તઆલા ખૂદ હદીષોથી સાબિત કરી શકે છે કે હિના તથા કુતુમ (મેંદી)ના ખિઝાબનો રંગ લાલ રહેતો હતો. સહીહ બુખારી તથા મુસ્નદે ઈમામ અહમદ તથા સુનને ઈબ્ને માજહ્માં ઉષ્માન અબ્દુલ્લાહ બિન મવહબથી મરવી છે, હું હઝરત ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલ્મા رضی اللہ عنہاની ખિદમતમાં હાજર થયો અને તેમણે હુઝૂરે અક઼દસ ﷺના બાલ મુબારક (જે તેમની પાસે તબર્રૂકાત શરીફમાં રાખ્યા હતા, તેને ધોઈને જે બીમારને પીવડાવતાં તે તરત સારો થઈ જતો હતો) કાઢયા તો તે મેંદીથી રંગેલા હતા.

એમાં જ ઉષ્માન ઈબ્ને અબ્દુલ્લાહથી એ જ બાલ મુબારકના વિશે સહીહ બુખારીમાં મરવી છે : ઉમ્મે સલ્મા رضی اللہ عنہاએ તેમને નબી ﷺના લાલ રંગના બાલ મુબારક દેખાડયા. સાબિત થયું કે હિના તથા કુતુમ (મેંદી) એ લાલ રંગ આપ્યો. બલ્કે એ જ હદીષમાં ઈમામ અહમદ رحمۃ اللہ علیہ ની બીજી રિવાયત આ પ્રમાણે છે : ઉમ્મે સલ્મા رضی اللہ عنہاએ મૂએ મુબારક લાલ રંગના દેખાડયા, જેના પર મેંદીનો ખિઝાબ હતો. જેથી સ્પષ્ટ થયું કે કુતુમ ભલે ગમે તે ચીજનું નામ હોય પણ ઉપરોક્ત રિવાયતથી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہના વિશે કાળા ખિઝાબનું ગુમાન કરવું અથવા એનાથી નીલ તથા હિના મિશ્ર થયેલાને તદ્દન જાઈઝ સમજી લેવું સદંતર ગલત છે.

અફસોસ ! કે આપણા જમાનામાં કેટલાક સાહબોએ વસ્મા તથા હિનાના ખિઝાબની રિવાયત તો જોઈ અને તેનો મૂળ મતલબ ન સમજ્યા ! પ્રથમ તો વસ્મા નીલને કહેતા જ નથી બલ્કે તે એક અન્ય પત્તી છે કે જે મેંદીમાં મિક્સ થઈને તેની રતાશ તેજ કરી આપે છે, નહીં તો કેવળ હિના (મેંદી) ની રતાશ તેજ નથી. એ જ પ્રમાણે કામૂસ તથા તાજુલ ઉરૂસમાં છે. મુઅરબમાં એ જ અર્થ પર યકીન કર્યું છે અને વસ્માને નીલના અર્થમાં સમજવાને ઝઈફ ક઼ૌલ કહ્યો. મોઅ્તમદ (વિશ્વાસનીય) એ છે કે અરબી ભાષામાં વસ્મા એક ઝાડનું નામ છે જેની પત્તી (પાંદડાં) સુકાવીને દળીને મેંદીમાં મિક્સ

કરાય છે જેનાથી એમાં લાલાશ ખૂબ તેજ થઈ જાય છે, નહીં તો ફીકી પીળાશ પડતી રહે છે. આમ તો બિહમ્દિલ્લાહી તઆલા રિવાયતોમાં નીલવાળાઓ માટે છૂટછાટમાં મુદ્દલે ગુંજાઈશ નથી અને જો કામૂસની જેમ બંને અર્થો સમાન રાખવામાં આવે તો પણ નીલવાળાઓની દલીલો બાતિલ છે કેમ કે યક઼ીનન અવકાશ રહે છે કે તે પત્તી મુરાદ છે જે મેંદાની લાલાશ તેજ કરે છે. અને ધારો કે તેમના લીધે માની લો કે વસ્માથી નીલ મુરાદ છે તો હરગિઝ એ રિવાયતો એવું ન કહેત કે, "પ્રથમ મેંદીનો ખિઝાબ કરી લો જેનાથી વાળો ખૂબ સાફ થઈ જાય, તેના પર વસ્મા ચઢાવો કે કાળાશ પોતાનો પૂરો અમલ (પ્રભાવ) દેખાડે, ન એ કે નામ માત્રની નીલમાં અમુક પત્તીઓ મેંદીની નાખીને મિશ્રણનું બહાનું કરો અને કાળાશની સંપૂર્ણ મજા માણો! બલ્કે એ હેતુ છે કે (લાલાશ) ઉપર ગાલિબ આવીને રંગમાં કાળાશ ન આવવા દે, એટલે એ મુરાદ કે અસલ ખિઝાબ મેંદીનો હોય અને એમાં કેટલીક પત્તીઓ નીલની મિક્સ કરી લો જેનાથી તેની રતાશમાં એક ગણી પુખ્તગી આવી જાય. એનું દ્રષ્ટાંત તદ્દન આ પ્રમાણે છે કે શરાબમાં નમક (મીઠુ) મિલાવવાને ઉલમાએ તેને બદલવા તથા હલાલ હોવાનો સબબ જણાવ્યું છે, કે જ્યારે શરાબ સિરકો બની ગઈ તો હક઼ીક઼ત બદલાઈ ગઈ, હિલ્લત (હલાલ હોવું) આવી ગઈ, કેમ કે હવે તે શરાબ જ ન રહી. હવે રિવાયતોને જોઈને કોઈ સાહબ પ્રથમ નમક ખાઈને ઉપરથી શરાબ પી લે! અથવા ઘડો ભરેલ શરાબમાં એક કાંકરી નમક નાખીને ગટગટાવી જાય! કે અમે તો નમક મિલાવીને પીએ છીએ! જ્યારે હેતુ એ હતો કે નમક તેનો જોશ બેસાડે, ખાટુ કરીને સિરકો બનાવી દે. આવાં બહાનાં શરીઅતે મોતહ્હરામાં શું કામ આપવાનાં?

સારાંશ એ કે ચર્ચાનો આધાર રંગ પર છે, ધારો કે **જો ફક્ત એકલી જ મેંદી કાળો રંગ લાવતી હોત તો તે પણ હરામ હોત અને એકલી નીલ પીળો કે લાલ રંગ આપત તો તે પણ જાઈઝ હોત.** એટલે કે નીલ અને મેંદીનું મિશ્રણ અથવા કોઈ બલા હોય **જે કોઈ કાળો રંગ લાવે, સૌ હરામ છે.** વલ્લાહુ તઆલા અઅ્લમ વ ઈલ્મુહૂ જલ્લ મજદહૂ અતમ્મુ અહકમૂ.

લખનાર : **અહમદ રઝા બરેલ્વી** અફીઅન્હૂ હિ.સ. ૧૩૦૧

મુહમ્મદી સુન્ની હનફી અબ્દુલ મુસ્તફા અહમદ રઝાખાં | અબ્દુલ મુકતદિર મતીઉર્રસૂલ | અબ્દુલક઼ાદિર હિ.સ. ૧૨૯૧

ગૈરોનો પણ એવો જ ક઼ૌલ છે જેમ કે દેવબંદીઓના પેશ્વા લખે છે :–

કાળો ખિઝાબ (વાળને કાળા કરવા) ગમે રીતે હોય સહીહ રિવાયતો, હદીષો તથા ફિક઼્હથી એની કરાહત સાબિત છે. આ જવાબ સહીહ છે.

*–રશીદ અહમદ ગંગોહી અફી અન્હૂ*

રશીદ અહમદ (હિ.સ. ૧૩૦૧)

મઝહબ સહીહ હનફીયહનો એ છે કે મેંદીનો ખિઝાબ અને વસ્મા હસન છે. (રદ્દુલ મુહતાર) *–મુહમ્મદ ઈર્શાદ હુસૈન રામપૂરી અફી અન્હો*

(મુહમ્મદી ઈર્શાદ હુસૈન અહમદ, હિ.સ. ૧૨૮૨)

**મસ્અલો** : (અઝ–શહર કોહનહ્ બરૈલી, શયખ અબ્દુલ અઝીઝ સાહબ, ૨૧–જમાદીઉલ આખર, હિ.સ. ૧૩૧૪)

કાળો ખિઝાબ એટલે કે મેંદી તથા નીલ સરખુ ભેગુ કરીને શરઈ જરૂરત વિના ઉપયોગ કરવું દુરુસ્ત છે કે નહીં? અને શરઈ જરૂરતો કઈ કઈ છે? કેવળ મેંદી લગાડવી મસ્નૂન (સુન્નત મુજબ) છે કે નહીં? ઉપરોક્ત જણાવેલ ખિઝાબ સિવાય અન્ય ખિઝાબ પણ દા.ત. માઝૂ તથા વહલિય્યહ (એક મશ્હૂર દવા) વગેરે જાઈઝ છે કે નહીં? કિતાબોના હવાલા સાથે જવાબ આપશો. બય્યનૂ વ તુજરૂ.

*અલ્ જવાબ..................*

કાળો ખિઝાબ ભલે તે પછી માઝૂ તથા વહ્લિય્યહ્ (એક મશ્હૂર દવા)નો હોય કે પછી **મેંદીનું મિશ્રણ હોય** કે પછી **અન્ય ગમે તે ચીજ**નો એ મુજાહિદો (જંગમાં જેહાદ કરનારા) સિવાય **સૌના માટે મુત્લક઼ન્ હરામ** છે અને કેવળ મેંદીનો લાલ ખિઝાબ અથવા એમાં નીલની કેટલીક પત્તીઓ મિલાવીને જેનાથી રતાશમાં પુખ્તગી (તિવ્રતા) આવે અને કાળો રંગ ન થવા પામે તે **સુન્નતે મુસ્તહબહ્** છે. શયખ મોહક્ક઼િક઼ અલ્લામા અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ અશિઅતુલ લમ્આત શરહે મિશ્કાત શરીફમાં ફર્માવે છે : કાળો ખિઝાબ

હરામ છે, સહાબા તથા ગૈર સહાબા લાલ ખિઝાબ કરતા હતા અને કદીક પીળો. હદીષમાં છે, હુઝૂરે અક્દસ સૈયદે આલમ ﷺ ફર્માવે છે : (અર્થ) : ઝર્દ (પીળો) ખિઝાબ ઈમાનવાળાઓનો, લાલ ખિઝાબ ઈસ્લામવાળાઓનો અને **કાળો ખિઝાબ કાફિરોનો છે.** એને રિવાયત કરી તિબ્રાનીએ કબીરમાં તથા હાકિમમાં તથા મુસ્તદરકમાં ઈબ્ને ઉમર رضی اللہ عنہما. મુહીત, મન્હુલગફ્ફાર તથા રદુલ મુહ્તારમાં છે : ''પણ લાલ તો પુરૂષોની સુન્નત છે, મુસલમાનોની ઓળખ છે. કાઝીખાન, શરહે મશારિક તથા શામીમાં છે : અમારો મઝહબ એ છે કે મેંદી તથા વસ્માથી રંગવું સારું છે. હદીષોમાં કાળા ખિઝાબ બાબતે સખતથી સખત વઈદો (ચેતવણીઓ) અને મેંદીના ખિઝાબની તરગીબો (પ્રોત્સાહિત કરતી વાતો) પુષ્કળ પ્રમાણમાં આવેલ છે, તહકીક્ કે અમે સાબિત કરી દીધું વાળ કાળા કરવાનું હરામ હોવું, અમારા ફતવામાં જેમાં શિફા છે.

**નોંધ** : આ'લા હઝરત رضی اللہ عنہના ફત્વાથી સ્પષ્ટ પુરવાર થયું કે કાળો ખિઝાબ એટલે વાળોને કાળા કરવા એ મેંદીથી, દવાથી કે ગમે તેનાથી હોય એ જંગમાં લડતા મુજાહિદો સિવાય સર્વના માટે હરામ છે તથા તેવું કરનારાઓ જન્નતની ખૂશ્બુ પણ સુંઘશે નહીં, અલ્લાહની રહમતથી દૂર છે, એ ખિઝાબ કાફિરોનો છે, સૌથી પ્રથમ કાળો ખિઝાબ ખુદાના દુશ્મન ફિરઔને કર્યો હતો, અલ્લાહ કાળો ખિઝાબ કરનારનું કયામતમાં મોઢું કાળુ કરશે.... વગેરે ચેતવણીઓ હદીષોમાં છે. હવે જેને આ ચેતવણીઓની પડી ન હોય તે જેવું ફાવે તેવું કરે અને જેને આ હદીષો પર ઈમાન હોય અને દિલમાં ખુદાનો ડર હોય તે એનાથી બચે. રબ તઆલા તેના હબીબે પાક ﷺના સદકામાં આપણને સૌને નેક સમજ અતા કરે. (આમીન)

પેજ નં. ૧૬ નું ચાલુ...

મજબૂરી વિના છોડનાર **ગુનેહગાર અને શિક્ષાને પાત્ર** છે. અને ઘણીય વાર છોડનાર તો ફાસિક (બદ્કાર, સખત ગુનેહગાર) છે ઉપરાંત એની શહાદત (સાક્ષી) પણ શરીઅતમાં માન્ય નથી અને એને સખત શિક્ષા આપવામાં આવશે. જો પડોશીઓ એના જમાઅત છોડવા પર ચૂપ રહ્યા તો તે પણ ગુનેહગાર થયા.

**મસ્અલો** : જુમ્મા અને ઈદોમાં જમાઅત શર્ત છે એટલે જમાઅત વિના આ નમાઝો થશે જ નહીં.

**મસ્અલો** : તરાવીહમાં જમાઅત સુન્નતે કિફાયા છે. એટલે કે જો ફળિયાના (સ્ટ્રીટના) અમુક માણસોએ જમાઅતથી પઢી તો બધાના માથેથી જમાઅત છોડવાની જવાબદારી ઉતરી ગઈ અને જો બધાંએ જ જમાઅતથી ન પઢી તો બધાંએ ખરાબ કર્યું.

**મસ્અલો** : રમઝાન શરીફના વિત્રોમાં જમાઅત મુસ્તહબ છે.

**મસ્અલો** : સુન્નતો અને **નફલોમાં જમાઅત મકરૂહ** છે. અને રમઝાન સિવાયના દિવસોમાં વિતરોમાં પણ મકરૂહ છે.

**મસ્અલો** : એવી ખબર છે કે જો વુઝૂના અવયવો ત્રણ ત્રણ વાર ધોઈશ તો રકાત છૂટી જશે તો ઉત્તમ એ છે કે ત્રણ ત્રણ વાર ન ધૂએ અને રકાત જવા ન દે. અને ખબર છે કે ત્રણ ત્રણ વાર ધોવામાં રકાત તો નહીં જાય પરંતુ તકબીરે ઉલા જતી રહેશે તો ત્રણ ત્રણ વાર ધૂએ. *(સગીરી, બહારે શરીઅત)*

**મસ્અલો** : સ્ટ્રીટની મસ્જિદમાં કે જેના માટે ઈમામ નક્કી છે ત્યાં ઈમામે અઝાન અને તકબીર સાથે સુન્નત પ્રમાણે જમાઅતથી નમાઝ પઢી લીધી છે, તો હવે ફરીથી બીજીવાર અઝાન અને તકબીર સાથે પહેલાંની જેમ જ જમાઅતથી નમાઝ કરવી મકરૂહ છે અને અઝાન અને તકબીર વિના બીજીવાર જમાઅત કરી તો વાંધો નથી, પરંતુ તે મેહરાબથી અલગ હટીને હોય.

જો પહેલી વખત થયેલી જમાઅત અઝાન વિના થઈ કે આહિસ્તા અઝાનથી થઈ કે બદ્મઝહબોએ જમાઅત કરી તો ફરીથી જમાઅત કરવામાં આવે અને એ જમાઅત ષાની (બીજી જમાઅત) નહીં કહેવાય. *(દુર્રે મુખ્તાર, રદુલ મુહતાર વગેરે)*

**મસ્અલો** : જેની જમાઅત છૂટી ગઈ તેને માટે જરૂરી નથી કે તે બીજી મસ્જિદોમાં જઈ જમાઅત મેળવી પઢે પરંતુ જો તેમ કરશે તો મુસ્તહબ છે.

# આત્મહત્યાની
## હક઼ીક઼ત ઈસ્લામી રોશનીમાં

રજૂકર્તા :પટેલ શબ્બીર અલી રઝવી
*(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

આજકાલ વર્તમાન પત્રો ઉઘાડો તો દરરોજ કોઈ ન કોઈ આત્મહત્યાના કે પત્ની તથા બાળકોની હત્યા કર્યા બાદ પતિએ પોતે આત્મહત્યા કરવાના સમાચારો વાંચવા મળે છે, કોઈનો ઝાડ પર ફાંસીના ફંદામાં લટકતો ફોટો તો કોઈનો પંખા સાથે લટકતો ફોટો તો કોઈ ઝેર પીને મરી ગયાનો ફોટો તો કોઈ ઊંચી બિલ્ડિંગ પરથી કૂદી પડવાનો ફોટો તો ક્યાંક મૃત નવજન્મ પામેલ બાળકને કૂતરાંએ ચૂંથી ખાતો ફોટો તો ક્યાંક પાણીમાં કૂદી પડી આત્મહત્યા કર્યાના સમાચારો જાણે એક રોજનીશી થઈ ગઈ છે ! કરજ વધી ગયું ને આત્મહત્યા કરી લીધી, સાસુ વહુના ઝઘડામાં, દહેજ માટે કે અન્ય કારણે પતિના ત્રાસથી કંટાળીને પત્નીએ પોતાના પર કેરોસીન છાંટી સળગતી કાંડી ચાંપી સળગી મર્યાના વગેરે વગેરે બનાવો ખાસ કરીને સ્ત્રીઓમાં ખૂબ જ જોવા મળે છે. આવા બનાવો સામે ન માનવ અધિકારની રક્ષાના દાવેદારો કોઈ પ્રત્યાઘાત આપે છે ન સ્ત્રી આઝાદીનાં ગીતો ગાનારા સ્ત્રી અધિકાર માટે ઝઝુમનારાઓ કાંઈ શાબ્દિક પ્રતિભાવ દર્શાવે છે. જો એકાદ મુસ્લિમ સ્ત્રી પતિ સામે જંગે ચડી ક્યાંક કોર્ટમાં જાય તો મસાલેદાર પૂરી સ્ટોરી બનાવી આખુ મીડિયા જગત હંગામો ખડો કરી આપે છે ! જાત જાતના નિવેદનો ઈસ્લામ વિરુદ્ધ આપે છે, તેઓ પતિ તથા સાસરીવાળાનાં ત્રાસથી પોતાની ક઼ૌમની આપઘાત કરી જીવન ટૂંકાવી કાઢતી સ્ત્રીઓ સામે મૌન રહેવામાં પોતાનું શાણપણ સમજે છે ! ત્યાં તેમને સ્ત્રી પર જુલ્મ કે સ્ત્રી અધિકારો છીનવાતા નથી દેખાતા !

### ★ સાવધાન ! આપઘાતથી દુ:ખનો અંત આવતો નથી ! ★

જે લોકો આપઘાત કરે છે તેઓ એવું સમજે છે કે, "હવે દુનિયામાં તેમના માટે જીવવું અસહ્ય છે" અથવા "જીવવુ બેકાર છે !" "હવે તો જીવી શકાશે જ નહીં !" અને "આ માનસિક શારીરિક પીડા વેઠાશે જ નહીં"..... વગેરે આવા વિચારોનું તોફાન તેમનાં દિમાગમાં ઘુમરાયા કરે છે અને એવું સમજે છે કે જિંદગીનો જાતે જ અંત લાવી દઈએ તો આ દુ:ખથી આ પીડાથી છૂટકારો મળી જશે ! અને આપઘાત કરી નાખે છે. પણ આ તેમની માન્યતા સરાસર ગલત તથા ભ્રમ છે, કારણ કે આપઘાત કરનારને મૃત્યુ વેળા અસહ્ય પીડા થતી હોય છે તે તો ઠીક પણ મૃત્યુ બાદ તેને આ આપઘાત કરવાની શિક્ષા રબ તરફથી અતિ ભયાનક આપવામાં આવે છે જેની એને કલ્પનામાં પણ નહીં હોય. એ વિશે વર્ણન આગળ જતાં થશે, પણ તેમના આપઘાતના પ્રત્યાઘાતો તેમના કુટુંબ પર, તેમની પત્ની, માં બાપ પર જે પડે છે તે વિશે પણ વિચારવું જોઈએ. પત્ની, બાળકો, બહેનો સૌ નિરાધાર થઈ જાય છે, રઝળી જાય છે, માં બાપના ઘડપણમાં ધૂળ પડે છે, તેઓ પોતાનું પછીનું જીવન મનમાં રીબાઈ રીબાઈને પસાર કરે છે, દુ:ખી દુ:ખી થઈ જાય છે. કુદરતી મૃત્યુ ભૂલી શકાય છે પણ પુત્ર કે પુત્રીનો આપઘાત તેમનાથી ઝીરવાતો નથી અને ભૂલાતો નથી, જેથી એવું પગલું કદી ન ભરવું જોઈએ. તમે ગમે તેવી મુસીબતમાં હોઉ પણ યાદ રાખજો સમય દરેક દુ:ખનું મલમ છે, તમે કરજમાં આવી ગયા તો સબ્ર કરી કરજ ક્રમે ક્રમે પતે તેવા પ્રયત્નો કરો, કરકસરથી જીવો, ખોટા ખર્ચાઓ બંધ કરો, ખોટાં સાહસોથી દૂર રહો, રાતોરાત માલદાર થવાના ખ્વાબો જોઈ આંધળાં સાહસો ન કરો, એવું જીવન જીવો કે રાત્રે મનમાં ચોર બાકી ન રહે કે મેં કાંઈ ખરાબ કર્યું છે અને નિરાંતે ઊંઘ આવે એવું જીવો. કોઈનો ફોન આવે તો પત્નીએ એવું ન કહેવું પડે કે **"સાહેબ ઘરમાં નથી !"** હળવા મને અને હળવાશથી જીવી શકાય તેવાં કામો કરો. અને જો ભૂલે ચૂકે ફસાઈ ગયા છો તો સબ્રથી તકલીફો વેઠીને તેમાંથી માર્ગ કાઢવા પ્રયત્નો કરો તો જરૂર અલ્લાહ તમારી મદદ કરશે. બધા દિવસો સરખા નથી રહેતા, ઈન્શાઅલ્લાહ ! આ દુ:ખના દહાડા પણ વહી જશે.

## ★ દુનિયાની મુસીબતો ગુનાહોનો કફ્ફારો છે ! ★

બીમાર હોઉને ત્રાસી ગયા હોઉ તો પણ સબ્ર કરો કે બીમારીની તો ખૂબ ફઝીલતો ઈસ્લામમાં દર્શાવી છે. **તમને પડતી સર્વ પ્રકારની તકલીફો તમારા ગુનાહોને ધોઈ રહી છે,** મુસીબતોમાં સબ્ર કરવાથી અનહદ સવાબ મળે છે. જેથી કોઈ ખોટુ પગલું ન ભરશો. ઘર કંકાસ સતાવે છે તોય સબ્ર કરો અને આપસમાં સમજાવટના પ્રયત્નો કરો, સબ્રથી દિવસો કાઢો, બધા દિવસો એક સરખા નથી રહેવાના, રબથી રડી રડી દુઆ કરો, જતા દિવસે જરૂર શાંતિ થશે, સુખ આવશે, ઈન્શાઅલ્લાહ ! પણ કોઈ ખોટુ પગલુ ન ભરશો. તમારાથી કોઈક ખોટુ પગલુ ભરાયું અને હવે બદનામીનો ડર છે, તો "જાગ્યા ત્યાંથી સવાર" સમજીને તમારી ઈમેજ સુધારવા પ્રયત્નો કરો તો જરૂર જતા દહાડે તમારી ઈમેજ સુધરી જશે. **ગમે તેવી મુસીબતો હોય પણ વિચારી લો કે તમે તમારી શક્તિ બહારનું કાંઈ કરી નથી શકવાના, જેથી મુસીબત ટાળવા શક્ય તે પ્રયત્નો કરો, બાકી રબ તઆલા સાથે સારું ગુમાન રાખીને તેના પર છોડો તો તમારું સારું જ થશે,** પણ કોઈ રીતે આપઘાતનું પગલુ ભરશો નહીં ! નહીં તો અહીં તો દુ:ખી થયા જ છો ! હવે મૌત બાદ ત્યાં પણ એથી અત્યંત ઘણી ભયાનક મુસીબતો વેઠવી પડશે એ યાદ રાખશો.

## ★ તમારી જાનના તમે માલિક નથી ! ★

એ હકીકત છે કે અલ્લાહ તઆલાએ દુનિયામાં અસંખ્ય ચીજો પેદા કરી છે એ સર્વ માણસની સેવા માટે ફાયદા માટે છે તેનો ઈસ્લામી બંધારણમાં રહીને જાઈઝ તરીકાથી ઉપયોગ કરવામાં આવે, એટલે સુધી કે તમારા હાથ, પગ, કાન, નાક, આંખ, વાળ, નખો....વગેરે સર્વ ચીજો એટલે સુધી કે તમારી જાન પણ તમારી પાસે રબની એક અમાનત છે, એનો ખરો માલિક તો રબ તઆલા છે જેથી એ સર્વ અંગો તથા જાનનો ઉપયોગ તેના દર્શાવેલ કાનૂન પ્રમાણે જ કરવામાં આવે. **કોઈ એવું ન સમજે કે મારું શરીર છે તેનો ફાવે તેવો ઉપયોગ કરું ! મને કોણ રોકનાર છે ?!** પણ એવું નથી, **એનો માલિક અલ્લાહ** છે, તે દરેક ચીજ વિશે હિસાબ માંગશે જેથી તેનો ઉપયોગ તેના સૂચવેલા નિયમો, શરીઅતના કાનૂનો પ્રમાણે જ કરવામાં આવે. જેથી જો કોઈ પોતાનું જીવન પોતાની જાતે ખતમ કરવા ચાહે તો તેની રબે તેને ઈજાઝત નથી આપી એ યાદ રાખવું જોઈએ. કુર્આને પાકમાં રબ તઆલા ફર્માવે છે :–

**ولا تقتلوا انفسكم ان الله كان بكم رحيما**

**"અને પોતાની જાતે પોતાને કત્લ ન કરો, યકીન માનો કે અલ્લાહ તમારા પર મહેરબાન છે."**

બીજા ઠેકાણે ફર્માવ્યું : **لا تلقوا ابايدكم الى التهلكة** **"પોતે પોતાની જાતને તબાહીમાં ન નાંખો."**

## ✦ આપઘાત કરનારની હુઝૂરે નમાઝ ન પઢાવી ! ✦

જે લોકો ઈસ્લામના વર્તુળથી બહાર છે તેઓને અમે કલ્મો પઢીને મઝહબે હક્ક ઈસ્લામમાં દાખલ થવાની દા'વત આપીએ છીએ કે તેઓ ઈસ્લામનો શાંતચિત્તે અભ્યાસ કરે અને તેમનો પેદા કરનાર, જીવાડનાર, મારનાર કેવળ એક અલ્લાહ જ છે અને તેના પ્યારા રસૂલ મુહમ્મદ મુસ્તફા ﷺ છે જેમના પર કુર્આન ઉતર્યું એ નબી ﷺનો કલમો પઢી પોતાની બંને જહાનની તબાહીને સુધારી લે. કેમ કે જેઓ ઈસ્લામના વર્તુળમાં નથી તેમના માટે મગફિરતનો કોઈ જ અવકાશ નથી. પણ જેઓ સાચા અર્થમાં મુસલમાન છે તેઓને અમો અલ્લાહના પ્યારા હબીબ ﷺના ફર્માનો સંભળાવી ચેતવણી આપીએ છીએ કે આપઘાત એ કેટલો મહાન (કબીરા) ગુનોહ છે અને નબી કરીમ ﷺ આપઘાત કરનારથી કેવળ નફરત કરે છે તે જોઈ લો !

હઝરત જાબિર બિન સુમરહ رضی اللہ عنہ વર્ણન કરે છે કે, નબી કરીમ ﷺની ખિદમતમાં એક જનાઝો લાવવામાં આવ્યો જેણે તેજ ધારવાળા હથિયાર વડે પોતાને ખૂદ કત્લ કરી લીધો હતો તો આપ ﷺએ તેની નમાઝે જનાઝા ન પઢાવી." *(મુસ્લિમ શરીફ)*

એક અન્ય રિવાયતમાં છે કે આપ ﷺએ ફર્માવ્યું કે, "હું તો એની (આપઘાત કરનારની) જનાઝાની નમાઝ પઢીશ નહીં !" *(સુનને નિસાઈ)*

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! આટલુ મુસલમાનોના માટે બોધગ્રહણ કરવા માટે પૂરતુ છે કે આપઘાત કરનારથી રસૂલે પાક ﷺ કેટલા નારાજ છે કે તે મુસલમાન હોવા છતાં તેની નમાઝે જનાઝા પોતે પઢાવવાથી કે પોતે પઢવાથી ઈન્કાર કરી આપ્યો અને અન્ય લોકોને કહ્યું કે તમે પઢી લો. તો **કોણ મુસલમાન એવો હવે જે એવું ઈચ્છે કે દુનિયામાં એવા મૌતથી મરે કે રબ તઆલા તથા રબના પ્યારા હબીબ ﷺ તેનાથી નારાજ હોય ?!** માટે ગમે તે થાય પણ આપઘાત કદી ન કરશો !

## ★ જે જેવી રીતે મરશે તે જ તકલીફમાં કયામત સુધી રહેશે ! ★

હઝરત અબૂ હુરૈરહ્ રઝિ. બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે :–

"જે કોઈએ પહાડથી પડી જઈને આપઘાત કર્યો તે જહન્નમની આગમાં હમેશાં માટે એ જ પ્રમાણે પડતો રહેશે. જે કોઈએ ઝેર પીને આપઘાત કર્યો તો ઝેર તેના હાથમાં હશે અને જહન્નમની આગમાં તેને તે હમેશાં પીતો રહેશે. અને જેણે પોતાને ધારદાર ચીજ (ચાકુ, તલ્વાર વગેરે) મારીને આપઘાત કરી લીધો તો તે ધારદાર ચીજ તેના હાથમાં હશે જેના વડે તે જહન્નમની આગમાં સતત પોતાના પેટને કોચતો રહેશે." *(બુખારી શરીફ)*

આપઘાત કરનાર એવું સમજે છે કે આ એક વખત પડીને કે ઝેર પીને કે ચાકુથી મરી જઈશ તો દુનિયાની પીડાથી છૂટકારો મળી જશે અને પછી શાંતિનું જીવન મળશે ! પણ ના ! મૃત્યુ બાદ કયામત સુધી તે એ જ પીડા જહન્નમની આગમાં વેઠતો હશે કે જેની પીડાની કલ્પના પણ થઈ શકતી નથી એટલી સખત તે તકલીફ હશે !

એક મોકા પર રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું કે, "જેણે ગળામાં ફંદો નાખીને આપઘાત કર્યો તે આગમાં પણ તે ફંદા વડે સતત આપઘાત કર્યા કરશે અને જેણે પોતે પોતાને ભાલો મારીને આપઘાત કર્યો તે આગમાં પણ તે જ ભાલા વડે પોતાને કત્લ કર્યા કરશે. *(બુખારી શરીફ)*

## ★ આપઘાત કરવો એ રબથી આગળ નીકળવું છે ! ★

હઝરત જુન્દુબ બિન અબ્દુલ્લાહ રઝિ. વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, "એક માણસને ઝખ્મ હતો, તેણે (ત્રાસી જઈને) આપઘાત કરી લીધો. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, એણે પોતાની જાનના બારામાં મારાથી આગળ નીકળવાની કોશિશ કરી એટલા માટે મેં એના પર **જન્નત હરામ** કરી દીધી." *(બુખારી શરીફ)*

**હે મુસલમાન !** આપઘાત કેટલો ગંભીર ગુનો છે કે રબ તઆલા બંદાથી સખત નારાજ થાય છે અને ફર્માવે છે કે, **"એણે પોતાની જાનના બારામાં મારાથી આગળ નીકળવાની કોશિશ કરી !"** તેમજ અલ્લાહના પ્યારા હબીબ ﷺ તેની જનાઝાની નમાઝ પઢાવવા તથા પોતે પઢવા પણ રાજી નથી થતા ! તો કોણ એવો બદ્‌બખ્ત હશે જે આટલું જાણવા છતાં જિંદગીથી કંટાળીને આપઘાત કરી સીધે સીધો જહન્નમનો એનાથી અકલ્પિત ઘણો સખત અઝાબ વહોરી લે ?! રબ તઆલા તેના હબીબે કરીમ ﷺના સદકામાં આપણને દરેક બુરા અમલોથી બચાવે અને તેની રઝામંદીવાળી જિંદગી તથા તે રાજી હોય તેવું મૌત આપે. (આમીન)


**વજન વધારો/ઘટાડો શ્રેષ્ઠતમ હર્બલ ફોર્મ્યુલા દ્વારા**

વા, પગ, ગુઠણ, સાંધાના દુઃખાવા, કમરના દર્દ માટે ૧૦૦% ગેરેંટેડ ઈલાજ

સંપર્ક કરો :– **ઈસ્માઈલ સાલેહ**

મુ. **દયાદરા**, મોટા ચકલા, તા. જિ. ભરૂચ

ઈન્ડિયા ખાતે ફોન : (૦૨૬૪૨) ૨૮૦૩૨૨

**લંડન** ખાતે સંપર્ક ફોન. : (૦૨૦૮) ૪૭૦૨૧૯૮

# હુઝૂર તાજુશ્શરીઅહ્નો
## દૌરાએ શામ વ મિસ્ર

:::: રજૂકર્તા ::::
**મૌલાના મોહસિન હવેલીવાલા**
*(ખતીબો ઈમામ મસ્જિદે ગૌષિયા–બોલ્ટન, યુ.કે.)*

ઉમરા તથા ઝિયારતે મદીના પછી જાનશીને હુઝૂર મુફતીએ આ'ઝમ, પીરે તરીક઼ત હુઝૂર તાજુશ્શરીઅહ્ મુફતી અખ્તર રઝા અઝહરી બરેલ્વી ﷻ પાંચ દિવસ માટે શામ શરીફ (સીરીયા) તશરીફ લઈ ગયા. ૨૯ એપ્રિલ ૨૦૦૯ના દમિશ્ક એરપોર્ટ પર આપને **VIP** પ્રોટોકોલ આપવામાં આવ્યો. શૈખ ઉમર ઈરાકી (માજી મુદર્રિસ જામિઅતુર્રઝા–બરેલી શરીફ) તથા મૌલાના આમિર અખ્લાક઼ી સિદ્દીક઼ી, સૈયદ આમિર અલીશાહ અજલાલ, સૈયદ અખ્તર ક઼ાદરી વગેરે અન્ય ઉલમાએ સ્વાગત કર્યું. અસર બાદ શામમાં પઢતા ઘણા હિંદુસ્તાની તલબા મુલાકાત માટે આવ્યા જેઓ મગરિબ હઝરત પાછળ અદા કરી વિદાય થયા. હુઝૂર તાજુશ્શરીઅહ્ને સીરીયાના મહાન આલિમ શૈખ અબ્દુર્રઝ્ઝાક઼ હલબી ઉમર ૧૦૦ વર્ષ જેઓ સીરીયામાં "ષાનીએ ઈમામે આ'ઝમ"ના લકબથી ઓળખ્યા છે તેમણે રાત્રિ ભોજન માટે નિમંત્ર્યા. હઝરતને લેવા માટે મુફતીએ દમિશ્ક શૈખ અબ્દુલ ફત્તાહ બઝ્મ જેઓ ગયા વર્ષે હુઝૂર તાજુશ્શરીઅહ્ની દા'વત પર બરેલી શરીફ તશરીફ લાવ્યા હતા તેમના સાહબઝાદા વાઈલ બઝમ તશરીફ લાવ્યા હતા. એ પ્રસંગે શૈખ અબ્દુર્રઝ્ઝાક઼ હલબી, શૈખ અબ્દુલ ફત્તાહ બઝમ તથા અન્યોએ આપનું ભરપુર સ્વાગત કર્યું. મુફતીએ દમિશ્કે હુઝૂર તાજુશ્શરીઅહ્ની ઓળખ કરાવી. મુફતીએ દમિશ્કના કહ્યાનુસાર જ્યારે હુઝૂર તાજુશ્શરીઅહ તથા શૈખ અબ્દુર્રઝ્ઝાક હલબી જ્યારે મુઆનિકો કરી રહ્યા હતા એવું લાગતુ હતું જાણે બે રૂહો ભેટી રહી હોય અને મુદ્દતોની ઓળખાણ હોય, જ્યારે બંનેની એ પ્રથમ મુલાકાત હતી. મોડી રાત સુધી ઈલ્મી મેહફિલ ચાલતી રહી. જુમેરાત ૩૦–૪–૨૦૦૯ ૧૧ વાગ્યે હઝરત હમ્સ માટે રવાના થયા, અહીં હઝરત સૌથી પહેલાં કાઝીયુલ ક઼ઝાતે હમ્સ શૈખ સઈદુલ કહીલના ત્યાં તશરીફ લઈ ગયા. આપે હુઝૂર તાજુશ્શરીઅહનો શાનદાર ઈસ્તક઼બાલ કર્યો અને ગળે મળી, દસ્તબોસી કરી. મુલાકાત દરમ્યાન હુઝૂર તાજુશ્શરીઅહ્એ આ'લા હઝરતની કિતાબ અલ્અમ્નુ વલ્ઉલા તથા કવારિઉલ ક઼હહાર ફી રદ્દિલ્ મુજસ્સમતિલ્ ફુજ્જાર અને પોતાની કિતાબો સદરુલ્ મસારિઅ, અસ્હાબિકા નુજૂમ અને અરબી ક઼સીદાઓનો સંગ્રહ શૈખ સઈદુલ કહીલને આપ્યો. જવાબમાં શૈખ સાહબે હઝરતથી દુઆઓની દરખાસ્ત કરી અને પોતાની અમુક કિતાબો આપી. હુઝૂર તાજુશ્શરીઅહ્એ શૈખ સાહબને હદીષની ઈજાઝત અતા કરી અને બરેલી શરીફ આવવા નિમંત્રણ આપ્યું.

ત્યારબાદ હઝરતે શૈખ સાહબ સાથે હમ્સની અઝીમુશ્શાન જામેઅ મસ્જિદ જેના આ શૈખ ખતીબો ઈમામ છે તે "જામેઅ સૈયદના ખાલિદ બિન વલીદ"માં હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہના મઝાર શરીફ પર હાજરી આપી. અહીં હુઝૂર તાજુશ્શરીઅહ્એ ઝોહરની ઈમામત ફર્માવી. ત્યાં એક મોટી સંખ્યાએ હુઝૂરની મુલાકાત તથા દસ્તબોસીનો શરફ હાંસલ કર્યો.

ત્યારબાદ હઝરત હમ્સના મશ્હૂર ક઼બ્રસ્તાન "મકબરતુલ ક઼દીફ" ગયા જેના બારામાં મશ્હૂર છે કે અહીં લગભગ ૮૦૦ સહાબાએ કિરામ આરામ ફર્માવે છે. અહીં સિલસિલા આલિયા નક્શબંદિયાના એક બુઝુર્ગ હઝરતની મુલાકાત માટે તશરીફ લાવ્યા. તેમણે ફર્માવ્યું કે આ ક઼બ્રસ્તાનની ફઝીલતમાં હદીષ શરીફમાં આવ્યું છે કે, "અહીં દફન થયેલા ૭૦ હજાર ખુશનસીબો હિસાબ કિતાબ વિના જન્નતમાં જશે." અહીંથી હુઝૂર પરત દમિશ્ક આવ્યા.

મગરિબની નમાઝ બાદ મુક઼ામ પર મુલાકાત માટે આવનારાઓને હઝરતે ઝિયારત તથા દસ્તબોસીથી સરફરાઝ કર્યા. ઈશા બાદ આપ "જામિઅતુત્તૌબા" દમિશ્કની દા'વત પર ત્યાં આયોજીત "મજલિસુલ વફા"માં હાજરી આપવા ગયા જે દર મહિનાની

પહેલી જુમેરાતે ત્યાં થાય છે. મસ્જિદના ઈમામ તથા ખતીબ શૈખ હિશામ બુરહાની જે આપના જામેઅ અઝહરના પઢાઈના સમયના સાથી છે તેમણે આપનું ઉષ્માભેર સ્વાગત કર્યું, આપને મિમ્બર શરીફ પર બેસાડયા. શૈખ હિશામે જામિઆથી ફારિગ થનાર કુર્આએ હફસ તથા સબઆએ અશ્રાના તલબાને હઝરતના મુબારક હાથે ઈનામી કિતાબો અપાવી આ મેહફિલમાં હઝરતે પોતાનો અરબી કસીદો પણ સંભળાવ્યો તેમજ મેહફિલના અંતે દુઆ પણ ફર્માવી. છેવટે ઘણા લોકોએ દસ્તબોસીનો શરફ હાંસલ કર્યો.

જુમ્આ ૧–૫–૨૦૦૯ના રોજ ઝિયારતો માટે સૌથી પ્રથમ "બાબે સગીર" કબ્રસ્તાન તશરીફ લઈ ગયા જ્યાં કેટલાયે સહાબાએ કિરામ તથા અહલે બયત ખાસ કરીને હઝરત બિલાલ હબશી, ઉમ્મુલ મો'મિનીન સૈયદા હફસા, ઉમ્મુલ મો'મિનીન સૈયદા ઉમ્મે સલ્મા તથા અબ્દુલ્લાહ ઈબ્ને જાફર તૈયાર رضوان الله تعالیٰ علیهم اجمعین વગેરેનાં મઝારો છે. ત્યાર બાદ જામેઅ ઉમ્વી તશરીફ લઈ ગયા જેની દુનિયાની અતિપૂરાણી મસ્જિદોમાં ગણના થાય છે. અહીં હઝરત યહ્યા બિન ઝકરિયા علیه السلامનો મઝાર શરીફ છે. હઝરતે બે રકાત નમાઝ અદા કરી અને મઝારો પર હાજરી આપી. અહીંથી આપ શૈખ મુહયુદીન અરબીના મઝાર માટે રવાના થયા જેમનો મઝાર કાસિયુનના ઈલાકામાં છે.

મગરિબની નમાઝ બાદ હઝરતના તરફથી શામ (સીરીયા)ના ઉલમાની દા'વતનું આયોજન હતું. મેહફિલની શરૂઆત તિલાવતે કુર્આને પાક તથા નઅતે મુસ્તફા ﷺથી થઈ. મેહફિલમાં મોટી સંખ્યામાં ઉલમા તશરીફ લાવ્યા જેમ કે : શૈખ અબ્દુલ હાદી અલખુરસા, શૈખ અબ્દુલ ફત્તાહ બઝમ, શૈખ અબ્દુલ જલીલ અતા, શૈખ નઝારઆલી દલશી, શૈખ અબ્દુલ કાદિર તાહિર, શૈખ અબ્દુત્તવ્વાબ રૂઝાની, શૈખ અલાઉદ્દીન હાઈક, શૈખ મુહમ્મદ ખૈર તરશાન, શૈખ ઈસ્માઈલ ઝયબી, દકતુર અબ્દુર્રઝઝાક અયમન શિવા.

મેહફિલમાં શૈખ અલાઉદ્દીન હાઈક તથા શૈખ મુહમ્મદ ખૈર તુરશાને (બંનેવ હઝરાત હઝરતની દા'વત પર ૨૦૦૯માં ઉર્સે રઝવીમાં બરેલી શરીફ આવ્યા હતા) હુઝૂર તાજુશ્શરીઅહનું શાનદાર ઈન્ટ્રોડક્શન કરાવ્યું અને હિંદમાં હઝરતની ઈલ્મી રૂહાની ખિદમતો પર પ્રકાશ વેર્યો.

મેહફિલ મુબારકમાં હુઝૂર તાજુશ્શરીઅહથી મુલાકાત માટે શૈખ ફાતેહ કિતાબની પણ તશરીફ લાવ્યા. આપ સૈયદ છે આપની વય ૧૦૦ વરસની નજીક છે. હુઝૂર તાજુશ્શરીઅહ્એ મહોબ્બત દર્શાવતાં કહ્યું કે મારે એમની મુલાકાત માટે જવું જોઈતું હતું. મેહફિલમાં મુફતીએ દમિશ્ક શૈખ અબ્દુલ ફત્તાહ બઝમ, શૈખ ઈસ્માઈલ ઝયબી તથા શૈખ નઝાલ આલરશીએ પણ સંબોધન કર્યું. મુફતીએ દમિશ્કે પોતાની તકરીરમાં ફર્માવ્યું કે આપ (તાજુશ્શરીઅહ્)ના આગમનથી અમારું શામ (સીરીયા) રોશન તથા મુનવ્વર થઈ ગયું. તેમજ તેમણે બરેલી શરીફમાં પોતાની હાજરીનો ઉલ્લેખ કરતાં ફર્માવ્યું કે, "જ્યારે મેં આપનાથી મહોબ્બત કરનારાઓને જોયા તો મને સહાબાની મહોબ્બત યાદ તાજી થઈ ગઈ કે ઈમાન એવું કહે છે કે આપણા ઉસ્તાદો તથા મશાઈખની આ પ્રમાણે કદર કરવી જોઈએ. મેહફિલની પૂર્ણાહુતિ હુઝૂર તાજુશ્શરીઅહ્ના અરબી કલામ તથા આપની દુઆ પર થઈ અને આપની કિતાબો ઉલમાને પેશ કરવામાં આવી.

શનિવાર ૨–૫–૨૦૦૯ના રોજ ૧૧ વાગ્યે "દીરુઝ્ઝૂર" ઈરાકી સરહદની પાસેના શહેરથી ઉલમાનું પ્રતિનિધિમંડળ મુલાકાત માટે આવ્યું. ત્યારબાદ દમિશ્કના "મઅહદુદુવલી લિ તઅલીમિલ્ લુગતિલ્ અરબિય્યતિશ્શરીઅહ્"ના સંચાલક શૈખ તશરીફ લાવ્યા. મુલાકાત દરમ્યાન વિવિધ ઈલ્મી વિષયો ચર્ચા હેઠળ રહ્યા.

સાંજે સાડા ચાર વાગે મુફતીએ દમિશ્કના સાહબઝાદા હઝરતને શૈખ રમઝાન સઈદ બૂતી જેઓ શામના ઈલ્મી વર્તુળમાં ઈમામની હૈસિયત ધરાવે છે તેમની મુલાકાત માટે લઈ જવા માટે આવ્યા. ત્યાં પણ ઈલ્મી ચર્ચા ચાલતી રહી અને શૈખ સાહબે હઝરતની મુલાકાતથી ખુશી પ્રદર્શિત કરી. આ દરમ્યાન બંને બુઝુર્ગોએ એકબીજાને કિતાબો પણ ભેટ ધરી. પછી કયામગાહ પર રાહ જોનારા તલબા વગેરે સાથે મુલાકાત કરી અને સ્થાનિક તથા બહારના તલબાને વધુ પેજ નં. ૧૦....પર

# એક ખૂબસૂરત સ્ત્રી અને હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ

કા...ર્યા...લ...ય...

એક સ્ત્રી હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہની પાસે આવીને કહેવા લાગી, મારો પતિ બીજો નિકાહ કરવા ચાહે છે. ફર્માવ્યું, જો અત્યારે તેના નિકાહમાં ચાર સ્ત્રીઓ નથીતો તેણે બીજો નિકાહ કરવો જાઈઝ છે. સ્ત્રીએ કહ્યું, **"હે જુનૈદ ! જો પુરૂષોએ સ્ત્રીઓની તરફ જોવું જાઈઝ હોત તો હું મારો ચેહરો ખોલીને તમને દેખાડતી !** જેથી તમે મને જોઈને કહેત કે જેના નિકાહમાં મારા જેવી ખૂબસૂરતી સ્ત્રી હોય તેને મારા સિવાય બીજી સ્ત્રી પ્રતિ આકર્ષિત થવું યોગ્ય છે કે નહીં ? હઝરત જુનૈદ સ્ત્રીની આ વાત સાંભળી બેહોશ થઈ ગયા. જ્યારે હોશમાં આવ્યા તો કોઈકે તેમને સબબ પૂછયો તો ફર્માવ્યું, મારા દિમાગમાં એ વખતે એવો ખયાલ આવ્યો કે હક્ક઼ તઆલા ફર્માવે છે : "જો દુનિયામાં કોઈએ મને જોવો જાઈઝ હોત તો હું મારો હિજાબ હટાવીને તેના સામે જાહેર થઈ જાત જેથી તે મને જોતે, પછી તે વખતે ખબર પડત કે જેનો મારા જેવો રબ હોય તેના દિલમાં મારા સિવાયનાની મહોબ્બત હોવી જોઈએ કે નહીં ?! *(નુઝહતુલ મજાલિસ, ૧/૪૫)*

**પ્યારા દીની ભાઈઓ તથા બહેનો !** ઉપરોક્ત હિકાયતમાં જાગૃત દિમાગ તથા ઝિંદા દિલ ધરાવનારાઓ માટે કેટલો બધો બોધપાઠનો સામાન છે. એક ચીજ તો એ છે કે પુરૂષમાં શક્તિ હોય અને પત્નીઓમાં ન્યાય કરી શકે તેમ હોય તો ચાર પત્નીઓ સુધી શાદી કરી શકે છે. શાદી કરીને ક઼ાયદેસર રીતે પત્નીઓ સાથે રહે અને તેમના તથા બાળકોના હક્ક઼ો અદા કરતો રહે. એવું નહીં કે આજની યૂરોપ તથા અમેરિકાની પ્રજા જેમ જાનવરો જેમ શાદી વિના પુરૂષો અનેક સ્ત્રીઓ સાથે અને સ્ત્રીઓ અનેક પુરૂષો સાથે વ્યભિચાર કરે અને પેદા થતી હરામની અવલાદને નિરાધાર અનાથાશ્રમોમાં પહોંચાડી આપે !

બીજું કે નેક બાઅખ્લાક઼ સ્ત્રીઓ પહેલેથી પર્દામાં રહેનારી હતી. પર પુરૂષ (નામહરમ) સમક્ષ જવાનું થાય તો મોઢું ઢાંકીને નકાબ રાખી જતી હતી, આ તેમના ઈસ્લામી સંસ્કાર હતા. **આજે બેપર્દગી તો એવી આમ છે કે જાણે ઈસ્લામમાં પર્દાની ફર્ઝિયત ઉઠી ગઈ હોય !** અને બેપર્દગી તો બેપર્દગી બલ્કે માથે ન ઓઢણી હોય છે, કપડાં તેણી તરફ ન જોવાય તેવાં હોય છે ! વાળો ખુલ્લા, લતો ચહેરે લહેરાતી અને છતાં શરમનો અણસાર પણ તેણીઓના મોઢા પર નથી આવતો ! (ઈલ્લામાશાઅલ્લાહ !) પુરૂષો લજાય મરે એવી ફેશન સાથે ગમે ત્યાં આગળ થઈ જાય છે.

વળી જાણવા મળ્યું કે પીર બુઝુર્ગોનો તરીક઼ો હતો કે ગમે તે મુસીબતની માર્યી કોઈ સ્ત્રી આવે તો પણ તેણીની હિંમત ન થતી કે પર્દો હટાવે ! આજે તો કહેવાતા પીરો ને કહેવાતા બુઝુર્ગો એવા પણ છે કે સ્ત્રીઓને બેધડક બેપર્દા મળે છે ! બલ્કે કેટલા તો પર્દો કર્યો હોય તેને કહે છે કે, "તુમ તો મેરી બેટી હો ! પર્દા નિકાલ દો !" આ છે આજની ગુમરાહી !

તો આ પ્રસંગ પરથી બહેનો સબક઼ લે કે ગમે તેવી મુસીબત આવે તો પણ હાય વોય ન કરે અને ઓઢણી ન ફેંકી દે, પર્દો ન કાઢે બલ્કે સબ્રથી કામ લે અને શરીઅતની પાબંદ રહે. તથા પુરૂષો પણ સ્ત્રીઓને આ અદબ પર અમલ કરવા તાકીદ કરે.

બીજું કે મુસલમાનોએ જોઈએ પોતાનું ધ્યાન હમેશાં પોતાના રબની પ્રતિ કેન્દ્રિત રાખે, હમેશાં તેની જ મહોબ્બતમાં રહે, તેનાં ફર્માનોનો, તેના મહબૂબ ﷺના આદેશોનો હરદમ ખ્યાલ રાખે. કોઈપણ કામ કરે તો પોતાના રબને યાદ કરે અને તેનો શું હુકમ એ બાબતે છે તેને વિચારે, તેના મહબૂબ ﷺનું શું ફર્માન છે એ સોચે પછી જ આગળ ક઼દમ ભરે. રબ તઆલાનો ડર દિલમાં હમેશાં રાખે, કુર્આન–હદીષના આદેશોને નજરો સમક્ષ રાખે અને બુઝુર્ગોને દીનના નક઼્શે ક઼દમ પર ચાલે તો જરૂર દરેક કામમાં કામયાબ રહેશે અને જીવન પણ ખુશ્નુમા રહેશે અને આખેરત પણ નૂરાની રહેશે. (ઈન્શાઅલ્લાહ !)

# યુ.કે.માં ૧૪મો વાર્ષિક સુન્ની ઈજતેમા યોજાયો

કાર્યવાહ

મુસલમાનોના અકીદાની પુખ્તગી તથા અમલી ઈસ્લાહ માટે આલમી તેહરીક "સુન્ની દા'વતે ઈસ્લામી"નો ત્રણ દિવસીય સાલાના સુન્ની ઈજતેમા પ્રેસ્ટન નૂર મસ્જિદ, નૂર હોલ ખાતે ખૂબ શાનો શૌકત સાથે યોજાયો. તા. ૨૨–૫–૦૯ના રોજ જુમ્આ બાદથી ઔરતોનો ઈજતેમા યોજાયો જેમાં પ્રેસ્ટન ઉપરાંત લંડન, બોલ્ટન, લેસ્ટર, માંચેસ્ટર, બ્લેકબર્ન, બર્મિંગહામ....વગેરે શહેરોમાંથી બહેનો દીની ઈજતેમામાં હાજરી આપી કાંઈક દીન શીખવાના હેતુથી મોટી સંખ્યામાં ઉમટી પડી હતી. કુર્આનની તિલાવત મૌલાના હુસૈન ઈબ્ને મૌલાના ઈકબાલ વોરાસમનીવાળાએ કરી તથા ટ્રાન્સલેશન મુબલ્લિગ મુહમ્મદ અકીલ સાહબે પેશ કર્યું. હાફેઝ ફૈસલ દયાદરવીએ નઅતે પાક પોતાના અનોખા અંદાજમાં પેશ કરી, ત્યારબાદ મૌલાના હુસૈન, મુબલ્લિગ મુહમ્મદ અકીલ, મૌલાના યૂનુસ મિસ્બાહી, આરિફ પટેલ મુબલ્લિગ વગેરેએ સમાજની ઈસ્લાહમાં બહેનોના રોલ સંબંધે, ઈસ્લામ માટે સ્ત્રીઓની કુર્બાનીઓ સંબંધે ઈમાન અફરોઝ બયાનો કર્યા, સવાલો જવાબનો સેશન પણ ચાલ્યો હતો. નિઝામતની દોરી અલ્હાજ કારી રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પોતાની આગવી અદામાં સંભાળી હતી. તેમણે ઝિક્રો, દુરૂદની ફઝીલત, ઈસ્લાહની સાથોસાથ નઅતોના ગુલદસ્તા પેશ કરી રૂહાની ખૂશ્બુ ફેલાવી હતી. છેવટે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂર રઝવીએ હૃદયદ્રાવક બયાન કર્યું હતું. ઝિક્ર, દુઆ, સલાતો સલામ બાદ ઔરતોનો ઈજતેમા કામયાબ રીતે પૂર્ણ થયો.

બીજા અને ત્રીજા દિવસે તા. ૨૩ અને ૨૪ શનિ–રવિ મર્દોનો ઈજતેમા પણ ખૂબ જ ભવ્યતાથી યોજાયો. જેમાં મૌલાના યૂનુસે અલ્લાહ વ રસૂલના હુકમોને તાબે થવા સંબંધે બયાન કર્યું હતું તેમજ મૌલાના મુફતી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર), મુબલ્લિગ મુહમ્મદ અકીલ (બ્લેકબર્ન), હાફિઝ મુહમ્મદ હુસૈન દાઉદ, હઝરત મુફતી અન્સારુલ કાદરી (હેલીફેક્સ), મૌલાના મુહમ્મદ કલીમ ઈબ્ને મૌલાના ઈકબાલ (બોલ્ટન), મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી, મૌલાના હાફેઝ ફૈસલ દયાદરવી (પ્રેસ્ટન), અલ્લામા કમરુઝ્ઝમાં આ'ઝમી (સેક્રે. વર્લ્ડ ઈસ્લામિક મિશન) તેમજ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર રઝવી નૂરી વગેરેએ વિવિધ ઈસ્લામી દીની વિષયોએ ઈમાન અફરોઝ બયાનો કર્યા, સલાતો સલામ દુઆ પર બયાનનો ક્રમ શનિવારનો પૂર્ણ થયો.

હઝરત અલ્લામા શેખ મુનવ્વર અતીક સાહબ (બર્મિંગહામ), મુફતી અન્સારુલ કાદરી, મૌલાના ખાલિદ (લેસ્ટર), મૌલાના મુહમ્મદહુસૈન તથા વિવિધ ઉલમાનાં બયાનો થયાં. સવાલો જવાબના સેશસનમાં અવનવા દીની સવાલોના જવાબો મેળવી શ્રોતાઓએ દીની માલૂમાતમાં વધારો કર્યો. મકામી મુબલ્લિગો મુહમ્મદ ખાલિદ ઈબ્ને શફીકભાઈ અસૂર્યાવાળા (બોલ્ટન), હાફેઝ મુહમ્મદ યાસીન (પ્રેસ્ટન), હાફેઝ ફૈસલ, હાફેઝ હાશિમ વગેરેએ નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા. જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે સ્પીચની સાથોસાથ અવાર નવાર નઅતો પેશ કરી અવામને મસાઈલ, ફઝાઈલથી ફયઝયાબ કરી હતી. આરિફ પટેલે સુન્ની દા'વતે ઈસ્લામી યુથ એજ્યુ. સેન્ટર (બોલ્ટન)ની કાર્યવાહી સમજાવી યંગ જનરેશનને સુન્ની દા'વતે ઈસ્લામી સાથે જોડાવા તથા દીનની માલૂમાત માટે સેન્ટર પર પોતાની ઔલાદને મોકલવા પબ્લિકને પુરજોશ અપીલ કરી હતી. અંતમાં હઝરત અલ્લામા કમરુઝઝમાંખાં આઝમીએ માં બાપ, પડોશી તથા પતિ પત્નીના હક્કો બાબતે તેમજ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરીનાં અસરઅંગેઝ બયાનો થયાં ઝિક્ર, દુઆ, સલાતો સલામ સાથે સુન્ની ઈજતેમાની પૂર્ણાહુતિ થઈ હતી.

ઉપરોક્ત દર્શાવ્યું તે ઉપરાંત બોલ્ટનથી મૌલાના મોહસિન હવેલીવાળા, મૌલાના ઈકબાલ મિસ્બાહી, મૌલાના હનીફ સાહબ, મૌલાના ઈસ્માઈલ ખોજબલવી વગેરે, લેસ્ટરથી મૌલાના ઈકબાલ માંગરોલવી, હાફેઝ સલીમ દયાદરવી તેમજ બ્લેકબર્નથી મૌલાના ખૈરૂદ્દીન રઝવી, મૌલાના સલીમ ટંકારીબંદરવાળા, હાફેઝ મેહબૂબ સરનારવી, મૌલાના શફી નબીપુરી તેમજ મુબલ્લિગોના કાફલા તથા સુન્ની અવામે વિવિધ શહેરોએથી ઈજતેમામાં હાજરી આપી હતી.

# બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

### ★ જામિઆ અશ્રફિયા મુબારકપુરમાં દસ્તારબંદી ★

જામિઆ અશ્રફિયા–મુબારકપુર ખાતે ઉર્સે હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના દિવસોમાં તા. ૨૫–૫–૦૯ તથા ૨૬–૫–૦૯ના શાનદાર પ્રોગ્રામ થયો, જેમાં અઝીઝે મિલ્લત, સરબરાહે આ'લા, હઝરત મૌલાના અબ્દુલ અઝીઝ સાહબની સદારતમાં તથા જામિઆના પ્રિન્સીપાલ હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી, સીરાજુલ ફુક્હા, મુહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન મિસ્બાહી, હઝરત મુફતી નસીમ અહમદ, મૌલાના સદરુલ વરા, મૌલાના નફીસ અહમદ મિસ્બાહી, મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી (તંત્રી : અશ્રફિયા), મૌલાના અબ્દુલ હક્ક સાહબ તથા સ્થાનિક તેમજ બહારના ટોચના ઉલમા, શોઅરા તથા ચિંતકો તશરીફ લાવ્યા હતા અને નૂરાની ઈલ્મી બયાનો થયાં હતાં. પ્રથમ દિવસે મુફતી નિઝામુદ્દીન સાહબની લખેલ વિવિધ તેહકીકી સાતેક કિતાબોનો રસ્મે ઈજરા થયો, મૌલાના મુબારક હુસૈન મિસ્બાહીની એક કિતાબ 'શહરે ખામોશાં કી દાસ્તાન'નો પણ રસ્મે ઈજરા થયો હતો. બીજે દિવસે રાબેતા મુજબ શાનદાર પ્રોગ્રામ થયો છેવટે કુલ શરીફ દુઆ બાદ ૧૮૯–ફાઝિલ, ૫–મુફતી, ૩૨–હાફિઝ, ૫–તકાબુલે અદયાન, ૪–મુદર્રિસ તદરીસ ટ્રેનિંગ, ૯૭–કારી (કુલ ૩૩૭ તલ્બા)ની દસ્તારબંદી કરવામાં આવી. ગુજરાતના ફારિગ થનાર બે આલિમો ૧. મૌલાના મુહમ્મદહારૂન મિસ્બાહી (વો. સમની) ૨. મૌલાના મુહમ્મદ ઐયૂબ મિસ્બાહી (ખોજબલ) તથા અન્ય ૪ ગુજરાતી તલબાને કારીની સનદ આપવામાં આવી. આ પ્રસંગે પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક) તેમજ જનાબ હાફિઝ અબ્દુર્રહીમ ભોલાવવાળા, કારી મકસૂદ બાકરોલીવાલા, મૌલાના ઈમ્ત્યાઝ દહેગામી, મૌલાના સૈયદ ઉષ્માન દહેગામી, ઈબ્રાહીમભાઈ ખત્રી ઉમલ્લાવાળા, માસ્તર સાહબ ખોજબલવાળાએ હાજર રહી સૌને મુબારકબાદ આપી હતી. બરકાતી હોસ્ટેલ રૂમ નં. ૧૩માં એક પ્રોગ્રામ રાખવામાં આવ્યો. જેમાં લેખ હરીફાઈમાં નંબર લાવનારાઓને ઈનામો વિતરણ કરવામાં આવ્યા ત્યાં શબ્બીર પટેલ તથા માસ્તર સાહબ ખોજબલવાળાએ ગુજરાતી તલબાને તેમની ઈલ્મે દીન પ્રતિની સક્રિય એક્ટિવિટીઓને બિરદાવી સુન્નિયતની ખિદમત માટે ઈલ્મે દીનથી સજ્જ થઈ કલમી રીતે, ઝબાની રીતે ખિદમત કરી ગુજરાતમાં સુન્નિયતને મજબૂત કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

### ★ દયાદરામાં જશ્ને દસ્તારે ફઝીલત ★

"દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા"નો શાનદાર જલ્સો તા. ૨૩–૪–૨૦૦૯ના રોજ હઝરત સૈયદ યહ્યા હસનમિયાં નૂરી બરકાતી (સજ્જાદાનશીન દરગાહ મારહરા શરીફ)ની સદારતમાં હઝરત મૌલાના સૈયદ નૂરાનીમિયાં દયાદરવી તથા હઝરત સૈયદ ફરીદમિયાં (સાહબઝાદગાને હઝરત બડા સાહબ દયાદરવી) વગેરે સાદાત તથા ઉલમાની હાજરીમાં થયો જેમાં બુલબુલે ખુશગુલુ જનાબ બયતુલ્લાહ મીનાઈ લખનવીએ નઅતો–મન્કબતો પેશ કરી મજમાને ઝુમાવી દીધો હતો તથા હઝરત અલ્લામા મુફતી ઈરફાન અશરફી નૂરી કાનપૂરી સાહબે નૂરાની બયાન કર્યું હતું. જેમાં ૧૧–આલિમ ફાઝિલ, ૧૧–હાફિઝ, ૧૧–કારી તથા ઈમામોને દસ્તર તથા સનદથી નવાજવામાં આવ્યા.

*–રજૂ. અલ્હાજ અલીભાઈ ઘંટીવાળા (નાઝિમે આ'લા)*

### ★ શાદી મુબારક ★

**પોરબંદર** : હાજી સુલેમાન સિદીક કુરૈશીના નેક ફરઝંદની શાદી સુલેમાન હાજી હસન રાઠોડની નેક દુખ્તર શહેનાઝબાનુ સાથે તા. ૧૧–૬–૨૦૦૯ના રોજ રાખવામાં આવી.

**ધ્રોલ** : તા. ૪–૬–૨૦૦૯ (૧૦–જમા. આખર, હિ.સ. ૧૪૩૦) જુમેરાતે સવારે દસ વાગે મસ્જિદે નૂરી, દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફા રઝા (ધ્રોલ) મુકામે જનાબ હાફેઝ આદમ રઝવી વોરાસમનીવાળાની નેક દુખ્તર હજીયાણી સુમૈયાબાનુના નિકાહ હાફિઝ મુહમ્મદ તાહિર (S/o. મો. વલીભાઈ ઉગરાદાર કોલવણાવાળા)ના સાથે રાખવામાં આવ્યા. તેમજ ધ્રોલ દારુલ ઉલૂમના નાઝિમે આ'લા જનાબ ઉષ્માનગની બાપુ (તંત્રી : યાદે કર્બલા માસિક)ની નેક દુખ્તર હજીયાણી નફીસાબાનુના નિકાહ મુહમ્મદ અસ્ગરઅલી (S/o. નૂર મુહમ્મદ કાત્યાર ગાંધીધામવાળા) સાથે એ જ દિવસે રાખવામાં આવ્યા. તા. ૩–૬–૨૦૦૯ની રાત્રે મેહફિલે નઅત (મર્દો માટે) રાખવામાં આવી જેમાં બુલબુલે સૌરાષ્ટ્ર જનાબ ફારૂક દલ્લુ સાહેબે (ગોંડલ) નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા. અને એ જ રાત્રે બહેનો માટે બયાનની મેહફિલ રાખવામાં આવી હતી. જેમાં સલમા આપા (મુંબઈ)એ બયાન કર્યું હતું.

**ધોલ** : જનાબ મુહમ્મદયાસીન હાજી મુહમ્મદ નાગાણીના નૂર ચશ્મ નેક ફરઝંદ મુહમ્મદ મોહસિનની શાદી ફઝીલાબાનુ (D/o. જનાબ હાજી મુહમ્મદબીશર હાજી દાઊદ ટકી ધોલવાળા) સાથે રવિવાર તા. ૧૦–૫–૨૦૦૯ના રોજ રાખવામાં આવી.

### ★ બેહતરીન હજ્જ પેકેજ મંગાવો ★

નીચેના સરનામેથી હજ્જની જાણકારી માટે બે VCD (હજ્જ ટ્રેનિંગ–ગુજરાતી તથા હજ્જ સફર–ઉર્દૂમાં) ★ બેહતરીન હજ્જ કિતાબ (પોકેટ સાઈઝ જેમાં હજ્જ તથા ઝિયારતે મદીના વિશે માહિતી છે) ★ બેહતરીન હજ્જ (નાની કિતાબ), બેહતરીન દુઆએં તથા ઉમરા (નાની કિતાબ) ★ હજ્જના પાંચ દિવસોનું રંગીન પોસ્ટર ★ અગત્યની ધ્યાનમાં રાખવા જેવી બાબતો (પેમ્ફલેટ) ★ બયતુલ્લાહ શરીફનો નક્શો. આ ચીજો રૂા. ૬૦/– મની ઓર્ડર કરીને નીચેના સરનામેથી મંગાવો :–

હાજી ખાદિમ હુસૈન યુ. મન્સૂરી, પ્લોટ નં. ૮૬૮/૧, સેકટર નં. ૨–સી, ગાંધીનગર–૩૮૨ ૦૦૭, ફોન : ૦૭૯–૨૩૨૨૭૮૬૮, મો. ૯૮૨૪૨ ૨૭૮૬૮

### ★ ૫ રૂા.ની ટિકિટ મોકલી કિતાબ મંગાવો ★

**ઈલ્મે દીન (ભાગ : ૪)** : ૬૦ પેજીસની આ કિતાબમાં શહીદો, અવલિયા, મુજાહિદોનો ઈતિહાસ વગેરે દીની લેખો વિવિધ માસિકોના જમા કર્યા છે જે આપના ઈલ્મમાં વધારો કરશે. તેમજ ★ ગુજરાતી લિપિમાં યાસીન શરીફ પણ મળે છે. (જો કે અરબી ઉચ્ચાર ગુજરાતી પરથી વાંચી સહીહ પઢવું મુશ્કેલ છે માટે અરબીમાંથી પઢવું બેહતર રહેશે)

સરનામુ : ગરીબ નવાઝ કમિટી, ઠે. રેલ્વે કોલોની ક્વાટર્સ, નં. ૯૧–ડી, મુા.પો. હાપા, જિ. જામનગર–૩૬૧ ૧૨૦ (મો. ૯૩૨૮૦ ૮૮૩૭૮)

**બાલાસિનોર** : થી જનાબ ગનીમત બાલાસિનોરી સાહબ (ગ્રાહક નં. ૨૫૮૭) જણાવે છે કે આપ ૧–૫–૨૦૦૯ થી ૨૨–૫–૨૦૦૯ દરમ્યાન મક્કા–મદીના શરીફૈનમાં ઉમરા કરી આવી ગયા. ૧૯૮૯માં એમણે હજ્જની સઆદત હાંસલ કરી હતી ફરી હુકમ થતાં ઉમરાની નેકબખ્તી મળી. એમણે સફરે ઉમરાના વિષયથી એક નઅત શરીફ પણ મોકલી છે. (જનાબ 'ગનીમત' સાહબને અમારા તરફથી ઉમરા તથા ઝિયારતે રોઝાએ રસૂલ ﷺની નેકબખ્તી પર મુબારકબાદ ! રબ તઆલા તેના હબીબે પાક ﷺના સદકામાં આપણને વારંવાર એ પાક દરોની હાજરી નસીબ કરે. (આમીન) –*તંત્રી*

**દયાદરા** : હવેલીવાળા ફેમેલી તરફથી મર્હૂમ વલીભાઈ ધનિયાવીવાળા (ઈન્તેકાલ ૨૦–૫–૨૦૦૯, બુધવાર, જાંબિયા)ના તથા હવેલીવાળા ફેમેલીના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે બીરપુર શરીફ–કસ્બા મસ્જિદના બાંધકામ માટે રૂા. ૩,૭૬,૦૦૦ આપ્યા છે તેમજ જનાબ હાજી ઈબ્રાહીમ હવેલીવાલા તરફથી પણ રૂા. ૧,૨૨,૦૦૦ ખુર્શિદપાર્ક મસ્જિદના કામ અર્થે આપ્યા છે, સૌને દુઆની અપીલ છે. (મૌલા તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદકામાં આ નેકીઓ કબૂલ કરે અને મર્હૂમ મો'મિનોની મગફેરત ફર્માવે. આમીન–*તંત્રી*)

**વાસણા** : (તા. સંખેડા) હાજી બાબુભાઈ ઉમરભાઈ તરફથી તેમના નાના પુત્રને ત્યાં તા. ૧૮–૨–૨૦૦૯ના રોજ બાબાનો જન્મ થતાં સાતમા દિવસે અકીકો કર્યો અને "મુહમ્મદફુર્કાન" નામ રાખ્યું એની ખુશીમાં **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ**ને રૂા. ૧૦૦ ઈમદાદ મોકલી છે. મુબારકબાદ ! રબ તઆલા તેના હબીબે કરીમ ﷺના સદકામાં "મુહમ્મદ ફુર્કાન"ને બંને જહાનમાં આબાદ રાખે તથા કુટુંબીજનોને બરકતોથી નવાઝે. (આમીન) –*તંત્રી*

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

ભરૂચ મુકામે બીજલી નગર ખાતે મૂળ દયાદરા ગામના વતની જનાબ અબ્દુલખાલિક વલી માસ્તર કુંડીવાળાનો ઈન્તેકાલ તા. ૫–૫–૨૦૦૯ થયો છે જેમની દફનવિધિ ભરૂચ નન્નુમિયાં સાહેબના કબ્રસ્તાનમાં કરવામાં આવી. મર્હૂમ ઘણા સેવાભાવી માણસ હતા. સબજેલ ગ્રાઉન્ડ ખાતે દર વર્ષે થતા "સુન્ની દા'વતે ઈસ્લામી"ના સુન્ની ઈજતેમામાં આપનો ભરપુર સાથ સહકાર રહેતો હતો. મૌલાના તઆલા મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા ફર્માવે તથા કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) –*તંત્રી* (દા.ઉ. બરકાતે ખ્વાજા–આમોદમાં કુર્આનખ્વાની કરી દુઆએ મગફેરત કરવામાં આવી હતી.)

### ★ લેખ હરીફાઈ ★

વિષય : **"નમાઝ બાજમાઅતનું મહત્વ અને આપણે"** આ વિષયે તા. ૧૦–૭–૨૦૦૯ સુધીમાં સ્કૂલ, કોલેજ, મદ્રસા, દારુલ ઉલૂમના વિદ્યાર્થી/તલબા લેખ મોકલી આપે એવી વિનંતિ. –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# ડો. મેહબૂબ દેસાઈની સ્પષ્ટતા રદબાતલ !

-કાર્યાલય

ડો. મેહબૂબ દેસાઈ થકી (તા. ૬–૪–૦૯) દિવ્ય ભાસ્કરના લેખ "મહાવીર મહંમદ તુલના" નો ભરપૂર વિરોધ **બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા** તથા **આમીન (માસિક) અમદાવાદ** થકી થતાં તા. ૧૫–૬–૦૯ ના દિવ્ય ભાસ્કરમાં તેમણે સ્પષ્ટતા રજૂ કરી અંતે માફી ચાહી છે પણ એ સ્વીકાર્ય નથી. કેમ કે ડો. દેસાઈએ દિવ્ય ભાસ્કર દૈનિક તા. ૬–૪–૦૯ માં "રાહે રોશન" નામી કોલમમાં **"પયગંબરે આઝમ" નબી કરીમ ﷺની સરખામણી (તુલના) "મહાવીર સ્વામી" કે જે પોતે ઈસ્લામી વર્તુળથી બહાર છે તેમની સાથે કરી એ જ નબી ﷺની તૌહીન છે.** જેથી તા. ૧૫–૬–૦૯ ના દિવ્ય ભાસ્કર દૈનિકમાં તેમનો આપેલ ખુલાસો (સ્પષ્ટતા) કે **"મહાવીર સ્વામી સાથેની તુલના પણ મહંમદ સાહેબ (ﷺ)ની શ્રેષ્ઠતાને ઉભારવાના ઉદ્દેશથી જ કરેલ છે."** એ રદબાતલ ગણાશે. કારણ કે પ્રથમ તો એ કે કોની તુલના કોની સાથે થઈ શકે એ સમજવું જરૂરી છે. બીજું કે શ્રેષ્ઠની તુલના અન્ય સાથે કરવામાં આવે અને તેમાં તુલનાની સર્વ વાતોમાં બંનેની સરખામણીમાં સમાનતા દર્શાવવામાં આવે તો એ પુરવાર કરે છે કે બંનેવ ખૂબીઓમાં સરખા છે. જેવો આ તેવો તે ! હા ! તુલનામાં શ્રેષ્ઠનું વર્ણન ખૂબીઓમાં અન્ય કરતાં વિશેષ દર્શાવાય તો કહી શકાય કે "પયગંબરની શ્રેષ્ઠતા ઉભારવાના ઉદ્દેશથી જ કરેલ છે." પણ 'રાહે રોશન' ૬–૪–૦૯ ના દિવ્યભાસ્કરના લેખમાં એ પ્રમાણે નથી બલ્કે સામ્યતા જ દર્શાવી છે તેને ડો. દેસાઈ ખૂદ જોઈ લે.

## ★ શ્રેષ્ઠતા દર્શાવવાની તુલના કોને કહેવાશે ? ★

સાંભળો ! એક મુસલમાને તો સમજવું જોઈએ કે સર્વ માનવોમાં સામાન્ય ઈમાનવાળાનો દરજો શ્રેષ્ઠ છે કે તે શિર્ક નથી કરતો અને અલ્લાહને એક માને છે, નબી કરીમ ﷺને તેના રસૂલ માને છે, તેમની તાઝીમ કરે છે અને જરૂરિયાતે દીનને સ્વીકારનાર છે. મુસલમાનોમાં શ્રેષ્ઠ "વલી" જે ખૂબ જ શરીઅતનો પાબંદ તથા ખુદાથી ડરનારો છે. વલીઓમાં કુતુબ, અબ્દાલ, અવતાદ, ગૌષ વગેરે દરજા તેમના તક્વા (ખુદાના ડર) તથા ઈબાદતમાં અધિક્તાના હિસાબે ચઢતા જાય છે. ગૌષ પછી ગૌષે આ'ઝમ પછી સહાબીઓ અને સહાબીઓમાં ખુલફાએ રાશિદીન, તેમાં સૌથી શ્રેષ્ઠ સિદ્દીકે અકબર رضی اللہ عنہ છે જે ઉમ્મતીઓમાં સૌથી શ્રેષ્ઠ છે. ત્યાર બાદ અંબિયા (નબીઓ, પયગંબરો) અને પયગંબરોમાં "ખલીલ" શ્રેષ્ઠ અને છેવટે "મહબૂબ" આપણા નબી મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ સર્વ શ્રેષ્ઠ છે. અલ્લાહે પૂરી સૃષ્ટિમાં શ્રેષ્ઠ મુહમ્મદ ﷺને બનાવ્યા. આ કુર્આન હદીષથી સાબિત છે.

તેમની સરખામણી અન્ય ઉચ્ચતા ધરાવનાર મહાન નબીઓ સાથે થઈ તો એક બુઝુર્ગે કહ્યું :–

*હુસ્ને યૂસુફ, દમે ઈસા, યદે બયઝા દારી–આં ચે ખૂબાં હમા દારંદ તૂ તન્હા દારી*

એટલે કે, " યૂસુફ علیہ السلامની ખૂબસૂરતી, ઈસા علیہ السلامની ફૂંક કે જે મુર્દાને જીવંત કરતી, તથા મૂસા علیہ السلامનો ચમક્તો હાથ, આ સર્વ મોજિઝા (કમાલો) સર્વમાં અલગ અલગ હતા, પણ હે મેહબૂબ ! (મુહમ્મદ) ﷺ આપ તો એકલા જ સર્વ ખૂબીઓના સમૂહ છો."

આને કહે છે શ્રેષ્ઠતા દર્શાવવાના ઉદ્દેશથી થયેલ તુલના ! અને શ્રેષ્ઠ દર્શાવવાની રીત ! ડો. દેસાઈને તુલના માટે આમાંનુ કોઈ ન જણાયું ન આ તરીકો અને ઉઠયા તો નબીપાક ﷺની ગૈરોના ભગવાન સાથે તુલના કરી બેઠા !

તેમજ ડો. દેસાઈનું કથન કે "મુહમ્મદ સાહેબે ક્યારેય પોતાને 'પયગંબર' કહ્યા નથી કે ઓળખાવ્યા નથી." (દિવ્ય ભાસ્કર, તા. ૬–૪–૦૯) એના ખુલાસામાં ડો. દેસાઈ કહે છે, "મેં લખેલ વાક્ય પાછળનો આશય એટલું જ દર્શાવવાનો હતો કે હઝરત મહંમદ પયગંબર ﷺએ પોતે ક્યારેય પયગંબર હોવાનો ગર્વ, મગરૂરી કે દેખાડો કર્યો નથી." *(દિવ્ય ભાસ્કર તા. ૧૫–૬–૦૯)*

## ★ ડો. દેસાઈનો લૂલો બચાવ અસ્વીકાર્ય છે ! ★

ડો. દેસાઈની આ બનાવટ છે, કેમ કે "નબી અને ઘમંડ કરે !" એ કલ્પના પણ ન થઈ શકે, કેમ કે ઘમંડ કબીરા ગુનોહ છે, એ સમજાવવાની પબ્લિકને જરૂરત નથી. તો પછી ખોટી વાતો ચીતરીને પાછળથી આવા કૂચા ચાવવાની શું જરૂર ?! આ તો

અનુસંધાન ટાઈટલ નં. ૩ ઉપર જુઓ....

શરીઅતની પકડમાં ફસાવાથી છૂટકારા માટે આવી ગોળ ગોળ વાત કરી તે ફાંફાં મારી રહ્યા છે. એ બનાવટ અલ્લાહના શ્રેષ્ઠ પયગંબર ﷺના બારામાં ચાલશે નહીં.

*અદબ ગાહેસ્ત ઝેરે આસ્માં અઝ અર્શ નાઝુકતર–નફસ ગુમ કરદા મીં આયદ જુનૈદો બાયઝીદ ઈંજા*

જેથી ઉપરોક્ત ચોખ્ખુ વાક્ય ''મુહમ્મદ સાહબે ક્યારેય પોતાને પયગંબર કહ્યા નથી કે ઓળખાવ્યા નથી.'' એ લખાણ તદ્દન કુર્આની આયતો તથા હદીષો વિરૂધ્ધ છે જ !

હુઝૂર ﷺએ સ્વમુખે પોતાના માટે શું કહ્યું તે સાંભળો ! હિ.સ. ૮ માં જંગે હુનૈનના મૌકા પર જ્યારે મુસ્લિમો મુશ્કેલીમાં મૂકાવા લાગ્યા તો ખૂદ મુહમ્મદ ﷺએ કાફિરોને લલકારતાં કહ્યું કે, ''હું નબી (પયગંબર) છું એ જૂઠ નથી ! હું અબ્દુલમુત્તલિબનો બેટો છું !'' *(બુખારી–મુસ્લિમ બ હવાલા સીરતે મુસ્તફા – ૩૭૪)*

એ ઉપરાંત સીરતની કિતાબોમાં છે કે નબી કરીમ ﷺએ મોક઼ાસર પોતાની ખૂબી ખૂદ બયાન કરી છે તેમાં કહ્યું છે :–

૧. ''હું જ કયામતમાં હમ્દનો ઝંડો ઉઠાવનારો છું જેની નીચે આદમ علیہ السلام તથા તેમના ઉપરાંત સર્વ મખ્લૂક઼ હશે. આ વાત હું ઘમંડના રૂપે નથી કરતો.''

૨. ''હું જ આગલા પાછલાઓમાં સૌથી વિશેષ અલ્લાહની નજીક ઈજ્જતવાળો છું અને મને ઘમંડ નથી. *(તિર્મિઝી, દારમી, મિશ્કાત– ૫૧૨)*

૩. ''હું જ સૌ પ્રથમ જન્નતનો દરવાજો ખટખટાવીશ અને મારા માટે જન્નતનો દરવાજો સૌ પ્રથમ ખોલવામાં આવશે, પછી અલ્લાહ મને જન્નતમાં દાખલ કરશે અને મારી સાથે ફકીર મુસલમાનો હશે અને મને ફખ્ર નથી.

૪. હું અલ્લાહનો મહબૂબ છું, અને ફખ્રથી નથી કહેતો.... વગેરે. *(મિશ્કાત, પેજ – ૫૧૩ બ હવાલા ''શાને મુસ્તફા બઝબાને મુસ્તફા'' લેખક : મૌલાના ગુલામ હસન ક઼ાદરી, મુફ્તી દારુલ ઉલૂમ હિફ્ઝુલ અહનાફ, લાહોર, પાકિસ્તાન)*

આમ મુહમ્મદ મુસ્તફા ﷺએ ખૂદ વિના ફખ્રે પોતે સાચા પયગંબર હોવાનું તથા અન્ય મર્તબા તથા વિશિષ્ટતાઓનું જાતે એલાન કર્યું છે પછી એ વાક્ય ડો. દેસાઈનું કે, ''મુહમ્મદ સાહબે ક્યારેય પોતાને 'પયગંબર' કહ્યા નથી કે ઓળખાવ્યા નથી.'' એ કઈ રીતે સ્વીકાર્ય થશે ?

## ★ માફી લોકોથી નહીં અલ્લાહથી માંગવી ! ★

ડો. દેસાઈએ દિવ્ય ભાસ્કર, તા. ૧૫–૬–૦૯માં ઉપર મુજબ પોતાની ભૂલોનો લૂલો બચાવ કર્યા બાદ છેલ્લે લખ્યું કે, ''આમ છતાં મારા વિધાનથી કે મારા લેખથી કોઈ ગેર સમજ કે દુઃખ થતું હોય તો હું તહેદિલથી ક્ષમા ચાહું છું.

*– ડો. મેહબૂબ દેસાઈ*

તો જણાવવાનું કે તેમણે પોતાના લેખથી મુહમ્મદ મુસ્તફા ﷺની બેઅદબી કરી છે, કુર્આન–હદીષ વિરૂધ્ધ લખાણો લખીને રબ તઆલાની બેઅદબી કરી છે, જેથી ડોક્ટરેટ તથા પ્રોફેસરીનો વહેમ હોય તો તેને કાઢી નાખીને તેમની બારગાહમાં ''પ્રથમ તો પોતાની ભૂલ સ્વીકારી લે'' અને પછી તૌબા કરે, કલ્મો પઢે..... વગેરે. અને જેવો ગુનો તેવી તૌબા કરે. જાહેરમાં લખ્યું તો જાહેરમાં લખીને રબથી તૌબા કરે અને તેનું એલાન કરે તો આ બાબત પૂરતા સૌ રાજી થઈ જશે, પણ કેવળ પબ્લિકથી માફી ચાહવું નિરર્થક છે.

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

*વાડીનાર (તા. વાંકાનેર)થી હાજી હુસૈનભાઈ બેડીવાળા જણાવે છે કે એમના ત્યાં હાજી નૂર મુહમ્મદભાઈ બારીયાના ભાઈ ઈસ્હાક તેમજ તેમનાં અહેલિયા, તેમના પુત્રી તથા તેમના દોસ્ત હાજી દાઊદભાઈ હજ્જમાં જવાનું કન્ફર્મ થતાં દરબારે ખ્વાજા ગરીબ નવાઝમાં હાજરી આપવા ગયાં હતાં. તેમને રિટર્નમાં રાજકોટ હાઈવે નજીક અકસ્માત નડતાં તેઓ સર્વ અલ્લાહને પ્યારાં થઈ ગયાં છે. તથા તેમનાં પુત્રી તેમજ અન્ય માણસો ઝખ્મી થયાં છે. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમોની મગફેરત ફર્માવે અને ઝખ્મીઓને જલ્દ શિફા આપે અને સર્વનાં કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે કુર્આન ખ્વાની કરી દુઆએ મગફેરત કરવામાં આવી હતી. –તંત્રી*